## સૂર્યોદય - ૬.૩૭ સૂર્યાસ્ત - ૬.૧૭

### તિથિદર્શન
આસો વદ-૭ ગુરૂવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ આસો વદ : સાતમ ગુરૂવાર આઠમનો ક્ષય નક્ષત્રઃ આદ્રા સવારે ૮.૫૭ પછી પુનર્વસુ યોગ :શીવ કરણ:બાલવ આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક.છ.ઘ.) રાત્રે ૨.૦૩ પછી કર્ક (ડ.હ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

### ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

**યાવત્સ્વસ્થામિદં, શરીર મરુંજ યાવજ્જસ દૂરતો યાવચ્ચે ન્દ્રયશક્તિર પ્રતિહતા યાવત્ક્ષયો નાયુષઃ**

આત્મશ્રેયસિ તાવદેવ વિદુષા કાર્ય પ્રયત્નો મહાન સંદીપ્તે ભવને તુ કૂપ ખનંન પ્રત્યુધમઃ કીદશઃ પાણી પહેલાં પાળ બાંધો, આગ લાગે ત્યારે કૂવો ખોદવાનો શું અર્થ? આ સાર સમજાવતો આ શ્લોક સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ'નો છે.

'જ્યાં સુધી પોતાનું શરીર નિરોગી છે (શરીર સંપૂર્ણપણે તમારા મન અને ઈચ્છાઓને સાથ આપી શકે એવું તંદુરસ્ત છે.) જ્યાં સુધી વૃદ્ધાવસ્થા દૂર છે, જ્યાં સુધી ઈન્દ્રિયો શક્તિ હણાવા વિનાની છે, જ્યાં સુધી આયુષ્યનો નાશ થયો નથી અર્થાત્ યૌવન છે, શરીર અને ઈન્દ્રિયો તમારી આજ્ઞામાં છે ત્યાં સુધી સમજુ માણસે પોતાના કલ્યાણ માટે પ્રયત્નો કરી લેવા જોઈએ, કારણ કે ઘર સળગ્યા પછી કૂવો ખોદવા બેસવું એના જેવો વિપરીત ઉધમ બીજો કયો હોઈ શકે?'

આપણા શરીરને રોગ ઘેરી લે છે પછી જ આપણે બચાવના પ્રયત્ન કરીએ છીએ. જેમ આતંકી હુમલામાં નિર્દોષના મૃત્યુ પછી સરકાર 'એલર્ટ' જાહેર કરે, પહેલાંથી 'એલર્ટ' કેમ નથી રહેતા!

યુવાનીમાં જ ખાવા- પીવા અને નિયમિતતા તથા શરીર પર ધ્યાન રાખી જાગૃત રહ્યા હોઈએ તો પછી લેબોરેટરી- ડૉક્ટર - દવા અને ચરીના કૂવા ખોદવાની જરૂર ન પડે! શરીર સાધના અને સફળતાનું સાધન છે, એને સાચવવા જાગૃત રહેવું.

### આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) વ્યર્થ દોડા-દોડી રહે. આવકમાં મંદીનો અનુભવ થાય.**
**વૃષભ : (બ.વ.ઉ.)આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. મુસાફરીથી લાભ થાય.**
**મિથુન : (ક.છ.ઘ.) વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે. નવા કાર્યમાં સફળતા મળે.**
**કર્ક : (ડ.હ.) નવિન શુભ સમાચાર મળે. આવક-જાવક સરભર રહે.**
**સિંહ : (મ.ટ.) સરકારી કાર્યોમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.**
**કન્યા : (પ.ઠ.ણ.) માન-સન્માનમાં વધારો થાય. આવકમાં વૃદ્ધિ થાય.**
**તુલા : (ર.ત.) અટકેલા કાર્યોમાં પ્રગતી થાય. સ્વભાવ તેજ રહે.**
**વૃશ્ચિક :(ન.ય.) કાર્યબોજ વિશેષ રહે. જીવનસાથી દ્વારા લાભ થાય.**
**ધન : (ભ.ફ.ધ.) માંગલિક કાર્યમાં સફળતા મળે. આવકનો નવો માર્ગ ખૂલે.**
**મકર : (ખ.જ.) શેર-સટ્ટાથી દૂર રહેવું. વાણીસંયમ જાળવવો હિતાવહ.**
**કુંભ : (ગ.શ.સ.) અટકી-અટકીને કાર્યો સફળ બને. નાણાંભીડ દૂર થાય.**
**મીન : (દ.ચ.જ.થ.) કાર્યબોજ વિશેષ રહે. મહેનત પ્રમાણે ફળ ન મળે.**

### આજનો દિન મહાન
- યશવંત કડીકર

હિંદની સ્વતંત્રતાની લડાઈના અગ્રણી સમાજવાદી પક્ષોના સ્થાપક પ્રણેતા, ધારદાર વકતૃત્વ ધરાવતા પ્રભાવશાળી પાર્લામેન્ટેરિયન ડૉ.રામમનોહર લોહિયાની પુણ્યતિથિ છે.

એમનો જન્મ તા. ૨૩-૩-૧૯૧૦ ના રોજ ઉત્તર પ્રદેશના ફૈઝાબાદ જીલ્લામાં અકબરપુરામાં થયો હતો.

તા. ૧૨-૧૦-૧૯૬૭ ના રોજ એમનું અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## નિફ્ટી ફ્યુચર ૯૯૦૯ પોઈન્ટ મહત્વની સપાટી...!!!

**તા ૧૧.૧૦.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ (૯૯૮૧) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૯૯૩૦ પોઈન્ટના પ્રથમ અને ૧૦૦૦૭ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૦૦૦૭ પોઈન્ટ થી ૧૦૦૧૭ પોઈન્ટ, ૧૦૦૩૩ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૯૯૦૯ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) ડો huœe (૨૩૭૬) :- ફાર્મા ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૨૩૬૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૨૩૪૪ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૨૪૦૪ થી રૂ.૨૪૧૭ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૨૪૧૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**૨) HDFC લિમિટેડ (૧૭૫૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૭૩૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૭૧૯ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૭૬૭ થી રૂ.૧૭૭૫ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**૩) મહેન્દ્રા & મહેન્દ્રા (૧૩૨૦) :- રૂ.૧૩૦૯ પ્રથમ તેમજ રૂ.૧૨૯૦ ના બીજા સપોર્ટથી ઓટો સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૩૪૧ થી રૂ.૧૩૫૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**૪) કોટક બેન્ક (૧૦૪૨) :- બેન્ક સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૧૦૬૧ થી રૂ.૧૦૭૭ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૧૦૧૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**૫) ટેક મહેન્દ્રા (૪૬૬) :- રૂ.૫ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૪૫૧ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ટેકનોલોજી સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૪૮૧ થી રૂ.૪૮૮ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

## મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) ACC લિમિટેડ (૧૭૧૮) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સિમેન્ટ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૭૩૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૭૦૩ થી રૂ.૧૬૯૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૭૪૧ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**૨) સેન્ચુરી ટેક્ષટાઇલ (૧૨૭૯) :- રૂ.૧૨૮૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૨૯૭ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૨૬૧ થી રૂ.૧૨૪૪ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૩૦૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**૩) લ્યુપિન લિમિટેડ (૧૦૪૫) :- ફાર્મા સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૦૭૭ ના સ્ટોપલોસથી વેચાણ લાયક...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૧૦૨૩ થી રૂ.૧૦૧૭ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**૪) બાટા ઇન્ડિયા (૭૬૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફૂટવેર સેક્ટરનો આ સ્ટોક રૂ.૭૮૧ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૭૩૭ થી રૂ.૭૨૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૭૯૦ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**૫) રિલાયન્સ કેપિટલ (૫૪૦) :- રૂ.૫૬૧ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૭૩ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૫૧૭ થી રૂ.૫૦૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૫૭૮ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

## સિધ્ધપુરમાં ગૌરવયાત્રામાં મુખ્યમંત્રી રૂપાણીની ઉપસ્થિતિમાં હજારો કોંગ્રેસ કાર્યકરો, હોદેદારો ભાજપમાં જોડાયા



### તાલુકા પંચાયત અને નગરપાલિકામાં ભાજપે સતા હસ્તગત કરી

સિધ્ધપુર

ભારતીય જનતા પક્ષની વિકાસની ગાથા ગાતી ગૌરવયાત્રા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાબય મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ, જયશ્રીબેન પટેલ, લીલાધરભાઈ વાઘેલા, ગોરધનભાઈ ઝડફીયા, કે.સી.પટેલ, નારાયણભાઈ પટેલ, નંદાજી ઠાકોર વિગેરે આગેવાનો સાથે ગતરોજ સિધ્ધપુરમાં આવી પહોંચતા પૂર્વ મંત્રી જયનારાયણભાઈ વ્યાસે સ્વાગત કર્યુ હતું. આ દરમ્યાન સિધ્ધપુરના પૂર્વ ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતના સમર્થનમાં તેમની આગેવાની હેઠળ એક હજારથી વધુ કોંગ્રેસી કાર્યકરો આવી પહોંચયા હતા. જે સર્વેનું મુખ્યમંત્રીએ સ્વાગત કરી ભાજપનો ખેસ પહેરાવી આવકાર્યા હતા. સિધ્ધપુર તાલુકા પંચાયતના પ્રમુખ વિક્રમસિંહ ઠાકોર ૧૫ સભ્યો સાથે તેમજ સિધ્ધપુર નગરપાલિકા પ્રમુખ અજીતભાઈ મારફતીયા વિકાસ પેનલ અને અપક્ષ ૧૧ તેમજ કોંગ્રેસ પક્ષના ૬ સભ્યો મળી ૧૭ સભ્યો ભાજપમાં જોડાયા હતા. આમ સિધ્ધપુર નગરપાલિકા અને તાલુકા પંચાયતમાં ભાજપે સત્તા હસ્તગત કરી હતી. આ ઉપરાંત માર્કેટયાર્ડના જશુભાઈ પટેલ સહિત ૪ ડીરેકટર, સિધ્ધપુર અને સરસ્વતી તાલુકાના ૫૦ થી વધુ સરપંચો, મોટી સંખ્યામાં આગેવાનો, એન.એસ.યુ.આઈ.ના ૫૦૦ કાર્યકરો, પ્રદેશ યુથ કોંગ્રેસ મહામંત્રી ભાવેશ રાજગુરૂ, શહેર કોંગ્રેસ પ્રમુખ જે.ડી.પટેલ કોગ્રેસમાંથી રાજીનામું આપી ભાજપમાં જોડાયા હતા. તે ઉપરાંત તાલુકા મહિલા કોંગ્રેસ પ્રમુખ અંતરબા ઠાકોર મોટી સંખ્યામાં મહિલાઓ સાથે ભાજપમાં જોડાયા હતા.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નિતીનભાઈ પટેલ તેમજ કે.સી.પટેલે બલવંતસિંહ રાજપૂતની ટીમને દુધમાં સાકર ભળી જાય તેમ ભળી જઈ રાજયના વિકાસમાં સહભાગી થવા જણાવ્યું હતું. જયારે બલવંતસિંહ રાજપુતે જણાવ્યું કે, ભાજપના શાસનમાં રાજયનો જે રીતે વિકાસ થઈ રહ્યો છે તે જોઈ હું પ્રભાવિત થયો છું. લોકસેવા કરવાનું વધુ સારૂ માધ્યમ ભાજપ હોઈ હું ભાજપમાં જોડાયો છું. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શહેર ભાજપ પ્રમુખ મનિષભાઈ આચાર્ય અને તેમની ટીમે કર્યુ હતું.

## અંકલેશ્વર-હાંસોટ વિધાનસભા સીટ માટે કોંગ્રેસના આઠથી વધુ દાવેદાર મેદાનમાં

પ્રતિનિધિ અંકલેશ્વર

વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે. સામાન્ય રીતે સમગ્ર ગુજરાતમાં ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો જંગ છે તેવું કહીએ તો ખોટું નથી. બંને પક્ષોમાં ઉમેદવારોની પસંદગીનો દોર ચાલી રહ્યો છે. તેમાં અંકલેશ્વર વિધાનસભા માટે કોંગ્રેસ તરફથી આઠ કરતાં વધુ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. આમ તો છેલ્લી ત્રણ ટર્મથી ભારતીય જનતા પક્ષ તરફથી ઈશ્વરસિંહ પટેલ સતત ચૂંટણી જીતી રહ્યા છે. તેને આ વિધાનસભા બેઠકને ભાજપનો ગઢ તરીકે પ્રસ્થાપિત કરી દીધી છે. કોંગ્રેસ માટે આ બેઠક ઘણી મહત્વની છે. આ બેઠક ઉપર કોળી પટેલ સમાજનું વર્ચસ્વ છે. તેને લઈને ખાસ કરીને છેલ્લા ઘણા સમયથી કોળી પટેલ સમાજના ઉમેદવારને પસંદ કરાય છે. આ વખતે કોંગ્રેસ તરફથી પાંચ જેટલા કોળી પટેલ સમાજના ઉમેદવારો આગળ આવ્યા છે. જેમાં સારંગપુરના તાલુકા

**અનુસંધાન પાના નં.૬**

## ધાનેરાની પ્રજાએ પુરની વિકટ સ્થિતીમાં ખુમારી બતાવી : રૂપાણી


એન.કે.મોદી

### ધાનેરામાં ગૌરવ યાત્રાનુ સ્વાગત કરાયુ

તા.પ્રતિ. ધાનેરા

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની આગેવાનીમાં નીકળેલી ગૌરવ યાત્રા ગઈકાલે સાંજે ધાનેરા ખાતે આવી પહોંચતા કળશધારી બહેનો દ્વારા ભવ્ય સ્વાગત કરાયુ હતું. જે યાત્રામાં કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરી, રાજય મંત્રી શંકરભાઈ ચૌધરી સહિત જિલ્લા તથા તાલુકા ભાજપના હોદ્દેદારો કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે યોજાયેલ સભામાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, પુરની વિકટ પરિસ્થિતિમાં ધાનેરાની પ્રજાએ ખુમારી બતાવી છે. અને સરકારને ખુબજ સારીરીતે સહકાર પુરો પાડ્યો છે. મે મારો જન્મ દિવસ પણ ધાનેરામાં ઉજવ્યો હતો. ધાનેરાની પ્રજા તરફથી મળેલ પ્રેમ અને લાગણી ક્યારે ભુલીશ નહી. જ્યારે આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરી અને રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીએ રાજય સરકાર દ્વારા થયેલ વિકાસ કામગીરીનો ચિતાર રજુ કર્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા ધાનેરા શહેર, તાલુકાના હોદ્દેદારો નગરપાલીકાના પ્રમુખ, ઉપપ્રમુખ સહિત સદસ્યો તથા કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## દિવ્યાંગોને આવાસ યોજનામાં પ્રાથમિકતા આપવાની માંગ


સંજય જોષી

બનાસ દિવ્યાંગ ચેરીટેબલ ટ્રસ્ટ, હાથીદરાના નેજા હેઠળ દિવ્યાંગ લોકોએ પાલનપુર ખાતે જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત પ્લોટો અને મકાન સહાયમાં દિવ્યાંગોને ૨૦૧૬ના દિવ્યાંગ અધિનિયમ ધારા રેન્ટ ૫ ટકા વિકાસ હેઠળ દિવ્યાંગોને પ્રથમ પ્રાથમિકતા આપવાની માંગ કરી હતી.

## બનાસકાંઠામાં બીજા દિવસે ગુજરાત ગૌરવ યાત્રાનું પરિભ્રમણ

**મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાથે રાજસ્થાનના મુખ્યમંત્રી વિજયારાજે સિંધીયા અને કેન્દ્રીય મંત્રી ઉમા ભારતીની ઉપસ્થિતિ**

ડીસા

બનાસકાંઠા જિલ્લાના ગામડા અને શહેરો ખુંદતી પ્રદેશ ભાજપ આયોજીત ગુજરાત ગૌરવ યાત્રાના બીજા દિવસે આજે યાત્રા ભીલડીથી રાધનપુર વિસ્તારને આવરી લેશે. જે યાત્રામાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાથે રાજસ્થાનના મુખ્યમંત્રી વિજયારાજે સિંધીયા અને કેન્દ્રીય મંત્રી ઉમાભારતી પણ જોડાશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશીથી ગુજરાતનો હરણફાળ વિકાસ થયો હતો. તેમણે આદરેલી વિકાસકૂચ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં બખૂબી આગળ ધપી રહી છે. ત્યારે ભાજપ દ્વારા થયેલ વિકાસ કામો લોકો સુધી પહોંચાડવા ગત ગાંધીજયંતિથી પ્રદેશ ભાજપ દ્વારા ગુજરાત ગૌરવ યાત્રા રાજયના તમામ વિધાનસભા મત વિસ્તારોમાં ફરી રહી છે.

જે યાત્રાને ગઈકાલે બુધવારે બનાસકાંઠા જિલ્લામાં પ્રવેશ થયો હતો. જે યાત્રામાં જોડાયેલા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ, કેન્દ્રીય રાજયમંત્રી હરીભાઈ ચૌધરી, પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, રાજયમંત્રી શંકરભાઈ ચૌધરી અને કેશાજી ચૌહાણનું ઠેર ઠેર ઉમળકાભેર સ્વાગત કરાયું હતું. વડગામ, પાલનપુર, દાંતીવાડા, પાંથાવાડા, ધાનેરા અને ડીસામાં યાત્રાને વ્યાપક જન સમર્થન સાંપડયું હતું. જાહેર સભાઓમાં હજારોની જનમેદની ઉમટી પડી હતી. હવે આજે બીજા દિવસે આ યાત્રા ભીલડીથી કાંકરેજ, દિયોદર, થરાદ, વાવ, ભાભર અને રાધનપુર કરશે. જે યાત્રામાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાથે રાજસ્થાનના મુખ્યમંત્રી વિજયારાજે સિંધીયા અને કેન્દ્રીય મંત્રી ઉમા ભારતી પણ જોડાનાર છે. તેથી યાત્રાને લઈ આ મત વિસ્તારના ગામોમાં ઉત્સાહની લાગણી છવાઈ છે.

## આર.એસ.એસ. અંગેની ટીપ્પણીથી રાહુલ ગાંધીની નાદાનીયત છતી થઈ : રૂપાણી

ગાંધીનગર

ગુજરાત પ્રવાસે આવેલા કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ ભાજપની માતૃ સંસ્થા આરએસએસમાં મહિલાઓ કેમ નથી ? તેવા વિવાદીત આક્ષેપનો જવાબ આપતા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી એ જણાવ્યું હતું કે સંઘની ટીપ્પણી જે કરી છે તે જોતા એવું લાગે છે કે રાહુલ ગાંધીમાં હજુ બાળક બુધ્ધિ છે અને તેમની આ ટીપ્પણીની નાદાનીયત છતી થાય છે. તેમ જણાવ્યું હતું. આરએસએસ પર કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ કરેલી ટીકા - ટીપ્પણીનો વળતો પ્રહાર કરતા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, આરએસએસ એ ભાઈઓનું સંગઠન છે અને તેનો જ અલગ અલગ પાંખોમાં બહેનોનું વિંગ હોય છે. પરંતુ રાહુલને જ્ઞાન નથી. ત્યારે કોઈ લખીને તેમને પકડાવી દે છે અને પછી તે બોલે છે. જેના કારણે રાહુલ ગાંધીની બાળક બુધ્ધિ છતી જાય છે. તેમણે કરેલા વિધાનોથી હિંદુ સંસ્કૃતિમાં નારી જાતિનું અપમાન થયું છે. પરંતુ આ તેમનો વાંક નથી. તેમનામાં વિદેશી માનસિકતા હોવાના કારણે તે નાદાનીયતથી આવા મુદ્દે વાત કરે છે.

**અનુસંધાન પાના નં.૬**

## ગ્રાન્ટના અભાવે વડગામ તા.ના શિક્ષકો પગારથી વંચિત

તા.પ્રતિ. વડગામ

વડગામ તાલુકાના ૧૧૦ ગામની ૧૪૨ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકોનો ગ્રાન્ટના અભાવે પગારમાં વિલંબ થતાં દિવાળી બગડે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે આ અંગે તાલુકા પ્રાથમિક ઘટક શિક્ષક સંઘ પ્રમુખ વાલુભાઈ આર.ચૌધરી (નાંદોત્રા), ઉચ્ચકક્ષાએ રજુઆત કરી છે.

મહામંત્રી ભિખાભાઈ એ.પુરબિયા સહિત શિક્ષક અગ્રણીઓએ આક્રોશ વ્યક્ત કર્યો છે. વડગામ તાલુકાના શિક્ષકોનો કુલ રૂા.૫.૨૨ કરોડ પગાર થાય છે. જેમાં ફક્ત રૂા.૪.૬૪ લાખ ગ્રાન્ટ ઉપલબ્ધ છે જેથી રૂા.૫૮ લાખ રૂપિયા પગાર ચુકવવામાં ઘટે છે અને નવમાસનું પુરવણી બીલ રૂા.અઢી કરોડ ચુકવાયું નથી આ બાબતે તાજેતરમાં પ્રમુખ વાલુભાઈ ચૌધરી, મહામંત્રી ભિખાભાઈ પુરબિયાએ જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, તા.વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરી છે.

## કસરા પ્રાથમિક શાળાના મકાનનું ખાત મુહુર્ત અને આચાર્યનો નિવૃત્તિ વિદાય સમારોહ


યશપાલસિંહ ટી.વાઘેલા

(તા.પ્રતિ.) થરા

કાંકરેજ તાલુકાના નદી વિસ્તારના કસરા ગામે પ્રાથમિક શાળાના નવિન ૬ રૂમને ૭૫ લાખના ખર્ચે નવા બનાવવાની મંજુરી મળતાં તેનું ખાત મુહુર્ત તથા પે. સેન્ટર શાળાના આચાર્ય ભીખાભાઈ પટેલ વય નિવૃત્ત થતાં તેમનો વિદાય સમારોહ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ સુખદેવસિંહ સોઢાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. થળી મહંત પૂ. જગદીશપુરીજીએ આશિર્વચન પાઠવ્યા. આ પ્રસંગે રામજીભાઈ ગજ્જર, તા.પં.ઉપપ્રમુખ બાબુભાઈ દેસાઈ, મા. શાળાના આચાર્ય કાંતિભાઈ રાયગોર, કરણસિંહ વાઘેલા, પ્રતાપજી ઠાકોર સહિત કસરા મોટા જામપુર આજુબાજુના ગામ અગ્રણીઓ ઉપસ્થિત રહી શુભકામના પાઠવી હતી.

## ગ્રામ પંચાયતોમાં ફરજ બજાવતા હંગામી કર્મીઓને છૂટા નહીં કરાય

તાલુકા પ્રતિનિધિ દીઓદર

રાજ્યના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા તા.૯-૮-૨૦૧૭નારોજ પરિપત્ર કરાયો હતો.જેમાં રાજયની ગ્રામ પંચાયતોમાં હંગામી ફરજ બજાવતા બોર ઓપરેટર, સેવકોની કરાર આધારિત ભરતીઓને ગેરકાયદે ગણી આવા કર્મચારીઓને છુટ્ટા કરવાનો આદેશ કરાયો હતો.

જે દરમિયાન રાજ્ય સરકારે તા.૬-૧૦-૨૦૧૭ના રોજ નવો પરિપત્ર જારી કરી સંપ્રત પરિસ્થિતિમાં રાજયની ગ્રામ પંચાયતોની તાકિદની અને આવશ્યક સેવાઓને અસર ન થાય તેમજ રોજબરોજની પંચાયતની કામગીરી તથા પ્રજાની સુખાકારીની કામગીરીને અસર ન થાય તે ધ્યાને લઈ હાલમાં ગ્રામ પંચાયતોમાં ફરજ બજાવતા કર્મચારીઓને છુટા કરવાનો નિર્ણય મોકુફ રાખ્યો છે.જેનાથી ગ્રામ પંચાયતોમાં ફરજ બજાવતા કર્મચારીઓમાં આનંદ પ્રસર્યો છે.

## ઝગડીયા તાલુકાના નવા સાંઝા ગામે અજાણ્યા ટેન્કરે ઝેરી કેમીકલ ખાલી કરતા લોકોમાં રોષ



અંકલેશ્વર

ભરૂચ જિલ્લાના ઝગડીયા તાલુકાના નવા સાંજા ગામની રેલ્વે ફાટકની બાજુમાં અજાણ્યા ટેન્કર દ્વારા ઝેરી કેમીકલ ખાલી કરાતા ગ્રામજનોમાં રોષની લાગણી ફેલાઈ છે. વારંવાર બનતા આવા બનાવોને લઈને જીપીસીબી ઉપર રોષ વ્યક્ત કરાઈ રહ્યો છે. જીપીસીબીની ટીમે ઘટના સ્થળે પહોંચીને સેમ્પલ લીધા છે. ઝગડીયા વિસ્તારમાં છેલ્લા થોડા દિવસથી ગેરકાયદેસર ટેન્કર ખાલી કરવાની ઘટનાઓએ માઝા મૂકી છે. થોડા દિવસ પહેલા ઝગડીયા નજીક જ એક અજાણ્યા ટેન્કર દ્વારા ઝેરી કેમીકલ ખાલી કરાતા તુવેરનો પાક બળી ગયો હતો અને ખેતરની જમીનને નુક્શાન થયુ હતુ. આ ઉપરાંત થોડા દિવસ અગાઉ ઝગડીયાની પાઈપ લાઈન લીકેજ થતા પણ અમરાવતી નદીમાં પાણી ભળ્યા હતા. સાંઝા ગામે ફાટક આગળ અજાણ્યા ટેન્કરે ઝેરી કેમીકલ ખાલી કરતા પક્ષીઓ પણ મરી ગયા હોવાની માહિતી સાંપડી રહી છે. આવી ઘટનાઓ વારંવાર બનતી હોવા છતાં કોઈ પગલા લેવામાં આવતા નથી. જીપીસીબી દ્વારા સેમ્પલ લીધા પછી પણ કોઈ પગલા લેવામાં આવતા નથી. જેને લઈને લોકોમાં અસંતોષની લાગણી ફેલાઈ છે.

## રાહુલ ગાંધી પાસે આંકડાકીય માહિતીનો અભાવ : ભુપેન્દ્રસિંહ ચુડાસમા

ગાંધીનગર

રાહુલ ગાંધીએ ગુજરાત ની શિક્ષણ નીતિ પર કરેલા આક્ષેપો નો જવાબ આપતા શિક્ષણ મંત્રી ભુપેન્દ્ર સિંહ ચુડાસમા એ રાહુલ ગાંધી પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, રાહુલ ગાંધી જોડે જૂની માહિતી છે.એમના સમય માં ૭૫ ટકા બાળકો શાળા એ જતા હતા અને પાણી ભરવા જાતા તા.હાલ ૯૯ ટકા સ્કૂલે જાય છે. જે નરેન્દ્ર ભાઈ અને ભાજપ ની સરકાર એ શાળા ના બાળકો ની અભ્યાસની વ્યવસ્થા કરી છે. હાથ માં ટેબ્લેટ આપી ને લોકો ને ભણવાની સગવડ કરી છે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અમે બનાવી છે. તમારી સરકાર વખતે કોઈ સગવડ પણ નહોતી ફોરેન્સિક લેબોરેટરી, રક્ષા યુનિવર્સિટી, યોગ યુનિવર્સિટી અમારી સરકારે કોઈ ભેદભાવ વગર લોકો માટે વિકસાવી છે. ગણિત, વિજ્ઞાન, બાયોલોજી માટે નિટની પરીક્ષામાં ઘેર બેઠા મફત શિક્ષણ આપી શકે તેવી ગુજરાત સરકાર ની કામગીરી છે. ૨૦૧૬માં ઈન્ડિય ટુ ડે નો રિપોર્ટ છે શિક્ષણમાં ગુજરાત ૨ નંબરે છે. તેમ જણાવ્યું હતું કે, આ ઉપરાંત રાજ્યમાં હજુ પણ શાળાઓના ફી નિયમન અંગે કેટલીક જગ્યાએ ફી નિયમન અંગે વિસંગતતા ઉભી થઇ છે.

# ડીસાના ગેરકાયદે શોપિંગ બાબતે બિલ્ડરને જવાબ રજૂ કરવા પાલિકાનું તેડું


ભરત સુંદેશા

ડીસા
ડીસા શહેરમાં પાટણ હાઈવે પર નવનિર્મિત શોપિંગ સેન્ટર માં બિલ્ડર દ્વારા નકશા વિરૂધ્ધ અને ગેરકાયદેસર બાંધકામ કર્યું હોવા બાબતે નગરપાલિકા દ્વારા નોટીસ આપ્યાના ત્રણ ત્રણ માસ બાદ પણ પાલિકા દ્વારા કોઈ કાર્યવાહી ન કરાતા અખબારમાં પાલિકાની કાર્યવાહી અંગે શંકા અંગેની મેટર છપાતા પાલિકા તંત્રમાં દોડધામ મચી હતી અને બિલ્ડરને તાત્કાલિક ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા જવાબ રજુ કરવા આદેશ કરાયો છે.બિલ્ડરે કલેકટર અને પાલિકાની આંખમાં ધૂળ નાખી મંજુર થયેલ બાંધકામ કરતા ૪૦ ટકા જેટલું વધારાનું ગેરકાયદેસર બાંધકામ કર્યું છે.

ડીસા નગરપાલિકા વિસ્તારમાં ડીસા પાટણ હાઈવે પર રાજપુર રેવન્યુ સર્વે નં.૨૨૨ પૈકીના પ્લોટ નંબર ૮૦ થી ૮૩માં રિવાઈઝ્ડ લે આઉટ પ્લાંન મુજબ કોમર્સિયલ રિટેલ શોપનું બેઝમેન્ટ,ગ્રાઉન્ડ ફ્લોર,ફર્સ્ટ ફ્લોર,સેકન્ડ અને થર્ડ ફ્લોર સાથે ચાર માળનું બિલ્ડિંગ બનાવવાની પરમીશન માંગવામાં આવી હતી. જેમાં પાલિકાની નગર રચના અને શહેર સુધારણા સમિતિ દ્વારા ઠરાવ કરી કુલ ૧૨૮૭.૫૦ ચો.મી. બાંધકામની મંજૂરી અપાઈ હતી.જોકે પરમીશન અપાયા બાદ બિલ્ડર દ્વારા પાલિકા તંત્ર અને જિલ્લા કલેકટરની તમામ શરતોને ઘોળીને પી જઈ જલિયાણ આર્કડ નામે કોમર્શિયલ શોપિંગ સેન્ટરનું બાંધકામ કરી તમામ ફ્લોર પર મંજૂરી વગર નકશા વિરુદ્ધ બાંધકામ કર્યું હોવાની રજુઆત થઈ હતી.

અનુસંધાન પાના નં.૬

# પાક નિષ્ફળ - જમીન ધોવાણ સહાયમાં દીઓદર પંથકમાં ભારે ગેરરિતી



તાલુકા પ્રતિનિધિ દીઓદર
જુલાઈ -૨૦૧૭માં બનાસકાંઠા - પાટણ જીલ્લામાં અતિવૃષ્ટિ આવેલ અનેક ગામોમાં પાણી ભરાયેલ અને પાણીના પ્રવાહમાં ખેડુતોના ઉભો પાક નિષ્ફળ ગયેલ તેમજ ખેડુતોની જમીનનું મોટા પાયે ધોવાણ થવા પામેલ.રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી બનાસકાંઠા જીલ્લામાં સતત પાંચ દિવસ રહી પરિસ્થિતિની સમીક્ષા કરેલ અને અંતિમ દિવસે વિવિધ સહાયની જાહેરાત થયેલ જેમાં ખેડુતોના પાક નિષ્ફળ સામે ૧ હેક્ટર દીઠ મહત્તમ રૂા.૨૦,૦૦૦/-ની મર્યાદા (જેમાં વધુમાં વધુ ૨ હેક્ટર સુધી) તથા જમીન ધોવાણમાં ૧ હેક્ટર દીઠ. (જેમાં વધુમાં વધુ ૨ હેક્ટર સુધી)ની સહાય જાહેર કરેલ અને તાત્કાલીક સર્વ હાથ ધરવામાં આવેલ.

બનાસકાંઠા જીલ્લામાં અધિકારી રાજ છે.અગાઉ કેટલાય ખેડુતોના ૨૦૧૩ અને ૨૦૧૬માં લાખો રૂપિયા અધિકારીઓ દ્વારા સેટીંગ કરી ચાઉ કરાઈ ગયા છે.જેની ઉચ્ચ સ્તરે રજુઆતો થવા છતાં અધિકારીઓ રાજકીય ઓથ મેળવી ખેડુતોના પૈસા હજત કરી ચુક્યા છે અને અધિકારીઓનો વાળ વાંકો પણ થયેલ નથી જેનાથી કહેવાય છે કે પ્રેરાઈને આ વખતે પણ પાક નિષ્ફળ સહાયમાં ભારે ધુપ્પલબાજી આચરાઈ હોવાનું બહાર આવી રહ્યું છે.

દીઓદર તાલુકામાં એક જ ગામમાં આજુબાજુમાં રહેતા ખેડુતોને એક ખેડુતને રા હેક્ટર જમીન હોય તો પણ માત્ર રૂા.૪૦૦૦/-ની સહાય મળેલ છે.જ્યારે તેની બાજુના ખેડુતને ૨ હેક્ટર જમીન હોય તેના જેટલું જ નુકશાન હોય છતાં રૂા.૩૬ હજાર કે ચાલીસ હજારની સહાય મળે છે.આ ક્યાંનો માપ દંડ...દલા તરવાડી વાળુ ચાલી રહ્યું છે.લુંટો ભાઈ લુંટો...ખેડુતોનું કોઈ સાંભળવાવાળું નથી.ખેડુત આલમ પગ ઘસી રહ્યો છે.

અનુસંધાન પાના નં.૬

# ડીસા પાલનપુર હાઈવે પર બે બાઈક અથડાતા યુવકનું મોત

## રસાણામોટા ગામના યુવકના મોતથી અરેરાટી


ભરત સુંદેશા

ડીસા
ડીસા પાલનપુર હાઈવે પર રસાણા ગામ નજીક બુધવારે મોડી સાંજે બે બાઈક અથડાતા રસાણામોટા ગામના બાઈક સવાર યુવકનું ઘટનાસ્થળે મોત નિપજયુ હતુ . આ કરુણ અકસ્માતની વિગત એવી છે કે ડીસા તાલુકાના રસાણા મોટા ગામનો યુવક શ્રવણજી રાયચંદજી ઠાકોર પોતાનું બાઈક લઈને ડીસા થી રસાણા તરફ જઈ રહ્યો હતો ત્યારે રસાણા મોટા ગામ પાસે આવેલ ખુશિયા ઓઈલ મીલ પાસે રોંગ સાઈડમાં આવતા બાઈકે ટક્કર મારતાં શ્રવણજીને ગંભીર ઈજા થતા ઘટનાસ્થળે મોત નીપજયું હતું.

જ્યારે બીજા બાઈક સવારને ઈજા થતાં સારવાર અર્થે ખસેડાયો હતો. ડીસા તાલુકા પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતકની લાશનું પંચનામું કરી પીએમ માટે ડીસા સિવિલ હોસ્પિટલમાં મોકલી હતી. મૃતક શ્રવણજી બે બાળકોનો પિતા હતો અને પરિવારનો મુખ્ય આધારસ્તંભ હતો. તેના મોતથી સમગ્ર ગામમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ જવા પામી છે.

# ગુજરાતના મુખ્યમંત્રી આજે થરાદમાં આવશે : રાજસ્થાનના મુખ્યમંત્રીની પણ હાજરી

## થરાદમાં ભાજપની ગૌરવયાત્રામાં કેન્દ્રીદય તથા રાજ્યના મંત્રીઓની ઉપસ્થિતી

પ્રતિનિધિ થરાદ
થરાદ શહેર અને તાલુકામાં ફરનારી ભાજપની ગૌરવયાત્રામાં રાજયના મુખ્યમંત્રી અથવા તો ઉપમુખ્યમંત્રીની ઉપસ્થિતીને ધ્યાનમાં લઈને માળખા દ્વારા તડામાર તૈયારીઓ શહેરની આંજણા કેળવણી મંડળ(ગાયત્રી વિધાલય)માં હાથ ધરવામાં આવીછે.થરાદ તાલુકા ભાજપ પ્રમુખ રૂપસીભાઈ પટેલ અને જિલ્લાના પુર્વ કોષાધ્યક્ષ ઓખાભાઈ ભગતે જણાવ્યું હતુંકે આજના કાર્યક્રમમાં છેલ્લી ઘડીએ જો કોઈ ફેરફાર નહી થાયતો મુખ્યમંત્રી અને ઉપમુખ્યમંત્રી બંન્ને હાજર રહેશે તેમજ રાજસ્થાનનાં મુખ્યમંત્રી વસુંધરા રાજે તથા કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરી અને રાજયના મંત્રીઓ શંકરભાઈ ચૌધરી તથા કેશાજી ચૌહાણ તથા ભારતીય જનતા પાર્ટીના અગ્રણી હોદ્દેદારો ઉપસ્થિત રહેશે.ગાયત્રી વિધાલયમાં જાહેરસભાને સંબોધન કરશે.કાર્યક્રમને અનુલક્ષીને વિશાળ સમીયાણા સહિતની તડામાર તૈયારીઓ ધારાસભ્ય પરબતભાઈ પટેલની દોરવણી અને માર્ગદર્શન હેઠળ થરાદ શહેર અને તાલુકા ભાજપના કાર્યકરો દ્વારા કરવામાં આવી છે.

# ભાભરના બોરીયા ગામ નજીક ટ્રેઈલરમાંથી રૂા. ૨૯.૩૨ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

## ટ્રેઈલરમાં રેતની નીચે સંતાડી લઈ જવાતો હતો બે શખ્સોની અટકાયત : રૂા.૪૬,૩૩,૩૦૦ નો મુદ્દામાલ જપ્ત


વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિનિધિ ભાભર
ભુજ આર.આર.સેલ.ની ટીમે ગતરોજ ભાભર તાલુકાના બોરીયા ગામના પાટીયા પાસે બાતમીના આધારે વોચ ગોઠવી હતી. જે દરમિયાન એક ટ્રેઈલરમાં ભરેલ રેત નીચે સંતાડીને લઈ જવાતો રૂા. ૨૯,૩૨,૮૦૦ નો વિદેશી દારૂ ઝડપી પાડયો હતો. પોલીસે ટ્રેઈલર સહિત રૂા.૪૬,૩૩, ૩૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈ બે શખ્સોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ભુજ આરઆરસેલના પોલીસ મહા નિર્દેશક પિયુષ પટેલની સુચના મુજબ એ.એસ. આઈ. સંતોષસિંહ ગોવિંદસિંહ દેવસિંહ, ધર્મેન્દ્રસિંહ સોમસિંહ, રમેશભાઈ ભેમજીભાઈ તથા હસમુખભાઈ નાગરભાઈ વગેરે ભાભર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે ખાનગી રાહે બાતમી મળી હતી કે ટ્રેઈલર નં.પી.બી. ૦૩ એકસ ૯૨૭૦ બોરીયા ગામના બસ સ્ટેશન પાસેથી પસાર થનાર છે. જેમાં ભરેલ રેત નીચે મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ભરેલ છે. જેના આધારે પોલીસે બોરીયા ગામ નજીક નાકાબંધી કરી હતી. જે સમયે બાતમીવાળું ટ્રેઈલર આવતાં તેને રોકાવી તલાશી લેતાં રેત નીચે સંતાડેલ રૂા.૨૯,૩૨,૮૦૦ નો ૬૧૧ પેટી વિદેશી દારૂ મળી આવ્યો હતો.

અનુસંધાન પાના નં.૬

# થરાદ પાસે બે મોટરસાયકલ અથડાતાં બુઢણપુરના શખ્સનું મોત

પ્રતિનિધિ થરાદ
થરાદ ડીસા રોડ પર બુધવારની સવારના સુમારે બે મોટરસાયકલ વચ્ચે ગમખ્વાર અક્સ્માત સર્જાવા પામ્યો હતો.જેમાં થરાદના બુઢણપુર ગામના શખ્સનું સારવાર દરમ્યાન મૃત્યુ નિપજતાં અરેરાટી મચવા પામી હતી.

પોલીસસુત્રોએ જણાવ્યુ હતુંકે થરાદ તાલુકાના બુઢણપુર ગામના નિવૃત એસએસબી કર્મી ભીખાભાઈ ગણેશાભાઈ પટેલ બુધવારની સવારના સુમારે પોતાનું ય્નટ૮૭ૠ ૨૩૧૩ નંબરનું મોટરસાયકલ લઈને જઈ રહ્યા હતા.આ વખતે ડીસા રોડ પર વાવરાણાના પેટ્રોલપંપ પાસે અજાણ્યા મોટરસાયકલના ચાલકે તેમને ધડાકાભેર ટક્કર મારતાં તેઓ નીચે પટકાતાં ગંભીર ઈજાઓ થવા પામી હતી.જેમને થરાદ રેફરલમાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે મહેસાણા લઈ જવાતાં રસ્તામાં મોત નિપજયું હતું.બનાવની જાણ થતાં બુઢણપુર ગૃપ ગ્રામપંચાયતના સરપંચ રમેશગીરી અતિત સહિત ગ્રામજનો બહોળી સંખ્યામાં રેફરલ હોસ્પીટલમાં દોડી આવ્યા હતા.મૃતકના સબંધી ઈશ્વરભાઈ જેતસીભાઈ પટેલે થરાદ મથકમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા મોટરસાયકલ ચાલક સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.મૃતક ભીખાભાઈ ગણેશાભાઈ પટેલ એસએસબીમાંથી નિવૃત થયેલ હતા તેમજ ગેસની પાઈપલાઈન પર ફરજ બજાવતા હતા. બનાવથી અરેરાટી મચવા પામી હતી.

# ધાનેરામાં ચેક રીટર્ન કેસમાં આરોપીને એક વર્ષની સજા

તા.પ્રતિનિધિ ધાનેરા
ધાનેરાની કોર્ટના નામદાર જજે ચેક પરત કરવાના વધતા જતા બનાવોને ગંભીરતાથી લઈ ચેક પરત ફરવાના ગુનામાં આરોપીને એક વર્ષની સખત કેદની સજા ફટકારી છે.

ધાનેરાના બારોટ રમેશભાઈ મફાજીએ તેમના ખેતરનું વેચાણ બારોટ જોરાવરસીંગ રાયસેંગજી સાથે નક્કી કરી બાનાની રકમ રૂા.૧૧,૦૨,૦૦૦ મેળવીને નોટરી રૂબરૂમાં બાનાખત કરી આપેલ હતું પરંતુ પાછળથી ખેતર તેમના નામે ન હોઈ વેચાણ દસ્તાવેજ થયો ન હતો તેથી બાનાની રકમ પરત આપવા તા.૨-૨-૨૦૧૬ નો ચેક લખી આપેલ હતો. તે ચેક બેંકમાંથી વણચુકવ્યો પરત ફરતાં અને ખાતામાં રકમ ન હોવાથી પરત ફરતાં બારોટ જોરાવરસીંગે ધાનેરાના મેજીસ્ટ્રેટ વી.એસ. ઠાકોરની કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ હતી. સદરહુ કે.કેસ નં. ૧૭૧-૧૬ કોર્ટમાં ચાલી જતાં કેસના પુરાવા અને ફરીયાદ પક્ષે એડવોકેટ બી.સી.બારોટની દલીલો ધ્યાને લઈ આરોપી બારોટ રમેશભાઈ મફાજીને ૧ વર્ષની સખ્ત કેદની સજા અને ચેકની રકમ ફરીયાદીને પરત કરવી અને રકમ પરત ન કરે તો વધુ એક માસની સજા ફરમાવેલ છે.

# દાંતાના કણબીયાવાસ નજીક અકસ્માતમાં દશથી વધુને ઈજા



પ્રતિ. દાંતા
દાંતા તાલુકાના કણબીયાવાસ નજીક જીપ અને કાર વચ્ચે અકસ્માત સર્જાતા દશથી વધુ લોકોને ઈજા પહોંચી હતી. જેમને દાંતા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. જે પૈકી ત્રણની હાલત ગંભીર જણાતા વધુ સારવાર માટે પાલનપુર ખસેડાયા હતા. આ અકસ્માતમાં નારાયણભાઈ કાળાભાઈ તરાલ ઉ.વ.૪૨, સુરેશભાઈ ગોરધનભાઈ પટેલ ઉ.વ.૫૮, મુકેશભાઈ મણીભાઈ પ્રજાપતિ ઉ.વ.૩૩, દીલીપભાઈ ચેનાભાઈ તરાલ ઉ.વ.૩૦, સોજાનાબેન હેમાભાઈ ડાભી ઉ.વ.૧૪, કોમલબેન નાણભાઈ ડાભી ઉ.વ.૧૫, આરતીબેન રવાભાઈ ડાભી ઉ.વ.૧૪, મુકેશભાઈ લીલાભાઈ પ્રજાપતિ ઉ.વ.૩૫, કોદરભાઈ કાંનાભાઈ તરાલ ઉ.વ.૩૨ ને ઈજા પહોંચી હતી.

# થરાદમાં નગરપાલિકાના કર્મચારીઓ હડતાળમાં જોડાયા


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ
રાજયના કર્મચારી મંડળના કર્મચારીઓ બુધવારથી તેમની વિવિધ માંગણીઓને લઈને ચાર દિવસની હડતાળ પર જોડાયા છે. જેમાં થરાદ પાલિકાના કર્મચારીઓ પણ જોડાયા હતા. થરાદ પાલિકાના રોજમદાર કર્મચારીઓને કાયમી કરવા, નગરપાલિકા કર્મચારી પસંદગી બોર્ડ બનાવવા,કર્મચારીઓને બઢતી બદલીના લાભો,પાલિકાના કર્મચારીઓને સરકારી કર્મચારી ગણવા તથા પગાર વિસંગતતા દુર કરવી,અને સાતમા પગારપંચનો અમલ કરવાની માંગણી કરવાની માંગણીઓને લઈને ચાર દિવસની હડતાળ પર ઉતરી ગયા હતા.જેને કારણે નગરપાલિકાના કામકાજ પણ અટવાતાં નગરજનોને હાલાકીઓનો સામનો કરવો પડ્યો હતો.

## કપિલેશ્વર દાદાના સાનિધ્યમાં

# કોંગ્રેસ અગ્રણીઓ દ્વારા પત્રકાર પરિષદ યોજાઇ


વિષ્ણુ પરમાર

તા.પ્રતિનીધિ વાવ
વિધાનસભાની ચૂંટણી યોજવાને હવે માત્ર ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. ત્યારે રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. ગતરોજ તા.૧૦-૧૦-૧૭ ના રોજ સાંજે ૬ થી ૮ ના સમય દરમિયાન વાવ ગામના કપિલેશ્વર મહાદેવના સાનિધ્યમાં કોંગ્રેસ અગ્રણીઓએ વાવ-થરાદ-ભાભર-સુઈગામ પંથકના પત્રકારોની એક અગત્યની બેઠક યોજી ચૂંટણી પ્રચારનું રણશીંગું ફુંકયું હતું.

આ પ્રસંગે કોંગ્રેસ અગ્રણી ગેનીબેન ઠાકોરે મીડીયા સમક્ષ જણાવ્યું હતું કે, વાવ બેઠક ઉપર કોઈપણ ઉમેદવાર હશે તમામ અગ્રણીઓ અને કાર્યકરો એક સંપ થઈ ચૂંટણીલડીશું. અમારૂં લક્ષ્ય કોંગ્રેસની જીત તરફ રહેશે. કોઈપણ કોંગ્રેસનો કાર્યકર પક્ષ પ્રત્યે ગદારી નહીં કરે અને કરે તો તમે કોંગ્રેસને ગદાર તરીકે છાપશો. ત્યારબાદ કોંગ્રેસ અગ્રણી કાંનજીભાઈ રાજપુતે પણ પત્રકારોને દેશની

અનુસંધાન પાના નં.૬

# થરાદના ઉંદરાણાની સગીરાને શોધી લાવવા ઠાકોર સમાજની માંગ

## ત્રણ દિવસમાં સગીરાને નહી લવાયતો કાળા વાવટા ફરકાવવાની ચિમકી


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ
થરાદના નાગલા ગામમાંથી એક ખેતરના ભાગીયાની સગીરપુત્રીનું લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરાતાં તેના શકમંદો સામે કાર્યવાહી કરી સગીરાને પરત લાવવાના મુદ્દે ઠાકોરસેના દ્વારા નાયબકલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.જેમાં ત્રણ દિવસમાં કાર્યવાહી નહી કરાયતો કાળાવાવટા ફરકાવવાની ચિમકી પણ અપાઈ હતી.

થરાદ તાલુકાના ઉંદરાણા ગામનો એક શ્રમજીવી પરિવારે તાલુકાના નાગલા ગામમાં પટેલ કરમશીભાઈ સવદાસભાઈના ખેતરમાં છાપરૂ બનાવી ભાગથી વાવેતર કર્યું હતું.ગત તારીખ ૦૪/૦૯/૨૦૧૭ના સવારના સુમારે પરિવારની ૧૪ વર્ષની પુત્રી અચાનક ગુમ થઈ જતાં તેની આજ સુધી તપાસ કરવા છતાં પણ તે મળી આવી ન હતી.બીજી બાજુ તેમના ખેતરની નજીકમાં ખેતર ધરાવતો ધનજીભાઈ વાઘાભાઈ પટેલ નામનો યુવક અવારનવાર તેમના છાપરે આવતો હોઈ તેના પર તેણીને ભગાડી ગયાની આશંકાની તેમજ ભગાડવામાં બીજા માણસોનો પણ હાથ હોઈ તેમની સામે પોલીસ ફરીયાદ સગીરાના પિતાએ નોંધાવતાં પોલીસે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.જોકે આ બનાવને ૧૬ દિવસ થવા છતાં પણ સગીરાનો પત્તો નહી લાગતાં ઠાકોરસેના દ્વારા

અનુસંધાન પાના નં.૬

# વડગામ દૂધ મંડળી દ્વારા ૯૦૦ ગ્રાહકોને રૂા.૭૫ લાખ ભાવફેર ચૂકવાયો

## ચેરમેન - સંચાલકમંડળ દ્વારા ગ્રાહકોને દિપાવલીની ભેટ

તા.પ્રતી. વડગામ
વડગામ દૂધ ઉત્પાદક સહકારી મંડળી દ્વારા દિપોત્સવ ૨૦૧૭ ની ભેટ રૂપે અંદાજે ૯૦૦ ગ્રાહકોને મંડળીના ભાવફેરના રૂા.૭૫ લાખની રકમ ચૂકવી સહકારી સંસ્થાએ જિલ્લામાં શ્રેષ્ઠ કામગીરી બજાવી છે, આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ વર્ષે અંદાજે ૩૫ કરોડનું ટર્નઓવર કરતી ધી વડગામ દૂધ ઉત્પાદક સહકારી મંડળીના ચેરમેન ભરતભાઈ જી.ડેકલીયા વા.ચેરમેન કરશનજી સોલંકી, મંત્રી મેઘરાજભાઈ ભૂતડીયા તથા વ્યવસ્થાપક કમીટીના ડીરેક્ટરો દ્વારા સંસ્થાના દુધ ગ્રાહકોને તા.૧/૪/૨૦૧૭ થી તા.૩૦/૪/ ૨૦૧૭ સુધીનો ભાવ ફેર ચુકવવાનો નિર્ણય કરતાં દિપોત્સવની ઉજવણીની ભેટરૂપે રૂા.૭૫ લાખનું ચૂકવણું કર્યું હોવાનું ચેરમેન ભરતભાઈ ડેકલીયાએ જણાવ્યું હતું.


**જોઈએ છે**

**અર્પણ કુમાર છાત્રાલય ભાભર માટે**

**ગૃહપતિ - ૧**
**રસોયા - ૧**

-: સરનામું :-
અર્પણ કુમાર છાત્રાલય, ભાભર
તા.ભાભર, જિ.બ.કાં.
ઠે.મહાદેવપુરા શેરી નં.૨
ભાભર
**મો.નં.૯૮૨૪૮ ૬૭૮૧૬**

**ચી.પ.કૃષિ મહાવિદ્યાલય,**
**સ.દાં.કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર**

**ટૂંકી મુદતની જાહેરાત**

આથી રસ ધરાવતા ઇસમોને જાણ કરવામાં આવે છે કે ચી પ.કૃષિ મહાવિદ્યાલય, સ.દાં.કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર ખાતે જામફળના ૪૭૫ તથા સીતાફળના ૩૮૦ ઝાડમાં આવેલ ફળો ઉતારીને લઇ જવાનો ઇજારો આપવાનો છે. જેની રૂબરૂમાં જાત તપાસ કરી ભાવ ભરવાના ટેન્ડર ફોર્મ શરતો સાથે અત્રેની કચેરીએથી કચેરી સમય ૧૦.૦૦ થી ૧૭.૩૦ દરમ્યાન ટેન્ડરની ફી ચૂકવી તા.૨૬-૧૦-૨૦૧૭ સુધીમાં ભાવપત્રક ભરીને સીલબંધ કવરમાં ટપાલ/કુરીયર દ્વારા આચાર્યશ્રી, ચી.પ.કૃષિ મહાવિદ્યાલય, સ.દાં.કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર-૩૮૫૫૦૬ ના સરનામે મળે તેમ મોકલી આપવાના રહેશે. બંધ કવર ઉપર 'ફળપાકના ભાવ' એમ સ્પષ્ટ લખવું. શરતો માટે ટેન્ડર ફોર્મ વાંચવું.
સ્થળ : સરદારકૃષિનગર
તારીખ : ૧૧-૧૦-૨૦૧૭
આચાર્યશ્રી

**થરા નગરપાલિકા, થરા, જિ.બનાસકાંઠા**
**ઓનલાઈન જાહેર નિવિદા**

આથી થરા નગરપાલિકા, થરા, જિ.બનાસકાંઠાને મુ.મં.શ.સડક યોજના અને સ્વ.જ.મુ.શ.વિકાસ યોજના યુ.ડી.પી. ૮૮(૨૦૧૭-૧૮) યોજના અંતર્ગત નીચે જણાવેલ કુલ - ૨ (બે) કામો કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

કામ નં. ૧ : મુ.મં.શ. સડક યોજના અંતર્ગત જુદા જુદા વિસ્તારમાં ટ્રી-મીકસ સાથે આર.સી.સી. રોડ બનાવવાનું કામ (બીજો પ્રયત્ન)

| | |
|---|---|
| અંદાજીત રકમ રૂા.૧૫૯.૦૬ લાખ | કામની સમય મર્યાદા : ૪ - માસ |
| ઈ.એમ.ડી. રૂા.૧,૫૯,૦૬૦-૦૦ | ટેન્ડર ફી : રૂા.૩૬૦૦-૦૦ |

કામ નં. ૨ : સ્વ.જ.મુ.શ.વિ. યોજના યુ.ડી.પી. ૮૮ (૨૦૧૭-૧૮) અંતર્ગત જુદા જુદા વિસ્તારમાં ટ્રી-મીકસ સાથે આર.સી.સી. રોડ બનાવવાનું કામ (બીજો પ્રયત્ન)

| | |
|---|---|
| અંદાજીત રકમ રૂા.૧૧૭.૬૯ લાખ | કામની સમય મર્યાદા : ૪ - માસ |
| ઈ.એમ.ડી. રૂા.૧,૧૭,૬૯૦-૦૦ | ટેન્ડર ફી : રૂા.૩૬૦૦-૦૦ |
| વેબસાઈટનું નામ : | www.nprocure.com |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય : | ૨૩/૧૦/૨૦૧૭, ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડર ફી, ઈ.એમ.ડી. તથા જરૂરી ડોકયુમેન્ટ પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામું | ૨૪/૧૦/૨૦૧૭ થી ૨૫/૧૦/૨૦૧૭ ના રોજ ૧૭.૦૦ કલાક સુધીમાં, ચીફ ઓફિસર, થરા નગરપાલિકા, મું.થરા, જિ.બનાસકાંઠા |
| ફિઝીકલ ડોકયુમેન્ટ ખોલવાની તારીખ | ૨૬/૧૦/૨૦૧૭, ૧૨.૦૦ કલાકે |
| પ્રાઈસ બિડ ખોલવાની તારીખ | ૨૬/૧૦/૨૦૧૭, ૧૨.૩૦ કલાકે |

કામ અંગે વધારે માહિતી માટે ઉપરોકત વેબસાઈટ જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હકક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

(જતીન વી. મહેતા) ચીફ ઓફિસર
(ધીરજકુમાર કે.શાહ) ઉપપ્રમુખ
(વિનોદજી આર.ઠાકોર) પ્રમુખ

**પ્રોપર્ટી બજાર**
**માત્ર ડીસા માટે જ...**

**પ્લોટ વેચવાના છે**
ચંદ્રલોક સોસાયટીમાં ૧૮૦૦ ફૂટનો પ્લોટ (૩૦ X ૬૦) વેચવાનો છે.
સર્વે નં.૧૫ માં પ્લોટ વેચવાનો છે. અંદાજે ૧૪૦૦ ફૂટ
ચંદ્રલોક રોડ લીઓ સ્કૂલ સામે અંદાજે ૧૫૦૦ ફૂટનો પ્લોટ વેચવાનો છે. કોમર્શિયલ ઉપયોગ થઈ શકે તેવો વેચાણ આપવાનો છે.
રામનગર, ગાયત્રી મંદિર પાછળ મોકાનો પ્લોટ અંદાજે ૧૬૦૦ ફૂટનો વેચવાનો છે.

**ભાડે આપવાનું છે**
ટ્યુશન કલાસીસ, ટેલરીંગ, બ્યુટી પાર્લર લાયક જગ્યાઓ અંબિકા ચોક પાસે ભાડે આપવાની છે.
દુકાન ભાડે આપવાની છે ચંદ્રલોક રોડ પર દુકાનો ભાડે આપવાની છે.
ઓફિસ/ટ્યુશન કલાસીસ લાયક જગ્યા ભાડે આપવાની છે. ચંદ્રલોક રોડ પર આવેલ શોપીંગ સેન્ટરમાં
તમો પણ તમારી કોઈ પ્રોપર્ટી વેચાણ અથવા ભાડે આપવા ઈચ્છતા હોય તો નીચે પ્રમાણે રખેવાળના કટીંગમાં જ માહિતી ભરીને મોકલી આપવી.

**દુકાન વેચવાની છે**
હિંગળાજ પ્લાઝા, હવાઈ પીલ્લર સામે ૨૦૦ ફૂટની દુકાન પ્રથમ માળની વેચવાની છે.
હિંગળાજ પ્લાઝા, હવાઈ પીલ્લર સામે ભોયતળિયે (ગ્રાઉન્ડ ફ્લોર) ની દુકાન વેચવાની છે.

-: આજે જ સંપર્ક કરો :-
મો.૯૪૨૭૩૭૨૯૯૨,
મો.૭૦૧૬૬૪૬૩૩૯
-: સમય :-
સવારે ૧૦.૦૦ વાગ્યાથી
સાંજે ૫.૦૦ વાગ્યા સુધી

નામ :
મિલકતનું વર્ણન :
વેચાણ / ભાડે આપવાનું છે.
મો.

# તંત્રી સ્થાનેથી ...

**જે પોતાના બોલવા પ્રમાણે જ વર્તે છે, એ માણસ પ્રગત્તિ કરવાનો જ.**

## જીએસટીની સમીક્ષા

જીએસટી દાખલ કરવામાં ઉતાવળ થઈ છે એવો આક્ષેપ તેમાં કરવા પડીરહેલા સુધારાથી પ્રમાણિત થઈ રહ્યો છે. જીએસટી પ્રણાલિ અત્યાર સુધીની કરપ્રણલિમાં સર્વશ્રેષ્ઠ છે. પણ તેમાં કેટલીક ક્ષતિઓ ઉતાવળમાં રહી ગઈ છે. સરકારને કોઈપણ હિસાબે ચાલુ વરસે જીએસટી અમલમાં મૂકવો હતો, જેથી ૨૦૧૯ સુધી તેના સારા ફળ મળતા થાય અને આવનારી ચૂંટણીમાં ભાજપને તેનો લાભ મળે. ચાલુ નાણાંકીય વરસમાં જ જીએસટી અમલમાં મૂકવો હતો પણ એપ્રીલને બદલે તેનો અમલ જુલાઈ-૧૭થી થઈ શક્યો. એ બતાવે છે કે, સરકાર ઉતાવળ ટાળવા ઉત્સુક હતી પણ વધુ વિલંબ ધાર્યા ફળ મેળવવાને પણ વિલંબમાં નાખશે એવી ચિંતા હશે એટલે જુલાઈમાં જ તેનો અમલ શરૂ કરી દેવાયો. સરકાર જાણતી જ હશે કે, કેટલીક જોગવાઈઓ સમીક્ષાને પાત્ર છે એટલે જ જીએસટીના અમલની જાહેરાત સાથે જાહેર કરવામાં આવ્યું હતું કે, જેમ જેમ સમસ્યાઓ સામે આવશે તેમ તેમ તેમાં સુધારો કરવામાં આવશે. ઉતાવળ જરૂરી હતી એટલે કરી. તેમાં શંકાસ્પદ આકરી જોગવાઈઓની સમીક્ષા નહીં થઈ શકી હોય, એટલે હવે થઈ રહી છે. ત્રણ મહિના થયા ત્યાં બે વખત સરકારે સુધારા કર્યા છે અને અહેવાલો મળે છે તે પ્રમાણે સરકાર તરતમાં જ વધુ રાહતો આપવા જઈ રહી છે. સિમેન્ટ, બાથ ફિટીંગ્સ, સહિતના ઉત્પાદનોમાં ૨૮ ટકાના બદલે હળવા ટેક્ષ સ્લેબ અપનાવવાની સંભાવના દર્શાવાઈ છે.

હાલમાં જ-શુક્રવારે સરકારે ૨૭ જેટલી વસ્તુઓ કે સેવાઓના વેરામાં મોટી રાહતો અપાઈ છે. આ ઉપરાંત દોઢ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા કારોબારીઓએ દર મહિનાને બદલે ત્રણ મહિને રિટર્ન ભરવાની વ્યવસ્થા આપવાની જાહેરાત થઈ છે. સરકાર ટુકડે ટુકડે રાહતો આપી રહી છે તેના કરતાં એક સામટી સમીક્ષા કરીને આપવા જેવી રાહતો આપવાનું સરકારે વિચારવું જોઈએ. સરકારનો ઈરાદો-નિયત સાફ છે છતાં ટુકડે ટુકડે રાહતો અપાતાં વિરોધીઓને સરકાર વિરૂદ્ધ અપપ્રચાર કરવાનો મોકો મળી જાય છે. સરકાર રાહતોની જાહેરાત કરે કે તરત જ તેનો અમલ થઈ જતો નથી, આ માટે જાહેરનામું બહાર પાડવા સુધીની પ્રક્રિયા હાથ ધરાય છે. લાગતા વળગતાઓને તેનો પરિપત્ર પાઠવવામાં આવે છે. તેમાં સમય જાય છે.

રાહત જાહેર થયા પછી તે મળતી થાય તેમાં સમય જાય તેથી સંબંધિતોમાંઉચ્ચાટ ફેલાય છે અને વિરોધીઓ તેનો ગેરલાભ ઉઠાવે છે. ટુકડે ટુકડે રાહત આપવાની નીતિ સરકારની કચાસ હોવાનો વિરોધીઓ કહી શકે છે. જીએસટીનું રિટર્ન ભરવામાં વિલંબ માટે દંડકીય પગલામાં આ પહેલાં રાહત આપતાં એવી જાહેરાત કરવામાં આવી હતી કે બે મહિના સુધી કોઈ દંડ લેવામાં નહીં આવે. પણ ત્રણ મહિના પછી પણ દંડ ભર્યા વિના સોફ્ટવેર રિટર્ન સ્વીકારતું નથી. તેથી કરદાતાઓને પરાણે દંડ ભરવો પડે છે. આ વિલંબ જરૂરી પ્રક્રિયાને કારણે છે. એટલે રાહતો કટકે કટકે અપાતી રહેશે તેની આવી વિપરિત અસર લાંબા સમય સુધી લોકોને ભોગવવી પડશે.

એટલે સરકારે આ સમસ્યા પાછળ થોડો વધુ સમય આપી એક સામટી સમીક્ષા કરીને બધી સમસ્યાઓનું એક સામટું નિરાકરણ લાવવું જોઈએ. જીએસટી અમલમાં આવ્યો તેને ત્રણ મહિના જેવો સમય થઈ ગયો હોઈ મોટાભાગની સમસ્યાઓ હવે સામે આવી જ ગઈ હોવી જોઈએ. વિકાસ ઝંખતા દેશને નાણાની જરૂર છે અને ટેક્ષ વિના નાણા એકત્ર કરવાનો બીજો આસાન સ્રોત નથી. એટલે કોઈપણ વેરા અનિવાર્ય છે. દરેક દેશમાં વેરા હોય છે. ભારતમાં પણ છે. સરકારને વધુ આવક થાય અને સામાન્ય પ્રજાને હાલાકી ન થાય તે માટે સુધારેલી વેરા પદ્ધતિ જીએસટીનો અમલ કરાયો છે. સામાન્ય લોકોને પરેશાની થાય નહીં તેવો લક્ષ સરકારનો છે. ત્યારે ઉભી થયેલી સમસ્યાઓ વહેલી તકે અને એક સાથે ઉકેલાય તે ઈચ્છનીય છે.

## કલ્યાણ જ્વેલર્સ ગ્રાહકોને યુપીઆઈ પેમેન્ટ વિકલ્પ ઓફર કરે છે

ભારતની વિશ્વસનીય અને અગ્રણી જ્વેલરી બ્રાન્ડ કલ્યાણ જ્વેલર્સે તેની માસિક હપ્તાની યોજના (ધનવર્ષા)ના ગ્રાહકોને યુપીઆઈ- આધારિત પેમેન્ટ વિકલ્પ આપ્યો છે. કલ્યાણની ધનવર્ષા પ્રાયોરિટી ગોલ્ડ અને ધનવર્ષા પ્રાયોરિટી ડાયમંડ યોજનાઓના ગ્રાહકો યુપીઆઈ ઈન્ટરફેસનો ઉપયોગ કરીને હવે માસિક ચુકવણી કરી શકે છે. યુપીઆઈથી મોબાઈલ મંચ પર બે બેન્ક ખાતાં વચ્ચે ભંડોળ તાત્કાલિક ટ્રાન્સફર થઈ શકે છે. કલ્યાણ જ્વેલર્સ યુપીઆઈ પેમેન્ટ વિકલ્પ માટે એસબીઆઈ સાથે જોડાણ કરનારી પ્રથમ જ્વેલરી કંપની છે.કલ્યાણ જ્વેલર્સ યુપીઆઈ- આધારિત પેમેન્ટ વિકલ્પોઆપવા માટે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા સાથે ભાગીદારી કરવામાં બેહદ ખુશ છે, જે સુવિધા અમારા ગ્રાહકોને સુવિધા આપવા સાથે આસાન અનેતાત્કાલિક ભંડોળ ટ્રાન્સફર કરવાની સુવિધા આપશે. કલ્યાણ જ્વેલર્સ ડિજિટાઈઝેશનમાં આગેવાન છે અને સંગઠિત જ્વેલરી ક્ષેત્રમાં પારદર્શકતાલાવવામાં આગેવાન રહી છે. ભારત સરકારના ડિજિટલ અર્થવ્યવસ્થામાં પરિવર્તિત થવાના ધ્યેય સાથે સુમેળ સાધતી આ મોટી પહેલ છે.કલ્યાણની ધનવર્ષા પ્રાયોરિટીથી ગ્રાહકો યુપીઆઈ પેમેન્ટ વિકલ્પ ઉપરાંત ચેક, ડેબિટ કાર્ડસ, ક્રેડિટ કાર્ડસ અને પેટીએમ જેવી અન્ય પેમેન્ટ વિકલ્પોનો ઉપયોગ કરી શકે છે.

### આત્મચિંતન

## બહાર નહીં અંદર પણ જુઓ

મનુષ્યના અંતરમાં સત્ય,જ્ઞાન સ્વરૂપ અનંત જયોર્તિમય બ્રહ્મનો,પરમતત્વનો નિવાસ છે. જે જયોતિષા યદજયોતિ : અતિ શુભ્ર જયોતિઓની પણ જયોતિ છે. કદાચ આપણે એક ક્ષણવાર માટે પણ પોતાના અંતરમાં પ્રવેશીને આ પરમ જયોતિના દર્શન કરી લઈએ તો કૃતકૃત્ય બની જઈશું. પરમ શાંતિ, સ્તબ્ધતા, નીરવતા, ગંભીરતા, એકરસતાના કીરણોમાં તરબોળ બનીને જીવનમાં સમસ્ત કલેશ, દુઃખ, સંઘર્ષ, અશાંતિ, દુખો વગેરેથી મુક્તિ મેળવી લઈશું. જેમ કે સાગરના અંતરમાં ડુબકી મારતાં બાહ્ય જગતનો કોલાહલ સંભળાતો નથી.જીવનની એક અનિવાર્ય અને મહત્વપૂર્ણ સાધના છે. પોતાના અંતરનું જ્ઞાન થવું જન્મ પ્રાપ્ત કર્યા પછી સંસારના નામ, રૂપ, રંગ, સજાવટ, પદાર્થોનો સંસર્ગ, અહીંની પ્રવૃત્તિઓ, હલનચલનનો સંપર્ક, આપણા જીવનના બાહ્ય પટલ સાથે રહે છે. સંસારના સુખ દુઃખ, હાનીલાભ, જરા મરણ, કીર્તિ અપકીર્તિ એ બધા ક્ષણભંગુર છે. તેમને મહત્વ ન આપતાં આપણા અંતરમાં આત્મદેવની અજર-અમર, અવિનાશી જયોતિનાં દર્શન સદૈવ કરતાં રહેવું જોઈએ. આ રીતે આત્મામાં લીન થતાં કોઈ સમસ્યા, કોઈ મુંઝવણ, કોઈ રોગશોક નહીં રહે. કારણ કે નિત્ય સમક્ષ અનિત્યનું કોઈ મહત્વ જ રહેતું નથી. અભ્યાસ દ્વારા આ સત્યને જીવનનું એક અંગ બનાવી લેવાથી મનુષ્ય સંસારમાં રહેવા છતાં પણ જીવનમુક્ત બની જાય છે.**ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## ગુજરાતી ફિલ્મ હું તારા ઈશ્કમાંનું સંગીત અને ટ્રેઈલર રજૂ કરાયુ



અમદાવાદ

આગામી ગુજરાતી ફિલ્મ હું તારા ઈશ્કમાંના કલાકારો અને કસબીઓ દ્વારા આજેઅમદાવાદમાં યોજાયેલા એક ઝમકદાર સમારંભમાં સંગીત અને ટ્રેઈલર રજૂ કરવામાં આવ્યું છે. આ ફિલ્મ તા. ૩ નવેમ્બરથી થિયેટરોમાં રજૂથનાર છે અને તે બ્લુ ડાયમન્ડ પ્રોડકશન હાઉસનું નિર્માણ છે. તેનાં મ્યુઝિક લેબલ વી કંપની પાસે છે. સંગીત દિગ્દર્શક મનોજ વિમલ અનેગાયકો જાવેદ અલી, પામેલા જૈન, જયદેવ ગોંસાઈ અને સાજીદ ખયાર પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા.રાજ બોરીચા અને ચંદન પટેલ દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મની કથા વર્તમાન સમયના યુવકો, તેમના સંબંધો, મહેચ્છાઓ અને નસીબને કારણેઆવેલા વળાંકની આસપાસ આકાર લે છે. એની વાર્તા કોલેજના બે ટીનેજર, તેમના પ્રેમ ઉપર કેન્દ્રિત થયેલી છે, જે અલગ ધર્મને કારણેનોખા પડે છે અને આખરે તેમનું મિલન થાય છે. ફિલ્મના મુખ્ય કલાકારોમાં સૂરજ કુમાર, સાહિલ શેખ, વૈભવ શાહ, તેજસ ગઢવી, સાયા કાસિફ, પ્રિયા સોની , પરેશ રાઠોડ, કાર્તિક ઠક્કર,કરણ પરમાર અને કૌશલ શાહનો સમાવેશ થાય છે.આ ફિલ્મ ચોક્કસપણે સૌને વિચારતા કરી મૂકે તેવી છે. હું તારા ઈશ્કમાં ફિલ્મ અભિનેતા સૂરજ કુમાર માટે લોન્ચ પેડ તરીકે કામ કરશે અને તે ગુજરાતી ફિલ્મ ઉદ્યોગમાં એક નવી પ્રતિભા તરીકેઉભરી આવશે. તે અભિનેત્રી પ્રિયા સોની સાથે કામ કરી રહ્યો છે. કુમાર ક્રિકેટર તરીકેની ભૂમિકા ભજવશે અને ટેનિસ પ્લેયર તરીકેની ભૂમિકાસોનીની છે.

## અમદાવાદની પ્રથમ રૂમેથોનમાં આર્થરાઈટીસ અંગે જાગૃતિ પ્રસારવાના શપથ



અમદાવાદ

અમદાવાદ મેરેથોનના કન્સેપ્ટ પર યોજાનારી સૌ પ્રથમ રૂમેથોનને સહયોગ આપી આર્થરાઈટીસનો ભોગ બનેલી વ્યક્તિઓને પ્રોત્સાહન આપવા તથા જાહેર જનતામાં આ રોગ અંગે જાગૃતિ પેદા કરવાનો પ્રયાસ થશે. રૂમેટોલોજી એસોસિએશન ઓફ ગુજરાત અને અંતરધ્વનિ નામના એન્કીલોઝીંગ સ્પોન્ડિલાઈટિસ સપોર્ટ ગ્રુપ દ્વારા આ સમારંભ તા.૧૫ ઓક્ટોબરના રોજ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે હાથ ધરવાનું આયોજન કરાયું છે. આ સમારંભમાં ટ્રેક ઉપર ૫૦૦ સ્પર્ધકો અને દર્દીઓ સામેલ થશે તેવી અપેક્ષા છે. સમારંભનો ઉદ્દેશ આરોગ્યની સ્થિતિ અંગે તાગ મેળવીને પૂરતી કસરત અને ઈષ્ટ આહારનો સમાવેશ થાય તે રીતે તંદુરસ્ત જીવનશૈલી અપનાવવા પ્રેરણા આપવાનો છે.આ મેરેથોન પછી રૂમેટોલોજીસ્ટ અને ફિઝિયોથેરાપિસ્ટ સાથે માહિતીના આદાન- પ્રદાનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેમાં આર્થરાઈટીસની સંભાળ વિશે માહિતી અપાશે. આ ચર્ચામાં રોગની પ્રકૃતિ, શરીર ઉપર થનારી અસર, નિદાન અને સંભાળ જેવા મુદ્દાઓને આવરી લેવામાં આવશે.આપણી પાસે એલોપથીમાં આર્થરાઈટીસથીથયેલા નુકશાનની અસરકારક સારવાર માટે સલામત અને અસરકારક પધ્ધતિઓ છે. આ રોગો યોગ્યસારવારથી અટકાવી શકાય છે, પરંતુ ઘણીવાર આપણે વારંવાર સાંધામાં થતા દુઃખાવા અથવા તોઅન્ય ચિહ્નો જેવા આરોગ્યના વિપરીત નિર્દેશોને અવગણીએ છીએ. આ સ્થિતિમાં સુધારો કરવાની જરૂર છે.રૂમેથોનને કારણે ડરથી પિડાતા લોકોમાંઆત્મવિશ્વાસ આવશે અને તેમને સામાન્ય જીવન જીવવા માટેના યોગ્ય પ્રયાસો હાથ ધરવા માટે પ્રોત્સાહન મળશે.

## કરણ ગ્રોવર વીયુ અને વિક્રમ ભટ્ટની સ્પોટલાઈટ રમાંથી ફર્સ્ટ લૂકમાં અસલી રોકસ્ટાર જેવો લાગે છે



વીયુ અને વિક્રમ ભટ્ટનો સંગીતબદ્ધ ડ્રામા સ્પોટલાઈટ રમાં મુખ્ય ભૂમિકામાં સુસજ્જ અભિનેતા કરણ વી ગ્રોવરનો પ્રથમલૂક બહાર આવ્યો છે અને તે અત્યંત આગઝરતો દેખાઈ રહ્યો છે. આ અદભુત રોકસ્ટારની ભૂમિકામાં ચર્મિંગ અભિનેતાનીછબિ તેની ઝાકઝમાળ, ગિટાર વાદન અને મંત્રમુગ્ધ કરનારું સંગીત નિર્માણ કરતો લૂક તેની નવી ઊંચાઈ આપે છે. આગામીસિરીઝ સ્પોટલાઈટ ર માટે તેણે ધારણ કરેલો આ મજબૂત લૂક તેના બધા જ ચાહકોને મંત્રમુગ્ધ કરીને રહેશે.પ્રતિભાશાળી અને સફળ સંગીતકાર પણ પોતાની કારકિર્દીમાં પડતી આવ્યા પછી તેની કારકિર્દીનું આ પરિવર્તન તેનું જીવનકઈ રીતે રગદોળી મૂકે છે તે દર્શાવતી પોતાની ભૂમિકા વિશે બોલતાં કરણ વી ગ્રોવર કહે છે, સ્પોટલાઈટ રમાં મારી ભૂમિકાયુવા સંગીતકારની છે, જે ખુશમિજાજી છે અને સફળતાથી નિષ્ફળતા સુધી બંને બાજુઓ જુએ છે. તેની કારકિર્દીમાં ચરમ સીમાને સ્પર્શ કરવાથી પડતી સુધીનો તેનો પ્રવાસ અત્યંત રસપ્રદ છે.સ્પોટલાઈટ ર વીયુ પર ઓક્ટોબરમાં પ્રસારિત થવા માટે સુસજ્જ છે.

## સ્મૃતિઓ મેં વાંચેલી આજ સુધીની સૌથી ઉત્તમ સ્ક્રિપ્ટમાંથી એક છેઃ રોહિત રોય

ઈન્ટરનેટ પર આજકાલ VIU ડિજિટલ શોની ધૂમ ચાલી રહી છે. આ ડિજિટલ મંચ લક્ષ્યના દર્શકોને ધ્યાનમાં રાખીને રોમાંચક ઓરિજિનલ કન્ટેન્ટ સાથે દર્શકો જકડી રાખવા માટે સુસજ્જ છે. ટૂંક સમયમાં જ આ મંચ પર પ્રસારિત થનારો રોમેન્ટિક કમ થ્રિલર શો મેમરીઝ વિશે હાલમાં ખૂબ ચર્ચા ચાલી રહી છે. અવ્વલ ડાયરેક્ટર કમ પ્રોડ્યુલર વિક્રમ ભટ્ટની પ્રસ્તુતિ આ શોનું શૂટ એપિસોડિક સિરીઝમાં શરૂ થઈ ચૂક્યું છે અને કલાકારો આ અજોડ સંકલ્પના માટે કામ કરવામાં બેહદ ખુશી અનુભવી રહ્યા છે.રોહિત રોય આ શોમાં સિદ્ધાર્થ સરીન નામે એન્કરની ભૂમિકામાં જોવા મળવાનો છે. વિક્રમ ભટ્ટ અને હું લાંબા સમયથી કશું અલગકરવાનું નિયોજન કરી રહ્યા હતા, પરંતુ તે શક્ય બનતું નહોતું. વિક્રમ ભટ્ટે આ જ સમયગાળામાં મને સિદ્ધાર્થ સરીનની ભૂમિકા વિશેજાણકારી આપી ત્યારે મારી ખુશીનો કોઈ પાર નહોતો. આ સિરીઝમાં તાજગીપૂર્ણ કન્ટેન્ટ સાથેની પરોવી રાખનારી વારતારેખા છેઅને ખૂબ ઊંડાણ છે. વારુ, રોહિત રોયના ચાહકો માટે આ ટ્રીટ બની રહેશે, કારણ કે તે પહેલી જ વાર વેબ સિરીઝમાં જોવા મળવાનો છે. મેમરીઝ નવેમ્બરથી શુભારંભ થશે, જે વિશે વધુ અપડેટ્સ માટે ફૈં જોતા રહો.

## MINI ઓન ટુર સાથે સાધારણને છોડો

***પ્રતીકાત્મક MINI નું અમદાવાદમાં આગમન.***



અમદાવાદ

MINI ઈન્ડિયાએ MINI ઓન ટુર રજૂ કરી છે, જે ભારતનાં ૧૮ શહેરોમાં દંતકથા સમાન MINI ગો-કાર્ટ અનુભવ પૂરું પાડવાનું ખાસ મંચ છે. MINI ઓન ટુર ૧૨-૧૫ ઓક્ટોબર, ૨૦૧૭ના અમદાવાદમાં યોજાશે અને તેને અમદાલાદ વન મોલ ખાતે ઊભી રખાશે. અમદાવાદ પછી તે કોલકતા, લુધિયાણા, દહેરાદુન, પુણે, ગોવ, મેન્ગલોર, મૈસુર, કોચી, કોઈમ્બુર, સાલેમ, વિજયવાડા અને ભુવનેશ્વરમાં ઓગસ્ટથી ડિસેમ્બર ૨૦૧૭ સુધી ટુરના ભાગરૂપ પ્રવાસ કરશે. MINIઓન ટુર અત્યાધુનિક મોબાઈલ શોરૂમ છે. MINI ઓન ટુર દરેક શહેરમાં બે મુખ્ય સ્થળો ખાતે ચાર દિવસ માટે ઊભી રખાશે.

MINIઓન ટુર સાથે અમે પ્રતીકાત્મક MINI સાથે તમારા રોજના કંટાળાજનક જીવનમાંથી બહાર આવવા અને સાધારણમાં વધારાનો રોમાંચ, ઉત્સ્ફૂર્તતા ઉમેરવા તમને આમંત્રણ આપીએ છીએ. તો કાર્સની MINIરેન્જ નિકટતાથી અને અંગત રીતે જુઓ અને તમારે માટે ઉત્તમ અનુકૂળ MINI શોધી કાઢો."

## ડી પી વર્લ્ડ મુન્દ્રા દ્વારા સાફ – સફાઈના કાર્યક્રમનું આયોજન



ગ્લોબલ ગો ગ્રીન કેમ્પેઈનના ભાગ તરીકે, ડી પી વર્લ્ડ મુન્દ્રા બરોઈમાં સાફ – સફાઈનું કામ હાથ ધરી રહી છે.આ પહેલ દ્વારા, સ્વયંસેવકોએ આશરે ૩૧૫૦ કિલો કચરો શહેરમાંથી એકત્રિત કર્યો છે.

## ફોર્ડ દ્વારા શ્રેષ્ઠ કાલના નિર્માણ માટે સિટી ઓફ ટુમૉરો સિંપોઝિયમનું આયોજન

ફોર્ડ મોટર કંપનીએ નવી દિલ્લીમાં સિટી ઓફ ટુમૉરો સિંપોઝિયમનું આયોજન કર્યુ. આનો હેતુ સાર્વજનિક તથા ખાનગી ક્ષેત્રો વચ્ચે સહયોગ અને ટેકનોલોજીના સંશોધનકારક ઉપયોગ દ્વારા ભવિષ્યમાં આપણા શહેરોને શ્રેષ્ઠ બનાવવાની રીતોને શોધવાનો હતો. સિટી ઓફ ટુમૉરો ફોર્ડનું દીર્ઘકાલીન વિઝન રજૂ કરે છે, જેના દ્વારા વિશ્વસ્તરીય વાહનો, મોબિલિટી સેવાઓ તથા પરિવહન સમાધાનોની વ્યાપક શ્રેણી દ્વારા લોકોની જિંદગી શ્રેષ્ઠ બનાવવામાં મદદ કરી શકાય છે. આજે દુનિયામાં ઉપસ્થિત પરિવહન મોડલ કાલે કામ નહી કરી શકે. ફોર્ડની ઈચ્છા છે કે શહેરની પરિવહન વ્યવસ્થા જામમુક્ત હોય, તેમાં અનેક વિકલ્પ ચૂંટવાની સુવિધા હોય અને તે દરેકને મોબિલિટી પૂરી પાડે. આ હાંસલ કરવા માટે ઉન્નત સમાધાનોની જરૂરિયાત છે. અહીં સુધી પહોંચવા માટે આપણે સામૂહિક ચિંતન કરવું પડશે, અને બદલાવના એજન્ટ શહેરો તથા પાર્ટનરો સાથે કામ કરવાનું રહેશે.

## દ ડાયોસીસ ઓફ અમદાવાદ દ્વારા પ્રોજેક્ટ વિઝન-૨૦૧૭ અંતર્ગત અમદાવાદ ખાતે બ્લાઈન્ડ વોકનું આયોજન



૧૨ ઓક્ટોબરના રોજ વર્લ્ડ સાઈટ ડે નિમિત્તે દુનિયાના સૌથી વિશાળ ચક્ષુદાન કાર્યક્રમનું આયોજન એક અનોખા કાર્યક્રમ 'બ્લાઈન્ડ વોક' અંતર્ગત કરવામાં આવશે, જેનું આયોજન પ્રોજેક્ટ વિઝન નામની એનજીઓ દ્વારા કરવામાં આવ્યું છે. બ્લાઈન્ડ વોકનું આયોજન પાંચ દેશોમાં એક જ દિવસે ૨૦૦ સ્થળોએ કરવામાં આવશે. જેમાં અંધજનોની મદદથી એક લાખ લોકો આંખો પર પટ્ટી બાંધીને ચાલશે. આ સમગ્ર કાર્ય્રમ આઈ ડોનેશન મૂવમેન્ટનો છે જે પ્રોજેક્ટ વિઝન દ્વારા હાથ ધરાઈ છે અને તેનો હેતુ દુનિયાભરમાંથી કોર્નિયલ બ્લાઈન્ડનેસ દૂર કરવાનો છે. આ અભિયાનમાં સેંકડો બિનસરકારી અને ગ્રાસ રૂટની સંસ્થાઓ સામેલ થવાની છે. બે કેન્દ્રીય મંત્રીઓ, અમુક મુખ્યમંત્રીઓ, રાજ્યપાલો અને જાહેર ક્ષેત્રના લોકો વિવિધ સ્થળે આયોજિત બ્લાઈન્ડ વોકમાં સામેલ થવાના છે.અમદાવાદમાં 'બ્લાઈન્ડ વોક'નું આયોજન ૧૨ ઓક્ટોબરના રોજ વર્લ્ડ સાઈટ ડે નિમિત્તે સવારે ૧૦.૦૦ વાગ્યે થી ખાતે આયોજીત કરવામાં આવશે જેમાં દ ડાયોસીસ ઓફ અમદાવાદના મેમ્બર્સજાણીતા ગ્લેમરસ ટેલી અને મૂવી સ્ટાર્સ, પીઆરએસઆઈ અમદાવાદ ચેપ્ટરના કમિટી મેમ્બર્સ પણ આ નોબેલ થીમ અને ઈવેન્ટના હેતુ માટે સૌહાર્દ દર્શાવવા માટે ઉપસ્થિત રહેશે. બે નું આ બ્લાઈન્ડ વોક બેંગલુરુ સ્થિત સંસ્થા પ્રોજેક્ટ વિઝન દ્વારા નવીનતમ રીતે બ્લાઈન્ડ વોકનું આયોજન થયું છે જે અંધજનો પ્રત્યેની ઐક્યની ભાવના વ્યક્ત કરે છે અને જોઈ શકતા લોકોને આંખોનું દાન કરવા માટે પ્રેરિત કરે છે. આ કાર્યક્રમ પ્રોજેક્ટ વિઝનની આઈ ડોનેશન મૂવમેન્ટનો એક ભાગ છે. બ્લાઈન્ડ વોકની વિશેષતા એ છે કે જોઈ શકતા લોકો પોતાની આંખો પર પટ્ટી બાંધીને ચાલશે અને તેઓને અંધજનને આ સમયે થતા અનુભવમાંથી પસાર થવાનું આવશે અને ખુદ અંધ હોય એવું અનુભવશે. આ બ્લાઈન્ડ વોક એક કિમી સુધીના અંતરમાં આયોજિત કરાશે. ૨૦૧૪માં બેંગલુરુ ખાતે એમ જી રોડ પરથી શરૂ થયેલ બ્લાઈન્ડ વોક હવે ૧૦૦ બ્લાઈન્ડ વોક સુધી વિસ્તરી છે. ૨૦૧૫માં અમેરિકા, ચીન, શ્રીલંકા, નેપાળ અને ભારતમાં ૫૫ સ્થળોએ આ બ્લાન્ડ વોકનું આયોજન થયું હતું જેમાં ૨૫૦૦૦ લોકોને આ રીતે અંધત્વનો અનુભવ કરાવાયો હતો અને તેઓ તેમની આંખોનું દાન કરવા માટે તૈયાર થયા હતા.આ બ્લાઈન્ડ વોકનું હૃદયસ્પર્શી પાસુ એ છે કે તેમાં આંખે પટ્ટી બાંધેલા લોકોને અંધજનો માર્ગમાં આગળ દોરી જતા હોય છે. આ પ્રમાણે અંધજનો આ બ્લાઈન્ડ વોકનું નેતૃત્વ કરે છે. જે સમયે પોતાની વ્હાઈટ કેન દ્વારા અંધજનો પોતાનો માર્ગ શોધે છે ત્યારે જોઈ શકતા પણ પટ્ટીના કારણે થોડા સમય માટે અંધ બનેલા લોકો એ અંધજનોના આધારે આગળ વધી શકતા હોય છે.

## રુમેટાયડ આર્થરાઈટિસની તુરંત ઓળખ જરૂરી : નિષ્ણાંત

વિશ્વ આર્થરાઇટિસ દિવસ પર અમદાવાદના ડૉ. રીના શર્મા અને ડૉ. પૂજા શ્રીવાસ્તવનું કહેવું છે કે સંધિવા રુમેટાયડ આર્થરાઇટિસ (આરએ)ના કિસ્સામાં વૃદ્ધિનું મુખ્ય કારણ જાગૃતતાની ઉણપ છે. આ એક લાંબા સમય સુધી બની રહેતી બીમારી છે, જે નાના સાંધામાં સામાન્ય દર્દ રૂપે શરૂ થાય છે, અને આનો ઈલાજ જલ્દીથી ન કરાવા પર ધીરે-ધીરે શરીરના બાકી ભાગોને પણ અસર કરે છે. રુમેટાયડ આર્થરાઇટિસ એક ક્રોનિક, ઑટો રોગપ્રતિકારક બીમારી છે જેમાં શરીરની પ્રતિરક્ષા પ્રણાલી સાંધાની સુરક્ષા કરતા ટીશ્યુમાં ઈંફ્લામેશન ઉભું કરી સ્વસ્થ જોડો પર હમલો કરીને શરીર પર હમલો કરવાનું શરૂ કરી દે છે. આનાથી સોજો, પીડા અને જકડાઇ જવાનો અનુભવ થાય છે. જો નાના સાંધામાં પીડા અને સોજો અમુક અઠવાડીયા સુધી બની રહે છે અને સાથે જ જો સવારે ૩૦ મિનિટથી લઇને એક કલાક સુધી જકડાઇ પણ રહે તો રોગીમાં રુમેટાયડ આર્થરાઇટિસ હોવાની શક્યતા વધુ હોય છે. આ બીમારીની સમય પર ઓળખ નહી થવા પર આંગળીઓ વળી જવી, હાથની માંસપેશિઓ નબળી પડવી જેવી વિકૃત્તિઓ સામે આવવા લાગે છે, જેનાથી વ્યક્તિ ચીજોને ઉઠાવવા અને પકડવામાં અસમર્થ થઇ જાય છે. આ ઉપરાંત કોણી અને ખભા જેવા જોડોમાં નબળાઇ આવી જાય છે જેનાથી અસરગ્રસ્ત હાથને ઉઠાવવામાં મુશ્કેલી થાય છે અને જો શરીરનું નીચલું અંગ અસરગ્રસ્ત થાય તો વ્યક્તિ પથારીવશ થઇ જાય છે. રુમેટાયડ આર્થરાઇટિસ ન માત્ર સાંધાની બીમારી છે, ઉપરાંત આ ફેફસા અને રક્તવાહિનીઓને પણ અસર કરી શકે છે. જો કે રુમેટાયડ આર્થરાઇટિસનો ઈલાજ શક્ય નથી પરંતુ આને અન્ય ક્રોનિક બીમારી, ડાયબિટીસની જેમ અસરકારક રીતે નિયંત્રિત અને સંચાલિત કરી શકાય છે. પીડાથી રાહત મેળવવા માટે પીડા નિવારક દવાઓનું સેવન કરવું યોગ્ય નથી. રુમેટાયડ આર્થરાઇટિસને નિયંત્રિત કરવા પર ઈલાજ કરવો મુશ્કેલ થઇ જાય છે. આ માટે આ સ્થિતિથી મુક્તિ મેળવવા માટે રોગની જલ્દી જાણ લગાવવી યોગ્ય રીત છે. નિષ્ણાંતોનું કહેવું છે કે રુમેટાયડ આર્થરાઇટિસનો કોઇ ઈલાજ નથી પરંતુ દવાઓ સાંદામાં ઈંફ્લામેશન અને પીડાને ઘટાડી શકે છે અને સાંધાની ક્ષતિને ધીમી કરી શકે છે કે રોકી શકે છે. અકુપેશનલ અને ફિઝિયોથેરપીથી સાંધાને વધુ ક્ષતિ થવાથી બચાવવામાં મદદ મળી શકે છે. અમુક વ્યાયામ પણ તમારા જોડોને ફાયદારૂપ સાબિત થાય છે.

## કોળી સમાજ દારૂના વ્યસનમાંથી મુક્ત થવા કટિબધ્ધ , રાજુલા અને જાફરાબાદ વાઈ ફાઈ થતાં સ્થાનિક લોકોમાં ઉત્સાહ

જાફરાબાદ

રાજુલા-જાફરાબાદમાં છેલ્લા પાંચ વર્ષમાં વિકાસના અનેક કાર્યો અને વિકાસલક્ષી યોજનાઓનું સફળ અમલીકરણ કરવામાં આવ્યું છે. રાજુલા-જાફરાબાદના જાગૃત પ્રતિનિધિ હિરાભાઈ સોલંકી દ્વારા હંમેશાં પોતાના વિસ્તારના પ્રશ્નોને વિધાનસભામાં વાચા આપીને પ્રજાની સમસ્યાઓને દૂર કરવા માટે તેઓ હંમેશાં સક્રિય રહે છે. હિરાભાઈ સોલંકી રાજ્ય સરકારમાં સામાજિક અનેપછાત વર્ગોના કલ્યાણ વિભાગના સંસદીય સચિવ તરીકેની જવાબદારી પણ નિભાવે છે, તેમ છતાં પણ પોતાના વિસ્તારના પડતર પ્રશ્નો અને સરકારી યોજનાઓના અસરકરાક અમલીકરણ માટે હંમેશાં સક્રિય જોવા મળે છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું ડિજીટલ ઈન્ડિયાનું સ્વપ્ન સાચા અર્થમાં રાજુલા અને જાફરાબાદમાં સાકાર થયું છે. ધારાસભ્ય દ્વારાસમગ્ર રાજુલા અને જાફરાબાદને વાઈ-ફાઈ બનાવવામાં આવ્યું છે. સમગ્ર ગુજરાતમાં પ્રથમવાર ગ્રામ્ય વિસ્તારના નાગરિકોનેઈન્ટરનેટની સુવિધા પૂરી પાડવામાં આવે છે.યુવાનોને ઉચ્ચશિક્ષણ માટે બહાર જવું ન પડે એટલા માટે ઘરઆંગણે જાફરાબાદમાં વાણિજ્ય કોલેજની શરૂઆત કરવામાં આવીતેમજ યુવાઓ કૌશલ્યવાન બને તે હેતુથી આઈટીઆઈનું નિર્માણ પણ કરવામાં આવ્યું છે. આઈટીઆઈના નિર્માણથી સ્થાનિકયુવાઓને રોજગારી પ્રાપ્ત થઈ રહી છે. નાના ભૂલકાંઓ માટે આંગણવાડીનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. જાફરાબાદમાંવિદ્યાર્થીઓને અભ્યાસ કરવા માટે હોસ્ટેલનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત મોડલ સ્કૂલ પણ બનાવવામાં આવી છે.તાજેતરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદી અમરેલીની મુલાકાતે આવ્યા હતા ત્યારે તેઓએ હિરાભાઈને કોળી સમાજમાં વ્યાપેલાદારૂના વ્યસનમાંથી યુવાનોને બહાર નીકાળવાની જવાબદારી આપી હતી. હિરાભાઈએ કોળી સમાજના યુવાનોને દારૂનાવ્યસનમાંથી મુક્ત બનાવવા માટે પ્રતિજ્ઞા લઈ તેને જીવનમંત્ર બનાવી દીધો છે. તેમના દ્વારા સોશ્યલ મીડિયામાં " એક ડગલું કોળીસમાજને વ્યસન મુક્ત બનાવવાની દિશામાં " અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત ફેસબુક અને વોટ્સએપ પરવિડીયો અને સૂત્રો પોસ્ટ કરવામાં આવી રહ્યા છે. જેમાં ખુબજ મોટી સંખ્યામાં કોળી સમાજ તેમની સાથે જોડાયો છે અને સમાજતેમના અભિયાનના સમર્થનમાં સહભાગી બન્યો છે છે. આવનારા સમયમાં તેમના દ્વારા ખૂબજ મોટું અભિયાન હાથ ધરવામાં આવશે. યુવાનો શારિરિક રીતે સશક્ત બને તે હેતુથી જીમખાનાનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે.

## અમુલ ફેડરેશનને ઈન્ટનેશનલ એડવર્ટાઈઝીંગ એસો. દ્વારા એફએમસીજીની ફુડ કેટેગરીમાં સર્વશ્રેષ્ઠતાનો એવોર્ડ

અમદાવાદ

ગુજરાત કો.ઓપ.મીલ્ક માર્કેટીંગ ફેડરેશન લી.કે જે અમુલ બ્રાન્ડ હેઠળ દુધ અને દુધની બનાવટોનું વેચાણ કરે છે. તેને ઈન્ટરનેશનલ એડવર્ટાઈઝીંગ એસો.દ્વારા એફએમસીજીની ફુડ કેટેગરીમાં સર્વ શ્રેષ્ઠતાનો એવોર્ડ મળેલ છે. અમુલ ફેડરેશનને આ એવોર્ડ ૫ માં ઈન્ટર નેશનલ એડવર્ટાઈઝીંગ એસો.દ્વારા આયોજીત એક સમારંભમાં ૭ ઓકટો.ના રોજ મુંબઈમાં આપવામાં આવેલ હતો. આ પ્રતિષ્ઠીત એવોર્ડ ઈન્ટરનેશનલ એડવર્ટાઈઝીંગ એસો.ના ઈન્ડીયન ચેપ્ટર દ્વારા તેવી સંસ્થાઓને આપવામાં આવે છે કે જે સંસ્થા દ્વારા માર્કેટીંગ એડવર્ટાઈઝીંગ અને મીડીયા સેકટરમાં ખુબ જ પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હોય.

અમુલ ફેડરેશનના ૩૬ લાખ દુધ ઉત્પાદકો વતીથી એવોર્ડ લેતા કે. એમ.ઝાલા, ચીફ ઓપરેટીંગ ઓફિસરે ઈન્ટરનેશનલ એડવર્ટાઈઝીંગ એસો.નો આભાર વ્યકત કર્યો હતો અને અમુલના સહકારી માળખા દ્વારા વેચાણ કરવામાં આવતા દુધ અને દુધની બનાવટોના માર્કેટીંગ અને એડવર્ટાઈઝીંગની પ્રશંસા કરવા બદલ આભાર વ્યકત કરેલ હતો.

## વોગ આઈવેરે શ્રદ્ધા કપૂરની વી-સાઈડને વ્યકત કરી છે



આ વર્ષે વોગ આઈવેરએ સમગ્ર વિશ્વમાં દરેક મહિલાને એક શક્તિશાળી સંદેશ આપતું અભિયાન #SHOWYOURVOGUE શરૂ કર્યું છે. દરેક સ્ત્રીની વી-સાઈડ હોય છે, જે તેના વ્યક્તિત્વ અને અભિગમને પ્રતિબિંબિત કરે છે, જે તેને તેના બાહ્ય સૌંદર્ય કરતાં વધારે અનન્ય અને સુંદર બનાવે છે. #SHOWYOURVOGUE એ તમારા માટે વિશ્વને તમારી સાચી લાક્ષણિકતાઓ અને આંતરિક સુંદરતા બતાવવા માટેનું આમંત્રણ છે. મહિલાઓના બહુમુખી સૌદર્યની ઉજવણી કરતી વખતે, વોગ આઈવેર સમગ્ર વિશ્વમાં સ્વતંત્ર અસ્તિત્વવાળી મહિલાઓ સાથે જોડાવવા અને તેમને તેમનું 'વોગ' એટલે કે તેમની ફેશન દર્શાવવા માટે આમંત્રિત કરે છે. ગીગી હાડિડ અને વોગ આઈવેર એ એક અનોખા ડિઝાઈન સહયોગ દ્વારા 'ગીગી હાડિડ ફોર વોગ સ્પેશિયલ સ્પેશિયલ કલેક્શન' રજૂ કરી આ અભિયાનને નવી ઊંચાઈ પર પહોચાડયું છે, જેમાં, ગીગીની ક્રિએટિવ વિઝન (સર્જનાત્મક દ્રષ્ટિ) એ સિઝનના હોટ ટ્રેન્ડઝને એક નવીન શૈલીમાં રજૂ કર્યા છે.આ સંદેશાને આગળ વધારવા આ બ્રાન્ડએ લોકપ્રિય ભારતીય અભિનેત્રી શ્રદ્ધા કપૂર સાથે સહયોગ કર્યો છે. વોગ આઈવેરે શ્રદ્ધાના વ્યક્તિત્વના વિશિષ્ટ પાસા 'ગાયન' માટે તેના પેસન(જુસ્સા)ને પકડયો છે, જે તેની વી-સાઈડ દર્શાવે છે. તે #ShowYourVogue અભિયાનનો ભારતીય અવાજ છે.

# ખેલફલક

જેમાં ક્રિકેટથી માંડીને તમામ રમતોની રસપ્રદ માહિતી...

## ડિસેમ્બરમાં દુબઈમાં રમાશે ટી-૧૦ લીગ : સેહવાગ-આફ્રિદી રમશે



ડિસેમ્બર, ૨૦૧૭માં રમાનાર ટી-૧૦ ક્રિકેટ લીગની તૈયારી શરૂ થઈ ગઈ છે. દુબઈમાં આ લીગની ઓફિશિયલ જાહેરાત કરવામાં આવી હતી. આ દરમિયાન પાકિસ્તાનનો સ્ટાર ક્રિકેટર શાહિદ આફ્રિદી અને ઈંગ્લેન્ડનો ક્રિકેટર ઈયાન મોર્ગન હાજર રહ્યો હતો. ટી-૨૦ ક્રિકેટને મળેલી જોરદાર સફળતા બાદ આ લીગને લાવવાની તૈયારી થઈ રહી છે. જેનું નામ 'ટેન ક્રિકેટ લીગ' છે.આ ટૂર્નામેન્ટ ૪ દિવસ ચાલશે. ૨૧ ડિસેમ્બરે તેની શરૂઆત થશે અને ફાઈનલ મુકાબલો ૨૪ ડિસેમ્બર, ૨૦૧૭માં રમાશે. ૧૦-૧૦ ઓવર્સની આ મેચ આશરે ૯૦ મિનિટ સુધી ચાલશે. ટૂર્નામેન્ટમાં આ ટીમ-પંજાબી લીજેન્ડ્સ, પખટુન્સ, મરાઠા અરેબિયન્સ, બાંગ્લા ટાઈગર્સ, કોલંબો લાયન્સ અને કેરાલા કિંગ્સ જેવી ટીમ છે. તમામ મેચ શારજાહ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે. કોલંબો

અનુસંધાન પાન નં.૬ ઉપર



## ઓસી.ઝડપી બોલર જોન હેસ્ટિંગ્સે ટેસ્ટ-વનડે ક્રિકેટરને અલવિદા કર્યુ

ઓસ્ટ્રેલિયાની ટીમને વધુ એક ઝટકો લાગ્યો છે. ઝડપી બોલર જોન હેસ્ટિંગ્સે ૩૧ વર્ષની ઉંમરમાં ટેસ્ટ અને વન ડે ક્રિકેટને અલવિદા કહ્યું છે. હેસ્ટિંગ્સે શુક્રવારે સંન્યાસની જાહેરાત કરી હતી. જો કે, તે ઓસ્ટ્રેલિયા તરફથી ટ્વેન્ટી-૨૦ મેચ રમવાનું ચાલુ રાખશે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ આ વાતની જાણકારી આપી હતી.

મીડિયા અહેવાલમાં હેસ્ટિંગ્સના હવાલાથી કહેવામાં આવ્યું છે કે, ચાર વખત ખબાની ઈજા, ચાર વખત એડીના ઓપરેશન કરાવવા અને ઘૂટણના ઓપરેશને મને કમજોર કરી દીધો છે. શરીર સાથ નથી આપી રહ્યું અને જ્યારે પણ હું ચાર દિવસીય કે વન ડે ક્રિકેટમાં વાપસીનો પ્રયાસ કરું છું તો એવું લાગે છે કે, કશું ગુમાવી દીધું છે. તેણે આગળ કહ્યું કે, આ મુશ્કેલ નિર્ણય છે, એક એવો નિર્ણય છે,જે લઈ શકાય તેમ નથી પરંતુ, મેં નિર્ણય લીધો છે કે, હું લાંબા ફોર્મેટથી અંતર બનાવીશ અને ટ્વેન્ટી-૨૦ પર ધ્યાન આપીશ.

ઉલ્લેખનીય છે કે, હેસ્ટિંગ્સે ૨૦૧૬માં વન ડે ક્રિકેટમાં ટોપ બોલર હતો. તેણે ૨૦૧૬માં ૧૫ મેચ રમીને ૨૯ વિકેટ લીધી હતી. જ્યારે એક ટેસ્ટ મેચ રમનાર આ ખેલાડીએ માત્ર ૧ જ વિકેટ લીધી છે. ઉપરાંત ૨૯ વન ડેમાં તેણે ૪૨ વિકેટ પોતાના નામે કરી છે. તેણે ૨૦૧૨માં દક્ષિણ આફ્રિકા સામે ડેબ્યુ કર્યું હતું. વન ડેમાં તેણે પોતાની પ્રથમ મેચ ૨૦ ઓક્ટોબર ૨૦૧૦માં ભારત સામે રમી હતી. ઉપરાંત નવ ટ્વેન્ટી-૨૦ મેચમાં ૭ વિકેટ લીધી છે.

## વર્લ્ડકપ : આર્જેન્ટીનાની પેરુ સામેની મેચ ડ્રો થતાં નિરાશા



**જર્મનીની ટીમ વર્લ્ડકપમાં પ્રવેશવામાં સફળ**

**ટીમ સ્પીરીટ**

વર્લ્ડકપ ક્વાલિફાઈંગ મેચોનો દોર યથાવતરીતે જારી રહ્યો છે. રોમાંચક મેચમાં વર્લ્ડ ચેમ્પિયન જર્મનીએ નોર્થન આયર્લેન્ડ ઉપર ૩-૧થી જીત મેળવીને વર્લ્ડકપમાં સ્થાન મેળવી લેવામાં સફળતા મેળવી હતી. જર્મની તરફથી વાગનર અને અન્ય ખેલાડીઓએ ધરખમ દેખાવ કર્યો હતો. જોઈ લોઉના નેતૃત્વમાં જર્મનીની ટીમ સતત શાનદાર દેખાવ કરવાની દિશામાં આગળ વધી રહી છે. મોટી સંખ્યામાં ચાહકો મેચ જોવા માટે ઉપસ્થિત રહ્યા હતા. બીજી બાજુ અન્ય ક્વોલિફાઈંગ મેચોમાં પણ કેટલાક અપસેટ પણ જોવા મળ્યા હતા. દક્ષિણ અમેરિકન રાઉન્ડ અપની વાત કરવામાં આવે તો આર્જેન્ટીનાની આશા હજુ પણ પૂર્ણ થઈ નથી. આર્જેન્ટીનાની પેરુ સાથેની મેચ ૦-૦થી બરોબર રહેતા આ ટીમ હજુ સુધી વર્લ્ડકપ ક્વાલિફાઈંગમાં જ છે. ટીમ વર્લ્ડકપમાં પહોંચી શકી નથી. પેરુ સાથેની મેચ ડ્રો થઈ ગયા બાદ આર્જેન્ટીનાની વર્લ્ડકપમાં પ્રવેશ માટેની આશા હજુ પુરી થઈ નથી. જાદુગર લિયોનેલ મેસ્સીની ઉપસ્થિતિ હોવા છતાં ટીમ પેરુ સામે જીતી શકી ન હતી. બ્યુનોસએરમાં રમાયેલી આ મેચમાં મેસ્સીની ઉપસ્થિતિ છતાં મેચ ડ્રો રહેતા ફુટબોલ ચાહકો ખુબ જ નિરાશ થયા હતા. આ પરિણામથી આર્જેન્ટીના દક્ષિણ અમેરિકાના મેરોથોન ક્વાલિફીકેશન રાઉન્ડમાં છઠ્ઠા રાઉન્ડ પર છે. પ્રથમ ચાર ટીમોમાં તે સામેલ થઈ રહી નથી. હવે આગામી સપ્તાહમાં આગામી મેચો વધુ રોમાંચક રહી શકે છે. ચિલી અને સાતમાં સ્થાને રહેલી પરાગ્વેની ટીમ વચ્ચે ખુબ ઓછુ અંતર છે. અન્ય મેચમાં પરાગ્વેએ પણ જીત મેળવી હતી. વેનેઝુએલા અને ઉરુગ્વે વચ્ચેની મેચ ૦-૦થી બરોબર રહી હતી. બોલિવિયા અને બ્રાઝિલની મેચ પણ ૦-૦થી બરોબર રહી હતી જ્યારે ઈક્વેડોર ઉપર ચિલીએ ૨-૧થી જીત મેળવી હતી. રોમાંચક મેચોનો દોર જારી રહ્યો હતો. વર્લ્ડકપ ૨૦૧૮માં રશિયામાં સ્થાન મેળવી લેવામાં ચિલીએ આશા જીવંત રાખી છે. માત્ર એક મેચ બાકી હોવાથી બ્રાઝિલની પણ હજુ ઈચ્છા પુરી નથી. ઉરુગ્વેએ વેનેઝુએલાની મેચમાં પરિણામ મળ્યા ન હતા.

## સ્પોર્ટ્સ ક્વીઝ

ડો.પી.ડી.શર્મા

**સવાલ :**

સવાલ: ૧૨-૧૦

૧. ડુરન્ડ કપ કઈ રમત સાથે સંકળાયેલ છે ?

૨. ગ્રાન્ડસ્લેમ શબ્દ કઈ રમત સાથે સંકળાયેલ છે?

૩.૧૯૭૧ માં ઈંગ્લેન્ડ સામે ભારતના વિજયના પ્રતિક રૂપે ૬૦ ફુટની ઉંચાઈનું સીમેન્ટનું બેટ ભારતના કયા શહેરમાં જોવા મળશે ?

૪.'પદ્મભુષણ' એવોર્ડથી સન્માનવામાં આવેલ પ્રથમ ક્રિકેટર કોણ છે ?

૫. હાલમાં જ ઈન્દોર મુકામે ઓસ્ટ્રેલિયા સામે ત્રીજી વન-ડે જીતીને ભારતના કેપ્ટન વિરાટ કોહલીએ વન-ડેમાં સળંગ નવમી મેચ જીતી કયા ભારતીય કેપ્ટનના રેકોર્ડની બરોબરી કરી હતી ?

૬. હાલમાં જ કઈ મહિલા ખેલાડીએ ટોકયોમાં યોજાયેલી પાન પેસીફીક ટેનીસ ટુર્નામેન્ટ જીતી હતી ? કઈ મહિલા ખેલાડીને હરાવીને ?

૭. હાલમાં જ કયા ખેલાડીએ જાપાન ઓપન સુપર સીરીઝ બેડમીન્ટન ચેમ્પિયનશીપ જીતી હતી ? કયા ખેલાડીને હરાવીને ?

૮. આવતા વર્ષે ટેનિસમાં રોડ લેવર કપ ટુર્નામેન્ટ કયારે અને કયાં રમાશે ?

૯. હાલમાં જ કઈ મહિલા ખેલાડીએ જાપાન ઓપન સુપર સીરીઝ બેડમીન્ટન ચેમ્પિયનશીપ જીતી હતી ? કઈ મહિલા ખેલાડીને હરાવીને ?

૧૦. હાલમાં જ ટેનિસમાં કઈ ટીમે સૌ પ્રથમ લેવર કપ જીતી લીધો હતો ? કઈ ટીમને હરાવીને ?

૧૧. 'હાલની ટીમમાં ભારતની ગ્રેટસ્ટ વન-ડે ટીમ બનવાની ક્ષમતા છે' હાલમાં જ આ વિધાન કોણે કર્યું હતું ?

૧૨. હાલમાં જ રમત મંત્રાલયે કઈ મહિલા ખેલાડીને ત્રીજા ક્રમના સર્વોચ્ચ નાગરિક સન્માન 'પદ્મભુષણ' એવોર્ડ માટે નોમીનેટ કરી છે ?

૧૩.ભારતમાં નવી દિલ્હી ખાતે આ વર્ષે ડિસેમ્બરમાં ખુલનારા મેડમ તુષાદ મ્યુઝિયમમાં ભારતના કયા લેજન્ડરી એથ્લીટનું મીણનું પુતળું મુકવામાં આવશે ?

જવાબ :

૧. ડુરન્ડ કપ ફુટબોલની રમત સાથે સંકળાયેલ છે.

૨. ગ્રાન્ડસ્લેમ શબ્દ ટેનીસની રમત સાથે સંકળાયેલ છે.

૩.૧૯૭૧ માં ઈંગ્લેન્ડ સામે ભારતના વિજયના પ્રતિક રૂપે ૬૦ ફુટની ઉંચાઈનું સીમેન્ટનું બેટ ભારતના ઈન્દોર શહેરમાં જોવા મળશે.

૪.'પદ્મભુષણ' એવોર્ડથી સન્માનવામાં આવેલ પ્રથમ ક્રિકેટર શ્રી સી.કે.નાયડુ છે.

૫. હાલમાં જ ઈન્દોર મુકામે ઓસ્ટ્રેલિયા સામે ત્રીજી વન-ડે જીતીને ભારતના કેપ્ટન વિરાટ કોહલીએ વન-ડેમાં સળંગ નવમી મેચ જીતી મહેન્દ્રસિંહ ધોની નામના ભારતીય કેપ્ટનના રેકોર્ડની બરોબરી કરી હતી.

૬. હાલમાં જ ડેનમાર્કની ટેનીસ સ્ટાર વોઝની આકીએ ફાઈનલમાં રશિયાની અનાસ્તાસીયા વેલ્યુચેન્કોવાને ૬-૦, ૭-૫ થી હરાવીને મહિલા ખેલાડીએ ટોકયોમાં યોજાયેલી પાન પેસીફીક ટેનીસ ટુર્નામેન્ટ જીતી હતી.

૭. હાલમાં જ ડેનમાર્કના વિકટર એકસલેસને મલેશિયાના લી ચોંગ વેઈને ૨૧-૧૪, ૧૯-૨૧, ૨૧-૧૪ થી હરાવીને ખેલાડીએ જાપાન ઓપન સુપર સીરીઝ બેડમીન્ટન ચેમ્પિયનશીપ જીતી હતી.

૮. આવતા વર્ષે ટેનિસમાં રોડ લેવર કપ ટુર્નામેન્ટ ૨૧ થી ૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૮, અને અમેરીકાના શિકાગો મુકામે રમાશે.

૯. હાલમાં જ સ્પેનની કારોલીના મરીને ચીનની હેબીંગ્જીયોને ૨૩-૨૧, ૨૧-૧૨ થી હરાવીને મહિલા ખેલાડીએ જાપાન ઓપન સુપર સીરીઝ બેડમીન્ટન ચેમ્પિયનશીપ જીતી હતી.

૧૦. હાલમાં જ ટેનિસમાં યુરોપીયન ટીમે વર્લ્ડ ટીમને ૧૫-૯ ના સ્કોરથી હરાવીને સૌ પ્રથમ લેવર કપ જીતી લીધો હતો.

૧૧. 'હાલની ટીમમાં ભારતની ગ્રેટસ્ટ વન-ડે ટીમ બનવાની ક્ષમતા છે' હાલમાં જ આ વિધાન ભારતના લેજન્ડરી ક્રિકેટર સુનીલ ગાવસ્કરે કર્યું હતું.

૧૨. હાલમાં જ રમત મંત્રાલયે ભારતીય બેડમીન્ટન ખેલાડી વી.પી.સીંધુ નામની મહિલા ખેલાડીને ત્રીજા ક્રમના સર્વોચ્ચ નાગરિક સન્માન 'પદ્મભુષણ' એવોર્ડ માટે નોમીનેટ કરી છે.

૧૩.ભારતમાં નવી દિલ્હી ખાતે આ વર્ષે ડિસેમ્બરમાં ખુલનારા મેડમ તુષાદ મ્યુઝિયમમાં ભારતના મિલ્બાસીંઘ નામના લેજન્ડરી એથ્લીટનું મીણનું પુતળું મુકવામાં આવશે.

-ડો.પી.ડી.શર્મા
(અમદાવાદ)

## ભારતના બંને ઓપનરો દ્વારા સદી

**ખેલના મેદાનમાંથી** કમલેશ કંસારા

ઓસ્ટ્રેલીયાના સ્ટેનલે જેકસન અને ટોમ હાવડે ઓપનીંગ બેટિંગ કરતા સૌ પ્રથમવાર ટેસ્ટની એક ઈનિંગ્સમાં સદી નોંધાવી હતી ૧૮૯૯માં ઓવલ ખાતે રમાયેલ ઈંગ્લેડ વિરૂધ્ધ રમાયેલ ટેસ્ટમાં જેક્સને ૧૧૮ અને હાવડે ૧૩૭ રન બનાવ્યા હતા.

ભારતને માટે બંને ઓપનર્સ દ્વારા સદી બનાવવાની ઘટના સૌ પ્રથમ ૧૯૩૬ માં બની હતી જ્યારે ઈંગ્લેંડ વિરૂધ માન્ચેસ્ટર ટેસ્ટમાં વિજય મર્ચન્ટે ૧૧૪ રન અને મુસ્તાર અલી એ ૧૧૨ નોંધાવ્યા હતા.

ન્યુઝીલેન્ડ વિરૂધ્ધ ચેન્નઈ ખાતે ૧૯૫૫ માં રમાયેલ ટેસ્ટમાં વીનુ માંકડે ૫૨૫ મિનિટ માં ૨૧-૪ ની મદદ થી ૨૩૧ રન બનાવ્યા હતા.જ્યારે બીજા ઓપનર બેસ્ટમેન પંકજ રોય ૪૭૨ મિનિટમાં ૧૨-૪ ની મદદ થી ૧૭૩ રન બનાવ્યા હતા.

સિડનીમાં ૧૯૮૫-૮૬ માં રમાયેલ ટેસ્ટમાં સુનીલ ગાવસ્કરે ૫૧૩ મિનિટમાં ૪૦૦ બોલ રમીને ૧૯-૪ ની મદદ થી ૧૭૨ રન નોધાવ્યા હતા.જ્યારે સામે છેડે ક્રિશ્નાચારી શ્રીકાંત ૧૯૦ મિનિટ માં ૧૧૭ બોલ રમી ને ૧૯-૪ અને એક ૬ ની મદદ થી ૧૧૬ રન નોધાવ્યા હતા.જ્યારે ત્રીજા ક્રમે બેટિંગ ઉતરેલ મોહિન્દર અમરનાથે ૩૮૨ મિનિટ માં ૩૧૨ બોલ રમીને ૧૦-૪ ની મદદથી ૧૩૮ રન બનાવ્યા હતા.આ પ્રથમ ઘટના હતી જ્યારે એક જ ઈનિંગ્સમાં ભારતમાં પ્રથમ ત્રણ બેસ્ટમેનોએ સદી નોંધાવી હોય.

પકિસ્તાન વિરૂધ્ધ લાહોરમાં ૨૦૦૫-૦૬ માં રમાયેલ ટેસ્ટમાં ભારતના ઓપનીંગ બેસ્ટમેનો વીરેન્દ્ર સહવાગે ૩૨૮ મિનિટમાં ૨૪૭ બોલમાં ૪૭૬ ૪ અને ૧-૬ની મદદથી ૨૫૪ રન બનાવ્યા હતા. જ્યારે રાહુલ દ્રવિડે ૩૩૨ મિનિટમાં ૨૩૩ બોલ રમીને અણનમ ૧૨૮ રન નોંધાવ્યા હતા.

ટેસ્ટ ક્રિકેટમાં અત્યાર સુધી માત્ર એક જ વાર એવું બન્યું છે જ્યારે પ્રથમ ૪ બેસ્ટમેનોએ સદી નોધાવી હોય.બાંગ્લાદેશ વિરૂધ્ધ મીરપુર ઢાકામાં ૨૦૦૭માં રમાયેલ ટેસ્ટમાં ભારત તરધ્થી ઓપનીંગ બેસ્ટમેન દિનેશ કાર્તિકે ૩૨૫ મિનિટ માં ૨૧૨ બોલ રમી ને ૧૬-૪ ની મદદ થી ૧૨૯ રન બનાવ્યા હતા. જ્યારે સામે છેડે બેટિંગ કરતા બીજા ઓપનર બેસ્ટમેન વસીમ જાફરે ૩૩૦ મિનિટ માં ૨૨૯ બોલમાં ૧૭-૪ ની મદદથી અણનમ ૧૩૮ રન બનાવ્યા હતા.ત્રીજા ક્રમે બેટિંગ કરતા રાહુલ દ્રવિડે ૨૧૫ મિનિટ માં ૧૭૬ બોલ રમીને ૧૫૬૪ અને ૧૬૬ ની મદદ થી ૧૨૯ રન બનાવ્યા હતા. જ્યારે ચોથા ક્રમે બેટિંગ કરવા ઉતરેલ સચીન તેડુંલકરે ૩૫૪ મિનિટ માં ૨૨૬ બોલ રમી ને ૮૬૪ અને ૧-૬ ની મદદ થી અણનમ ૧૨૨ રન બનાવ્યા હતા.ભારતે આ ટેસ્ટ માત્ર ત્રણ જ દિવસમાં એક ઈનિંગ્સ અને ૨૩૯ રનોથી જીતી લીધી હતી.

૨૦૦૯ માં રમાયેલ ભારત અને શ્રીલંકા વચ્ચેની કાનપુર ટેસ્ટમાં ભારત ભારતના બંને ઓપનરો એ સદી નોંધાવી હતી ગૌતમ ગંભીરે ૨૮૯ મિનિટ માં ૨૧૫ બોલ રમી ને ૧૫-૪ ની મદદ થી ૧૬૭ રન બનાવ્યા હતા. જ્યારે સામે છેડે બેટિંગ કરતા વીરેન્દ્ર સેહવાગ ૧૮૧ મિનિટમાં ૧૨૨ બોલ પર ૧૮-૪ અને ૨-૬ ની મદદ થી ૧૩૧ રન બનાવ્યા હતા. જ્યારે ત્રીજા ક્રમે બેટિંગ કરતા રાહુલ દ્રવિડે ૨૮૦ મિનિટમાં ૨૨૬ બોલ પર ૧૫૬૪ અને ૧-૬ ની મદદ થી ૧૪૪ રન બનાવ્યા હતા. ભારતે આ ટેસ્ટ એક દાવ અને ૧૪૪ રને જીતી લીધી હતી.

મોહાલીમાં ૨૦૧૨-૧૩ માં ભારત અને ઓસ્ટ્રેલિયા ને ૬ વિકેટે હરાવી હતી ભારતના પ્રથમ દાવમાં મુરલી વિજયે ૪૧૨ મિનિટ માં ૩૧૭ બોલ રમી ને ૧૯-૪ અને ૩-૬ની મદદથી ૧૫૩ રન અને શિખર ધવન ૨૫૦ મિનિટમાં ૧૭૪ બોલમાં ૧૮૭ રન બનાવ્યા હતા.આ બીજી ઘટના હતી જ્યારે આ બંને ઓપનીંગ બેસ્ટમેનો ૧૫૦ રન થી વધુ ઈનિંગ્સ રમી હતી.

બાંગ્લાદેશ વિરૂધ્ધ બંને ઓપનર દ્વારા સદીની ઘટના ચાર વાર બની છે. જ્યારે કોઈ વિપક્ષ ટીમના બંને ઓપનીંગ બેસ્ટમેનો સદી બનાવવામાં સફળ થયા હતા.બે વાર ભારતીય બેસ્ટમેનો દ્વારા જ્યારે પાકિસ્તાન અને દક્ષિણ આફ્રિકાના ઓપનરો એ એક એક વાર સદી ફટકારી છે.

મુલ્તાનમાં ૨૦૦૧ ના ઓગસ્ટ મહિનામાં રમાયેલ પાકિસ્તાન તરફથી પાંચ બેસ્ટમેનોએ સદી નોંધાવી હતી.આ ટેસ્ટ બાંગ્લાદેશ વિરૂધ્ધ રમાઈ હતી.પાકિસ્તાન તરફથી સઈદ અનવરે ૧૩૧ મિનિટમાં ૧૭ ચોક્કા અને ૧-૬ની મદદ થી ૧૦૧ રન જ્યારે ઉમરે ૨૩૧ મિનિટ માં ૧૬૩ બોલ પર ૧૫-૪ ની મદદથી ૧૦૪ રન બનાવ્યા હતા.ત્યારબાદ ઈંજમામ-ઉલ-હક, મોહમ્મદ યુસુફ અને અબ્દુલ રઝાકને પણ સદી ફટકારી હતી.

દક્ષિણ આફ્રિકાના નીલ મેકેન્ઝી અને ગ્રીમ સ્મિથે તો ઓપનીંગ બેટીંગ કરતા બેવડી સદી નોધાવવાની સિદ્ધિ મેળવી છે.તેઓએ બાંગ્લાદેશ વિરૂધ્ધ માર્ચ ૨૦૦૮ માં રમાયેલ ચટગાંવ ટેસ્ટમાં મેકેન્ઝીએ ૫૧૮ મિનિટમાં ૩૮૮ બોલ રમી ને ૨૮-૪ અને ૩-૬ ની મદદ થી ૨૨૬ રન બનાવ્યા હતા. જ્યારે સાથી બેટસમેન સ્મિથે ૪૦૬ મિનિટમાં ૨૭૭ બોલ પર ૩૩-૪ અને ૧-૬ ની મદદ થી ૨૩૨ રન ની ઈનિંગ્સ રમી હતી.ટેસ્ટ ક્રિકેટમાં અત્યાર સૂધી માત્ર બે જ ઘટના એવી બની છે જેમાં બંને ઓપનીંગ બેસ્ટમેનો દ્વારા બેવડી સદી નોધાઈ છે. **કમલેશ કંસારા**

## ઓસ્ટ્રેલિયાને ફટકો : કેપ્ટન સ્મીથ ઈજાગ્રસ્ત થતા બહાર

**ટર્નીંગ પોઈન્ટ**

**પાંચમી વન ડે મેચ દરમિયાન ઘાયલ થયો હતો**

ભારતના હાથે વનડે શ્રેણી ૪-૧થી ગુમાવી દીધા બાદ પ્રવાસી ઓસ્ટ્રેલિયન ટીમને આજે વધુ એક મોટો ફટકો પડ્યો હતો. કારણ કે ઓસ્ટ્રેલિયન ટીમના કેપ્ટન સ્ટીવ સ્મિથને ટીમની બહાર થઈ જવાની ફરજ પડી છે. સ્મિથ ઘાયલ થઈ જતા તેને હવે સ્વદેશ પરત ફરવાની ફરજ પડી રહી છે. સ્મિથને ભારતની સામે નાગપુરમાં પાંચમી વનડે દરદમ્યાન ખભામાં ઈજા થઈ હતી જેના પરિણામ સ્વરૂપે ગુરુવારના દિવસે પ્રેક્ટિસ સેસન બાદ એમઆરઆઈ રિપોર્ટ કરવામાં આવ્યા હતા. મોટાભાગે સ્મિથ પ્રેક્ટિસમાં દેખાયો ન હતો. ટીમના તબિબના કહેવામાં મુજબ ભારતની સામે પાંચમી વનડે મેચ દરમ્યાન ફીલ્ડિગ કરતી વેળા ઈજા થઈ હતી. મેચ બાદ ખભામાં સોજા આવી ગયા હતા. સ્મિથના રિપોર્ટ કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યું છે કે તેને હવે આરામ કરવાની જરૂર છે. કોઈ જોખમ નહી લઈને સ્મિથને આરામ આપવાનો નિર્ણય કરાયો છે. ઓસ્ટ્રેલિયા પહોંચી ગયા બાદ સ્મિથ વધુ સારવાર કરાવશે અને સેફિલ્ડ શીલ્ડ દરમ્યાન તે ફીટ થઈ જશે. સ્મિથની ગેરહાજરીમાં કેપ્ટન તરીકેની જવાબદારી ડેવિડ વોર્નરને સોંપી દેવામાં આવી છે. વોર્નર બાકીની મેચોમાં ટીમનું નેતૃત્વ કરશે. સ્મિથની જગ્યાએ ટીમમાં માર્કસ સ્ટોઈનિસની પસંદગી કરવામાં આવી છે. હાલમાં ભારત સામે પાંચ વનડે મેચોની શ્રેણીમાં સ્મિથ નિરાશાજનક દેખાવ કરી શક્યો હતો. સમગ્ર શ્રેણીમાં સ્મિથે માત્ર ૧૪૨ રન બનાવ્યા હતા. સ્મિથે ગયા વર્ષે ટી-૨૦ વર્લ્ડકપ બાદ હજુ સુધી એક પણ મેચ રમી નથી. ઓસ્ટ્રેલિયન ટીમ સામે સ્મિથ ઘાયલ થતા એક મોટી સમસ્યા આવી ગઈ છે. ડેવિડ વોર્નર ઉપર હવે મુખ્ય જવાબદારી રહેશે. ૨૦ શ્રેણીમાં ઓસ્ટ્રેલિયાના દેખાવને લઈને લોકોની નજર છે.

## મેરી કોમ, સરિતાનો એશિયન ચેમ્પિયનશિપ માટે ભારતની ટીમમાં સમાવેશ



મેરી કોમ, સરિતાનો એશિયન ચેમ્પિયનશિપ માટે ભારતની ટીમમાં સમાવેશ

અગ્રણી મહિલા બોક્સર એમ. સી. મેરી કોમનો આગામી એશિયન મહિલા બોક્સિગં ચેમ્પિયનશિપ માટેની ભારતની ટીમમાં તેના માનીતા ૪૮ કિલોગ્રામના વિભાગમાં ફરી સમાવેશ કરાયો છે.અહીં ત્રણ દિવસની સખત ટ્રાયલ પછી મેરી કોમ અને એલ. સરિતા દેવી (૬૪ કિલોગ્રામ)ની પીઢબોક્સરની જોડીનો સમાવેશ કરાયો છે. સ્પર્ધા ૨-૧૧ નવેમ્બરે હો ચિ મિન્હ સિટી ખાતે યોજાનાર છે.

પાંચ વાર વર્લ્ડ ચેમ્પિયન બની ચૂકેલ મણીપુરની ૩૪ વર્ષની મેરી કોમ એશિયન ચેમ્પિયનશિપમાં છઠ્ઠી વેળા ભાગ લેનાર છે. મેરી કોમ અને ૩૫ વર્ષની સરિતા, બંને ૨૦૧૫ની આ સ્પર્ધામાં ભાગ લઈ શક્યા ન હતા જેમાં ભારત એકેય ગોલ્ડ મેડલ જીતી શક્યું ન હતું અને ફક્ત એક રજતચંદ્રક અને પાંચ કાંસ્યચંદ્રક મેળવ્યા હતા.

સર્બિયામાં આ વર્ષે નેશન્સ કપ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીતેલ હરિયાણાની નીરજ (૫૧ કિલોગ્રામ) એશિયન ચેમ્પિયનશિપમાં પહેલી વાર ભાગ લેનાર છે. એશિયન ચેમ્પિયનશિપમાં ચંદ્રતોના સરવૈયામાં ભારત એકંદરે ત્રીજા સ્થાને છે અને તેણે ૧૯ ગોલ્ડ મેડલ, ૨૧ રજતચંદ્રક અને ૨૦ કાંસ્યચંદ્રક સહિત, કુલ ૬૦ મેડલ જીત્યા છે.

ભારતની ટીમઃ એમ. સી. મેરી કોમ (૪૮ કિલોગ્રામ), નીરજ (૫૧ કિલોગ્રામ), સોનિયા લેથર (૫૭ કિલોગ્રામ), પવીત્રા (૬૦ કિલોગ્રામ), એલ. સરિતા દેવી (૬૪ કિલોગ્રામ), લોવેલિના (૬૯ કિલોગ્રામ), પૂજા રાની (૭૫ કિલોગ્રામ), સ્વીટી બૂરા (૮૧ કિલોગ્રામ), સીમા પુનિયા (+૮૧ કિલોગ્રામ).

## ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાની તુલના કપિલદેવ સાથે ન થવી જોઈએ: સૌરવ ગાંગુલી

ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડી હાર્દિક પંડ્યાએ પોતાની આક્રમક રમતથી ક્રિકેટ પ્રેમીઓને ખુશ કરી દીધા છે. આકર્ષક બેટિંગ, ધારદાર બોલિંગ સિવાય ચુસ્ત ફિલ્ડિંગ માટે ઉજાગર થનારા હાર્દિક પંડ્યા ભારતીય ટીમના આક્રમક ઓલરાઉન્ડર છે. હાલમાં પંડ્યાની તુલના વિશ્વ કપના વિજેતા અને પૂર્વ કેપ્ટન કપિલદેવ સાથે કરવામાં આવતાં તેની પર ભારતીય ટીમના પૂર્વ સુકાની ગાંગુલીએ વાંધો ઉઠાવ્યો છે અને કહ્યું, પંડ્યાની તુલના કપિલદેવ સાથે કરવાનો આ યોગ્ય સમય નથી.

ઓસ્ટ્રેલિયા સામેની વન-ડે સીરીઝની પાંચ મેચોમાં પંડ્યાએ ૨૨૨ રન બનાવ્યા હતા જ્યારે પ્રતિસ્પર્ધિ ટીમની ૬ વિકેટ ખેરવી હતી. ત્યારબાદ પંડ્યાની તુલના કપિલદેવ સાથે શરૂ થઈ છે. દાદાનું કહેવું છે કે, પંડ્યાને હજી વધારે સમય આપવો જોઈએ તથા ૧૦-૧૫ વર્ષ બાદ તેની તુલના કપિલદેવ સાથે થવી જોઈએ. ગાંગુલીએ કહ્યું કે, કપિલ દેવ એક ચેમ્પિયન ઓલરાઉન્ડર ખેલાડી છે. તેઓ ઘણી મેચો રમ્યા છે. તેમના જેવી ક્રિકેટ રમવાની પંડ્યા પાસે ક્ષમતા રહેલી છે. પંડ્યાએ મુશ્કેલીના સમયમાં ભારતીય ટીમને જીતાડવામાં મહત્વની ભૂમિકા ભજવી છે, પરંતુ તેનાથી તેમની તુલના ચેમ્પિયન કપિલદેવ સાથે કરવાનું અત્યારે યોગ્ય નથી.

ગાંગુલીએ વધુમાં કહ્યું કે, તેઓ પંડ્યાને શુભકામના પાઠવે છે. પંડ્યા વિરાટને મદદ કરી ભારતીય ટીમને જીતાડે. વિરાટ કોહલીએ પંડ્યાને મેચની દિશા બદલનારો ખેલાડી ગણાવ્યો છે. પંડ્યા કોહલીના વિજયનો મહત્વનો ભાગ છે. તેમનામાં મોટા શોટ રમવાની ક્ષમતા રહેલી છે અને તેઓ ભારતીય ટીમનું ઉજ્જવળ ભવિષ્ય છે.

### ગૌરવ યાત્રાનો ...

પાના નં.૧ ચાલુ

સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે જન સભાને સંબોધતા સી.એમ. રૂપાણીએ વિકાસના મુદ્દે ફરીથી જનાદેશ મેળવવાની વાત દોહરાવી હતી. તેઓએ ભાજપ ના રાજમાં થયેલા વિકાસની ગાથા રજૂ કરી હતી. તેઓએ વિકાસને મજાક બનાવનાર કૉંગ્રેસ ને આડે હાથ લઈ વેધક પ્રહારો કર્યા હતા.

વિકાસના એજન્ડા સાથે ગામડા ખૂંદી રહેલા સી.એમ.એ વિકાસ યાત્રાને સાર્વત્રિક આવકાર સાંપડી રહ્યો હોવાનો દાવો કર્યો હતો. જોકે, પાલનપુરમાં ગૌરવ યાત્રાને કૉંગ્રેસ-આપ, આશા વર્કરો અને આંગણવાડી કાર્યકરોના વિરોધનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે સ્ટેજ પરની સીડી તૂટી પડતા કેન્દ્રીય મંત્રી હરિ ચૌધરી સહિતના ભાજપી અગ્રણીઓ ગબડી પડતા વિકાસ ગોથે ચડ્યો હોવાની રમુજ વહેતી થઈ હતી.

પાલનપુરમાં ગૌરવ યાત્રાની જનસભા સંપન્ન થયા બાદ સી.એમ.રૂપાણી મિડિયા સાથે વાર્તાલાપ કરી રહ્યા હતા. ત્યારે પ્રસિદ્ધિની ઘેલછામાં સી.એમ. ની પાછળ મોટી સંખ્યામાં ભાજપી અગ્રણીઓ ઉભા રહેતા સ્ટેજ પરની સીડી તૂટી પડી હતી. જેથી કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરી, શહેર ભાજપ પ્રમુખ મુન્નાલાલ ગુપ્તા સહિતના ભાજપ અગ્રણી ઓ ગબડી પડ્યા હતા. જેને લઈને પાલનપુરમાં ગાંડો થયેલો વિકાસ ગબડી પડ્યો હોવાની રમુજભરી વાતો વહેતી થઈ હતી. પાલનપુરમાં ગૌરવ યાત્રાનો વિરોધ કરવા જોરાવર પેલેસ પાસે કૉંગ્રેસ ના કાર્યકરો એકત્ર થયા હતા. ગૌરવ યાત્રાના આગમન પૂર્વે વિરોધ કરવા જતા કૉંગ્રેસના ૩૦ થી વધુ કાર્યકરોની અટકાયત કરાઈ હતી. જ્યારે આશા અને આંગણવાડી બહેનોની પણ અટકાયત કરી હતી. જ્યારે ગુરુ નાનક ચોક ખાતે કાળા વાવટા ફરકાવી સરકાર વિરોધી બેનરો પ્રદર્શિત કરવા જતા આમ આદમી પાર્ટીના કાર્યકરોની પણ અટકાયત કરાઈ હતી. જેઓને પોલીસ હેડ ક્વાટર્સ લઈ જવાયા હતા. જ્યાં પીવાના પાણીની પણ વ્યવસ્થા ન હોવાથી હોબાળો થયો હતો. આ લોકોને મોડી સાંજ સુધી મુક્ત કરાયા ન હોવાના અહેવાલ સાંપડ્યા છે.

### કૉંગ્રેસ માટે ...

પાના નં.૧ ચાલુ

તેમના ઘેર શૌચાલય બન્યા છે અને ખરા અર્થમાં ગરીબોની સરકાર સાબિત થઈ છે. નરેન્દ્રભાઈની સરકારે ગુ-જરાતમાં સૌ પ્રથમ જયોતિગ્રામ યોજના અમલમાં મુકીને ૨૪ કલાક વિજળી આપવાનું કામ કર્યું છે. કોંગ્રેસને આડે હાથ લેતાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના રાજમાં બેકારી, ભ્રષ્ટાચાર અને કોમી દંગલો સહજ હતા. ગુજરાતના અમુક એરીયા ગુંડા તત્વોને નામે ઓળખાતા હતા તે હવે બંધ થયું છે. કોંગ્રેસના રાજમાં શિક્ષણમાં ૩૬ ટકા ડ્રોપ આઉટ રેશીયો હતો જેહવે ઘટીને ૧ ટકા થયો છે. ૧૯૯૫ પહેલાં રાજયમાં સાત યુનિ.હતી જે વધીને આજે ૫૭ થઈ છે અને રાજયના લોકોની માથાદીઠ આવક રૂા.૧૩૦૦૦ હતી જે આજે ૧,૪૦,૦૦૦ થઈ છે. રાજયનું ઔદ્યોગિક ઉત્પાદન ૮૦,૦૦૦ કરોડ હતું જે આજે વધીને રૂા. ૧૨,૪૦,૦૦૦ કરોડ થયું છે. ૧૫ લાખ ટન કપાસની ગાંસડી પકવતું ગુજરાત હવે ૯૫ લાખ ટન ગાંસડી કપાસ પેદા કરે છે.

તાજેતરમાં આવેલી અતિવૃષ્ટી અને પુરના સમયે બનાસકાંઠા જિલ્લામાં ગાળેલા સમયને યાદ કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, પ્રજાના સુખે સુખી અને દુઃખે દુઃખી રહેવાનો આ સંવેદનશીલ સરકારનો સ્વભાવ છે. પુરના સમયે બનાસકાંઠા જિલ્લામાંથી સરકાર ચલાવીને લોકોના દુઃખમાં ભાગીદાર થવાનો અવસર તેમને સાંપડયો હતો. તેમણે ઉમેર્યું હતું કે, એક બાજુ બનાસકાંઠાની પ્રજા પુરમાં ફસાયેલી હતી જયારે બીજી બાજુ કોંગ્રેસના મિત્રો બેંગ્લોરમાં જલસા કરતા હતા. એ વાત આ જિલ્લાની પ્રજા કયારેય ભુલી નહીં શકે. તેમણે ઉમેર્યું કે ચૂંટણી આવી રહી છે ત્યારે હવે કોંગ્રેસ નવા ગતકડા કાઢશે અને નવા નવા વચનો આપશે પણ ગત ચૂંટણીમાં કોંગ્રેસે લોકોને ઘરનું ઘર આપવાનો વચનો યાદ કરીને હજી કોઈને પણ ઘર મળ્યું નથી તે વાતની યાદ કરાવી. કોંગ્રેસના મુળીયા સાફ કરવા સૌને અપીલ કરી હતી અને નરેન્દ્રભાઈ મોદીના 'નયા ભારત'ના સર્જનમાં સહયોગી થવા અપીલ કરી હતી.

કેન્દ્રના ખાણ-ખનીજ અને કોલસાના રાજયમંત્રી હરીભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, રાજયપાલના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં ગુજરાત વિકાસની હરણફાળ ભરી રહ્યું છે અને સેવાસેતુ કાર્યક્રમના માધ્યમથી રાજયના લોકોની ખરા અર્થમાં સેવા કરી રહ્યા છે. જિલ્લામાં અતિવૃષ્ટીના સમયે જિલ્લામાંથી પાંચ દિવસ સરકાર ચલાવીને પ્રજાની પડખે રહ્યા હતા અને પોતાનો જન્મદિવસ પણ પુરગ્રસ્ત પ્રજા વચ્ચે ઉજવીને સંવેદનશીલતાના દર્શન કરાવ્યા હતા.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ રાવળયોગી સમાજના પ્રમુખ ડૉ.દિનેશ બટવા અને ઓબીસી એકતા મંચના પ્રમુખ નિતીનભાઈ ઠાકોર તેમના સમર્થકો સાથે ભારતીય જનતા પાર્ટીમાં જોડાતા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીએ તેમને ભગવો ખેસ પહેરાવીને પાર્ટીમાં આવકાર્યા હતા.

આ પ્રસંગે યાત્રાના ઈન્ચાર્જ પૂર્વ ગૃહમંત્રી ગોરધનભાઈ ઝડફીયા, પ્રદેશ બક્ષીમોરચના મહામંત્રી ફલજીભાઈ ચૌધરી, જિલ્લા ભાજપના પુર્વ પ્રમુખ રાણાભાઈ દેસાઈએ પ્રાસંગિક પ્રવચનો કરીને ગુજરાત ગૌરવ યાત્રાનું જિલ્લામાં સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે રાજયના આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરી સહિત જિલ્લા પ્રભારી દુષ્યંતભાઈ પંડયા, જિ.પં. ના પ્રમુખ દિનેશભાઈ દવે, પ્રદેશબક્ષી મોરચાના પ્રમુખ દિનેશભાઈ અનાવાડીયા, ભાજપના પુર્વ પ્રમુખ હરેશ જાની, ડૉ.કે.એસ.મોગરા, જિલ્લાના મહામંત્રી અમૃત દવે,ભારતસિંહ ભટેસરીયા, પુર્વ મંત્રી કાંતિલાલ કચોરીયા, જી.પં.ના પુર્વ પ્રમુખ શ્રીમતી કુમુદબેન જોશી, પૂર્વ ધારાસભ્ય વસંત ભટોળ, ગોવિંદભાઈ પ્રજાપતિ, યાત્રાના સારથી અને યુવા મોરચાના રાષ્ટ્રીય કારોબારીના સદસ્ય હિતેશભાઈ ચૌધરી, નગર પાલિકાના પ્રમુખ શ્રીમતી નીલમબેન જાની, જિલ્લા યુવા મોરચાના પ્રમુખ હરેશ ચૌધરી, જિલ્લા ભાજપના ઉપપ્રમુખ વસંત પુરોહીત, મેરૂજી ધુંખ અગ્રણીઓ ગીરીશભાઈ જગાણીયા, જવાનસિંહ સોલંકી, યશવંત બચાણી સહિત વિશાળ સંખ્યામાં આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

આ અગાઉ બનાસકાંઠા જિલ્લામાં કોદરામ ગામેથી પ્રવેશેલી યાત્રાનું ધમાકેદાર સ્વાગત કરવામાં આવ્યું હતું અને યાત્રાના માર્ગ પર પણ વિવિધ સ્થળોએ ભવ્ય સ્વાગત કરાયું હતું.

### આર.એસ.એસ...

અનુસંધાન ૨ નુ ચાલુ..

આ તબકકે વિજયભાઈ રૂપાણીએ રાહુલ ગાંધીની ટીકા ઉપર વધુ પ્રહારો કરતા જણાવ્યું હતું કે હજુ ચૂંટણી સુધી રાહુલ ઘણા ભગા કરશે પણ અમે લાગમાં જ છીએ. રોજગારીના મુદ્દે રાહુલ ગાંધીએ કરેલા નિવેદનો અંગે પણ વિજયભાઈએ જણાવ્યું હતું કે, ગુજરાતની રોજગારીની વાતમાં રાહુલ ગાંધી તથ્યવિહીન અને દમ વિનાની વાતો કરી પ્રજાને ગેરમાર્ગે દોરે છે. ખરેખર તો તેમની પાસે આંકડાકીય માહિતીનો અભાવ હોય તેમ સ્પષ્ટ જણાય છે. આજે ભારત સરકારના આંકડા મુજબ ગુજરાત દેશમાં રોજગારી ક્ષેત્રે અવ્વલ નંબરે છે. ત્યારે અમે તેમના કોંગ્રેસ શાસીત રાજયો સાથે ગુજરાતના વિકાસ અને રોજગારીની ચર્ચા કરવા તૈયાર છીએ તેવી ચેલેન્જ પણ મુખ્યમંત્રીએ આપી હતી અને જણાવ્યું હતું કે તેમના પ્રવાસ દરમ્યાન કરવામાં આવતા ભાષણોમાં કોઈક ચીઠ્ઠી પકડાવી દે છે અને તેના પર રાહુલ ગાંધી બફાટ કરે છે.

### અંકલેશ્વર-હાંસોટ...

અનુસંધાન ૨ નુ ચાલુ..

પંચાયતના વિપક્ષના નેતા રતિલાલ પટેલ, તાલુકા કોંગ્રેસ પ્રમુખ જીતુ પટેલ, મગન માસ્તર, ગિરીશ પટેલ જેવા ઉમેદવારો આગળ આવ્યા છે. જેમાં હાંસોટ તરફથી વિનોદભાઈએ દાવેદારી નોંધાવી છે. આ ઉપરાંત શહેર કોંગ્રેસમાંથી મુકેશ જૈન, યુથ કોંગ્રેસમાંથી સુધીર અટોદરીયા અને ભરત પરમારે ઉમેદવારી નોંધાવી છે.

કોંગ્રેસ કોની ઉપર પસંદગીનો કળશ ઢોળે છે તેની ઉપર સૌનો આધાર છે. ગઈ વિધાનસભાની ચૂંટણીમાં મગન માસ્તર કોંગ્રેસ તરફથી લડયા હતા. તેમને આ પાંચ વર્ષમાં વિપક્ષ તરીકે ઘણી સક્રીય ભૂમિકા ભજવી છે.

### કોંગ્રેસ અગ્રણીઓ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ચોથી જાગીર ગણાવી કહ્યું હતું કે પત્રકારો તેમના માધ્યમથી સાચી દિશા નક્કી કરી શકે છે. પત્રકારએ એક તટસ્થ માધ્યમ છે. જે સાચી પરીસ્થિતિને લોકો સમક્ષ પ્રગટ કરી દે છે. અમો વાવ-થરાદ બંને બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવારો એકસંપ થઈ બેઠક હાંસલ કરીશું. આ પ્રસંગે કાંનજીભાઈ રાજપુત, ગેનીબેન ઠાકોર, ડૉ.ગણેશભાઈ ચૌધરી, જેતસીભાઈ પટેલ, અમીરામભાઈ જોષી, ભૈરવદાન ગઢવી, રાણાજી રાજપુત, ઈશ્વરદાન ગઢવી સહિત બહોળી સંખ્યામાં કાર્યકર મિત્રો અને પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

### થરાદના ઉંદરાણાની...

અનુસંધાન ૩ નુ ચાલુ..

બુધવારે થરાદના નાયબ કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.જેમાં ત્રણ દિવસમાં કાર્યવાહી કરી સગીરાને પરત લાવવામાં નહી આવેતો કાળાવાવટા ફરકાવી આંદોલન કરવાની ચિમકી પણ અપાઈ હતી. આ કાર્યક્રમમાં થરાદ તાલુકા ક્ષત્રીયસેનાના અગ્રણી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

### ભાભરના બોરીયા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

પોલીસે કિં.રૂા.૫૦૦ નો મોબાઈલ તથા કીં.રૂા.૧૭,૦૦,૦૦૦ નું ટ્રેઈલર મળી કુલ રૂા.૪૬,૩૩,૩૦૦ નો મુદામાલ કબ્જે લઈ બલકરનસિંહ હરદીપસિંહ શીખ રહે. કોલીયાવાડા ફીરોજપુરા પંજાબ તથા સુખવિંદરસિંહ રામસિંહ જાટ શીખ રહે. ભટીડાવાળાઓની અટકાયત કરી ભાભર પોલીસ મથકે પ્રોહીબીશનનો ગુન્હો દાખલ કરાવ્યો હતો. જેની તપાસ ભુજ આરઆરસેલના એ.એસ. આઈ. સંતોષસિંહ ચલાવી રહ્યા છે.

### પાક નિષ્ફળ - જમીન...

અનુસંધાન ૩ નુ ચાલુ..

કહેવાય છે કે ગામડે - ગામડે નિર્ધારીત એજન્ટો દ્વારા વ્યાપક ગેરરીતીનું નેટવર્ક ગોઠવાયું હોવાનું ચર્ચાસ્પદ બનવા પામેલ છે.જે ગામોમાં જેટલા ખેડુતો સાથે કહેવાય છે કે સેટીંગ થયું તેઓને પુરી સહાય જયારે સાચા અને હકદાર ખેડુતોને ભારોભાર અન્યાય થઈ રહ્યો છે.

સરકાર અત્યારે ચુંટણીઓના મુડમાં છે.સરકારનું ક્યાંય ખરાબ ન દેખાય તે માટે જાણે કે ચુપકેદી સેવી રહી છે.વિરોધ પક્ષ પણ જાણે કે સત્તા મળી જ જવાની છે તેવા ખ્વાબમાં લુંટાઈ રહેલ ખેડુત આલમનું કોઈ સાંભળવા વાળું નથી અને અધિકારીઓ ભર બજારમાં ખુલ્લેઆમ જાણે કે ખેડુતોનું ચિર હરણ કરી રહ્યા હોવાનો અહેસાસ થઈ રહ્યો છે.તાલુકાના જવાબદાર વિસ્તરણ અધિકારી પણ ખેડુતોને હડતુત કરી કાઢી મુકે છે અને ખેડુતોને અપમાનજનક સ્થિતિમાં મુકી રહ્યા છે.

### ડીસાના ગેરકાયદે...

અનુસંધાન ૩ નુ ચાલુ..

જેમાં પાલિકા દ્વારા તપાસ અને માપણી કરતા બિલ્ડરે અધધધ કહી શકાય તે રીતે કુલ ૧૨૮૭.૫૦ ચો.મી. ના મંજુર બાંધકામ સામે ૨૪૫૪.૪૮ ચો.મી.નું બાંધકામ કરી કુલ ૧૧૬૬.૯૮ નું વધારાનું બાંધકામ કર્યું હોવાનું જણાતાં બિલ્ડરને નોટિસ અપાઈ હતી.જોકે નોટીસ આપ્યા બાદ પાલિકા દ્વારા કોઈ કાર્યવાહી કરાઈ ન હોઈ બિલ્ડરોએ પણ નોટિસ ની અવગણના કરી બેરોકટોક કામ ચાલુ રાખી શોપિંગ સેન્ટરનું કામ પૂરું પણ કરી દીધું હતું.

જેથી આ બાબતે જિલ્લા કલેકટર સમક્ષ રજૂઆત થતા અને મીડિયામાં અહેવાલ છપાતા હવે રહી રહીને પાલિકા બાંધકામ તોડવા બાબતે જવાબ રજૂ કરવા નોટિસ આપી છે.જેની ૨૪ ઓક્ટોબરે સુનાવણી હાથ ધરાશે.

## અમીરગઢના સુરેલા ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

પ્રતિ. અમીરગઢ

અમીરગઢ તાલુકાના સુરેલા ગામે રાજ્ય સરકારના "સેવાસેતુ કાર્યક્રમ" અંતર્ગત પ્રાંત અધિકારી/નાયબ કલેક્ટર દાંતાના અધ્યક્ષ સ્થાને તા.૧૧/૧૦/૨૦૧૭ ના રોજ સવારે ૯.૦૦ કલાકથી સાંજના ૩.૦૦ કલાક સુધી ગામની સરકારી પ્રાથમિક શાળામાં લોકોના વ્યક્તિગત પ્રશ્નોનો સ્થળ ઉપર નિકાલ કરવા માટેનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આવક, જાતિ, નોન ક્રિમીલેયર, ડોમીસાઈલ, સિનીયર સીટીઝન, દિવ્યાંગ વિગેરેના દાખલાઓ. રેશન કાર્ડને લાગતા પ્રશ્નો આધારકાર્ડની નોંધણી/પ્રશ્નો, વાત્સલ્ય કાર્ડ, મા અમૃતમ કાર્ડ, જમીન અંગે નવી નોંધ પડાવવા, જમીનના રેકર્ડમાં ભૂલ સુધારવા, કૃષિ, પશુપાલન, સહકાર, ગ્રામ વિકાસ, પંચાયત, સમાજ કલ્યાણ આદિ જાતિ વિગેરે તમામ રાજ્ય સરકારના ખાતાઓની વ્યક્તિલક્ષી રજુઆતોના નિકાલ માટે સુરેલા, રામપુરા (વ.), કંસારા, વગડડી, અજાપુરા, વાંકા, ભમરીયા, અજાપુરા મોટા, ખેમરાજીયા અને ડાભેલી ગામના લોકો હાજર રહ્યા હતા.

## ગિની સૌથી યુવા ટીમ તરીકે અન્ડર-૧૭માં ઉતરી રહી છે

અન્ડર-૧૭ વિશ્વકપમાં ભાગ લઈ રહેલી નાઈઝરની ટીમમાં સૌથી વધારે એવા ખેલાડીઓ છે જેમની જન્મતારીખ કટ ઓફ ડેટ પહેલી જાન્યુઆરી ૨૦૦૦ના બરોબર છે.

બીજી બાજુ ગીનીની ટીમ આ વિશ્વકપમાં ભાગ લેનારી સૌથી યુવા ટીમ છે. ડિફેન્ડર ઈસ્માઈલ ઈસ્સાકાથી લઈને મિડફિલ્ડર હાબી બોઉ સોફીને મળીને નાઈઝર ટીમમાં કુલ પાંચ ખેલાડી એવા છે

જેમની જન્મતારીખ વિશ્વકપની કટ ઓફ ડેટ છે. બાકીના ત્રણ ખેલાડીઓમાં યુકોઉબા, તાહોતુઆ અને ડિફેન્ડર રાચીડનો સમાવેશ થાય છે. નાઈઝર એવી ત્રણ ટીમોમાં સામેલ છે

જે આ વર્ષે ૨૦૧૭માં અન્ડર-૧૭માં પ્રથમ વખત રમી રહી છે. ભારત ઉપરાંત ન્યુ કોલેડોનિયા પણ પ્રથમ વખત રમી રહી છે. નાઈઝર ઉપરાંત

કોસ્ટારિકાના મિડ ખેલાડી આંદ્રેશ અને જર્મનીના ફોરવર્ડ ખેલાડી નિકોલસની જન્મતારીખ પણ કટ ઓફ ડેટ મુજબની છે. એટલે કે આનાથી કોઈ દિવસ પણ ફેરફારની સ્થિતિ તેમને મંજુરી મળી શકે નહીં.

## દેશમાં કુપોષણથી સૌથી વધારે લોકો બિમાર છે

દેશમાં ૬૦ કરોડથી વધુ લોકો એટલે કે આશરે ૪૬ ટકા લોકો કુપોષણથી ગ્રસ્ત છે. એટલે કે પ્રોટીન, વિટામિન, આર્યન અને અન્ય તત્વોની કમીના કારણે આરોગ્ય સંબંધિત સમસ્યાઓથી મોટી સંખ્યામાં લોકો અસરગ્રસ્ત થયેલા છે. થાક, નબળાઈ, કામ ઉપર ધ્યાન કેન્દ્રિત નહીં કરવાની બાબત આ તમામ બાબત કુપોષણ સાથે સંબંધિત હોય છે. બાળકોના માનસિક અને શારીરિક વિકાસમાં પણ કુપોષણ ભૂમિકા અદા કરે છે.

છેલ્લા દેશકમાં ૮ ટકાનો વધારો કુપોષણથી ગ્રસ્ત બિમારીઓના કારણે થયો છે. હાલમાં જ કરવામાં આવેલા આંકડામાં આ મુજબનો ખુલાસો કરવામાં આવ્યો છે. છેલ્લા દશકમાં કેન્સરના મરીજોની સંખ્યામાં ૪૬ ટકાનો વધારો થયો છે પરંતુ આમા ભારતીયોની સંખ્યા ૦.૧૫ ટકાની આસપાસ છે. ૨૦૧૬માં કુલ મોત પૈકી પાંચ ટકા મોત કેન્સરના લીધે થઈ હોવાની સપાટી ઉપર આવી છે.

## અંડર-૧૭ ફૂટબોલ વર્લ્ડ કપમાં પાંચ મેજર ટીમો ક્વોલિફાઈ કરવાનું ચૂકી

ફિફાના ઈતિહાસમાં સૌ પ્રથમ વખત આ મહિને ભારતમાં અંડર-૧૭ વર્લ્ડ કપનું આયોજન થવાનું છે. આ દરમિયાન કુલ ૨૪ ટીમો વચ્ચે ૨૨ દિવસ સુધી ચેમ્પિયન બનવા માટે મુકાબલાઓ યોજાવવાના છે. યજમાન હોવાના કારણે ભારતીય ટીમને ઓટોમેટિક સ્થાન મળી ગયુ છે જ્યારે બ્રાઝિલ, જર્મની, ઈંગ્લેન્ડ જેવી શક્તિશાળી ટીમો પણ આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટમાં ભાગ લઈ રહી છે. જોકે, પાંચ એવી ટીમો કે જે ફૂટબોલ વર્લ્ડ કપમાં ઘણી શક્તિશાળી ગણાય છે પરંતુ આ વખતે અંડર-૧૭ વર્લ્ડ કપમાં ક્વોલિફાઈ કરી શકી નથી.

ચાર વખતની ફિફા વર્લ્ડ કપ વિજેતા અને જેની ગણના યુરોપની સૌથી મજબૂત ટીમોમાં થાય છે તે ઈટાલીની અંડર-૧૭ની ટીમ આ ચેમ્પિયનશિપ માટે ક્વોલિફાઇ થવામાં નિષ્ફળ રહી છે. ઈટાલીની ટીમને હંમેશા અંડર-૧૭ ફૂટબોલ વર્લ્ડ કપમાં નિષ્ફળતા હાથ લાગી છે. એવુ નથી કે આ ચેમ્પિયનશિપ માટે તેમની પાસે સારા ખેલાડીઓ નથી. ભૂતકાળમાં આ ચેમ્પિયનશિપે ઈટાલીને ડેલ પિયેરો, ફ્રાન્સેસ્કો ટોટી જેવા ખેલાડીઓ ભેટમાં આપ્યા છે પરંતુ આમ છતાં તેઓનું શ્રેષ્ઠ પ્રદર્શન ૧૯૮૭માં જોવા મળ્યું હતું જ્યારે તેમણે ચોથું સ્થાન મેળવ્યું હતું. ઈટાલીની ટીમ છેલ્લે ૨૦૧૩માં આ ચેમ્પિયનશિપ માટે ક્વોલિફાઈ થઈ હતી.

ફૂટબોલ વર્લ્ડમાં અને ખાસ દક્ષિણ અમેરિકામાં ઉરૂગ્વેનો સમાવેશ સૌથી શ્રેષ્ઠ ફૂટબોલ ટીમમાં થાય છે. જોકે, ઈટાલીની જેમ તેઓ પણ છેલ્લે ૨૦૧૩માં આ ચેમ્પિયનશિપ માટે ક્વોલિફાઇ થવામાં સફળ રહ્યા હતા. આમ પણ લેટિન અમેરિકાના ગ્રૂપમાં ક્વોલિફાઈ થવુ હંમેશાં આકરૂ રહ્યું છે. અંડર-૧૭ વર્લ્ડ કપના ઈતિહાસમાં ઉરૂગ્વેનું સર્વ શ્રેષ્ઠ પ્રદર્શન વર્ષ ૨૦૧૧માં જોવા મળ્યું હતું જ્યારે તેઓ ઉપવિજેતા બન્યા હતા. આ ઉપરાંત ૨૦૧૩માં ક્વાર્ટર ફાઈનલમાં તેમનો નાઈજીરિયા સામે પરાજય થયો હતો.

આ યાદીમાં સૌથી મોટુ અને આર્યચકિત કરનારૂ નામ છે નાઈજિરિયા. આ ટૂર્નામેન્ટના ઈતિહાસમાં નાઈજીરિયાની ટીમ રેકોર્ડ પાંચ વખત ચેમ્પિયન બની છે. આ વખતે તેમની નજર ચેમ્પિયન બનવાની હેટ્રિક પર હતી પરંતુ તેઓ ક્વેલિફાઈંગ રાઉન્ડમાં જ નિષ્ફળ થતાં ફૂટબોલ જગત સ્તબ્ધ થઈ ગયું હતું. 'સુપર ઈગલ'ના નામથી ઓળખાતી નાઈજીરિયાની ગણના આફ્રિકાની સૌથી મજબૂત ટીમોમાં થાય છે. અંડર-૧૭ વર્લ્ડ કપથી નાઈજીરિયાએ યુરોપિયન ફૂટબોલને જોન ઓબી મિકેલની ભેટ આપી હતી જે લગભગ ૧૦ વર્ષ સુધી ચેલ્સી તરફથી રમ્યો હતો. ૨૦૦૩માં યોજાયેલ અંડર-૧૭ વર્લ્ડ કપમાં મિકેલે પોતાની એક આગવી ઓળખ ઊભી કરી હતી.

અંડર-૧૭ વર્લ્ડ કપના ઈતિહાસમાં ઓસ્ટ્રેલિયાની ટીમ ૧૨ વખત ક્વોલિફાઇ થઈ ચૂકી છે જે બ્રાઝિલ અને અમેરિકા ૧૫-૧૫ વખત બાદ બીજા સ્થાને આવે છે. આમ છતાં ઓસી. ટીમ આ વખતે ક્વોલિફાઈ થવામાં નિષ્ફળ રહી છે. ૧૯૯૯માં ન્યૂઝીલેન્ડમાં યોજાયેલ આ વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયા ઉપવિજેતા રહ્યું હતું જે એશિયામાં ઈરાન બાદ ઓસ્ટ્રેલિયાની ફૂટબોલ ટીમનો દબદબો જોવા મળે છે પરંતુ આ વર્ષે તેમને આ ટૂર્નામેન્ટના ક્વોલિફાઈંગ રાઉન્ડમાં ખાસ સફળતા મળી નહોતી. બે વખતનું વર્લ્ડ ચેમ્પિયન અને ફૂટબોલ વર્લ્ડને મેરેડોના અને મેસ્સી જેવા બે મહાન ફૂટબોલરની ભેટ આપનાર આર્જેન્ટિનાની ટીમ આ વર્ષે યોજાનાર ચેમ્પિયનશિપ માટે ક્વોલિફાઈ થવામાં નિષ્ફળ રહી છે. અંડર-૧૭ વર્લ્ડ કપના ઈતિહાસમાં ક્યારેય ચેમ્પિયન ન બનનારી આર્જેન્ટિનાની ટીમ ત્રણ વખત આ ટૂર્નામેન્ટમાં ત્રીજા સ્થાને રહી હતી. ઉરૂગ્વેની જેમ આર્જેન્ટિનાને પણ ક્વોલિફાઈંગ રાઉન્ડમાં એક મેચમાં જીત અને ત્રણ મેચમાં હારનો સામનો કરવો પડયો હતો.

## બુમરાહ ભારતનો ટી-૨૦નો બીજો સૌથી સફળ બોલર

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રાંચીમાં રમાયેલ પહેલી ટી ટવેન્ટી મેચમાં ટીમ ઈન્ડિયાનો નવ વિકેટે વિજય થયો છે.વનડે સીરીજ જીત્યા બાદ ટીમ ઈન્ડિયાએ પહેલી ટી ટવેન્ટી પણ પોતાના નામે કરી લીધી છે. આ મેચમાં ભારતીય બોલરોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું લરસાદને કારણે ઓસ્ટ્રેલિયાના ૧૧૮ રન આઠ વિકેટે થયા હતાં. ખાસ કરીને આ મેચ જસપ્રીત બુમરાહ માટે વિશેષ રહી હતી. બુમરાહે એક જ ઓવરમાં બે વિકેટ લઈ રવિચંદ્રન અશ્વિન બાદ ભારત માટે સૌથી વધુ વિકેટ ટી ટવેન્ટીમાં લેનાર બીજો બોલર બની ગયો છે.

બુમરાહે સીનિયર બોલર આશીષ નહેરાની ૩૪ વિકેટોના રેકોર્ડને પાછળ પાડી આ સિધ્ધિ હાંસલ કરી નહેરાએ ૨૬ ટી ટવેન્ટી મેચોમાં કુલ ૩૪ વિકેટ લીધી છે. જયારે બુમરાહે ૨૬ મેચોમાં ૩૬ વિકેટ લીધી છે. બુમરાહ ટીમ ઈન્ડિયાનો સૌથી સફળ ડેથ ઓવર બોલર બની ગયો છે પરંતુ ૪૬ મેચોમાં ૫૨ વિકેટોની સાથે અશ્વિન પહેલા સ્થાને રહ્યો છે રાંચીમાં રમાયેલ પહેલી ટી ટવેન્ટીમાં શરૂઆતી સ્પેલમાં બુમરાહને સફળતા મળી નથી પરંતુ ડેથ ઓવરોમાં તેણે બે મોટી વિકેટ લીધી હતી. બુમરાહે ૧૮મી ઓવરમાં પહેલી જ બોલ પર ટિમ પેનને બોલ્ડ આઉટ કર્યો અને ત્યારબાદ ચોથી ઓવરમાં નવી બેટસમેન નેથન કુલ્ટર નાઈલને પણ આઉટ કર્યો હતો. આમ બુમરાહે ત્રણ ઓવરમાં ૧૭ રન આપી બે વિકેટ લીધી હતી.

### ટી-૧૦ લીગ

અનુસંધાન પાના નં.૫ નું ચાલું

લાયન્સ અને બાંગ્લા ટાઈગર્સ ટીમને શ્રીલંકા અને બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના અધિકારી મળીને મેનેજ કરશે.

લીગમાં ૨૫ ખેલાડીઓની હરાજી આઈપીએલની તર્જ પર કરાશે. ડ્રાફ્ટમાં શામેલ થવા માટે ડેડલાઈન ૨૫ ઓક્ટોબર રાખવામાં આવી છે. ઓક્શન દુબઈમાં થશે.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................

માતા : ........................જ.તા. .................ઉ.વ.

પરિચય: ..................................................

સરનામુ : ..................................................

મોકલનારની સહી : ..........................................

## સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૪૦૨૦૦-૪૦૫૦૦**
રૂપુ કાચું ૪૦૩૦૦-૪૦૫૦૦
સોનુ તોલો ૩૦૨૦૦-૩૦૫૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૦૦૦**
પામોલીન ૯૯૦
સોયા રીફાઈન ૧૨૫૦
રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૨૦
સીંગતેલ૧૫ કી. ૧૫૪૦
સીંગતેલ ૧૫ લી.૧૪૭૦
સીગતેલ ૫ લી. ૪૬૦
તિરૂપતી કપા. ૧૧૬૦
૫ લીટર ૩૮૮
વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦
કોપરેલ ૧૫ કિલો ૨૨૦૦-૨૬૦૦
૫ કે. કોપરેલ૯૬૦
૫લી. અંકુર સીંગતેલ ૪૪૬
**૧૫ લીટર સનફલાય ૧૧૮૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૨૦
૫ લી. ૩૭૦
૨ લી. ૧૫૭
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
ગેટવે પ્રીમીયમ ૬૫૦૦
ગેટ વ. રોયલ ૫૫૦૦
ગેટવે રેગ્યુલર૫૦૦૦
ગેટવે રીઝાના૪૫૦૦
ગેટવે એવરેડી૪૦૦૦
ગેટવે ડેઈલી ૩૫૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
દુન તીબાર ૫ કી.૮૨૦૦
દુન તીબાર ૧ કી.૮૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૮૦૦
મગદાળ નર્મદા સુપર ૫૭૦૦
નર્મદા મગ મોગર ૬૫૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૫૦૦
નર્મદા અડદદાળ ૭૦૦૦
દુન દેહરાદુન દુબાર જુના ૭૦૦૦
દુન દહેરાદૂન મીની દુબારજુના ૫૦૦૦
દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦
દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦
દુન કણકી જુની ૩૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
દાવત સીલેકટનવા ૮૮૦૦
દાવત સુપર જુના ૧૧૦૦૦
દાવત દીલખુશ નવા ૭૫૦૦
દાવત દીલખુશ જુના ૬૫૦૦
દાવત દુબાર જુના ૭૦૦૦
દાવત રોઝાના જુના ૫૫૦૦
દાવત ૭૦ જુના ૪૩૦૦
દાવત ૬૦ મીની જુના ૩૫૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૮૫૦૦
હેરીટેજ તીબાર ૭૮૦૦
હેરીટેજ દુબાર ૬૦૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૦૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૯૦૦-૩૯૫૦**
**ખાંડ એમ. ૪૦૦૦-૪૦૮૦**
ખાંડએલ. ૪૦૫૦-૪૫૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૭૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૮૬૦
મેંદો ૮૬૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૪૪૦૦
ખાંડ બુરૂ ૪૪૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૩૦૦
સુકી ડુંગળી ૩૦૦-૭૦૦
લસણ ૭૦૦-૮૦૦
ધાણા ૧૦૦૦-૧૨૦૦
મરચાં ૩૦૦-૫૦૦
લીંબુ ૭૦૦-૮૦૦
અડવી પત્તા ૩૦૦-૪૦૦
આદુ ૭૦૦-૮૦૦
રીંગણ ૭૦૦-૮૦૦
ટામેટા ૩૦૦-૪૦૦
ભીંડા ૫૦૦
કોબી ૬૦૦
વટાણા ૯૦૦-૧૧૦૦
ટીંડસા ૬૦૦
ગવાર ૮૦૦-૯૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૪૦
ચોળી ૮૦૦
તુરીયા ૩૦૦

## કરણનગર નર્મદા કેનાલમાંથી બે પ્રેમીપંખીડાંની લાશ મળી

કડી

કડીના કરણનગર વાય જંકશન નર્મદા કેનાલમાંથી સોમવારે બપોરે એકબીજાને દુપટ્ટાથી બાંધેલી હાલતમાં લાશ મળી આવી હતી. આ પ્રેમીપંખીડાં કલોલના પ્રતાપપુરા ગામના હોવાની ઓળખ થઈ હતી. પ્રતાપપુરાના ઠાકોર સોનાજી મણાજીની ભત્રીજી લક્ષ્મીબેનનાં લગ્ન ૪ માસ અગાઉ ચરાડુ ગામે થયા હતા. જે કાકાના ઘરે ગરબાનો પ્રસંગ હોઈ પિયર આવી હતી. રવિવારે તે ઘરે ન જણાતાં પરિવારજનોએ શોધખોળ આદરી હતી. ગુમ થયા અંગે કલોલ પોલીસમાં જાણ કરાઇ હતી. સોમવારે સવારે કડીના કરણનગર વાય જંકશન કેનાલમાં એક લાશ તરતી હોવાનું જાણવા મળતાં તેઓ કેનાલે પહોંચી કડી પોલીસને જાણ કરી હતી. પોલીસે તરવૈયાઓની મદદથી લાશ બહાર કાઢતાં લક્ષ્મીબેનની સાથે ગામના યુવકની દુપટ્ટાથી બાંધેલી બીજી લાશ પણ હતી. બંને વચ્ચે પ્રેમસંબંધ હોઈ આપઘાત કર્યાનું મનાય છે. પોલીસે લાશનું કડી હોસ્પિટલમાં પીએમ કરાવ્યું હતું. આ અંગે પોલીસે અકસ્માત મોત અન્વયે નોંધ કરી છે.

## ધનસુરાના હિન્દુપુરાના વળાંકમાં કાર પલટી જતાં એકનું મોત થયું

હિંમતનગર

ધનસુરાના શિકા પાસે કાર પલટી જતા આધેડનુ મોત થયું હતુ. જ્યારે એક ગંભીર હાલતમાં છે. હિન્દુપુરા પાટીયા પર બનાવેલ ગટરના લીધે વારંવાર આવા અકસ્માત બને છે. વારંવાર તંત્રને રજૂઆત કરવા છતાં પરિણામ શૂન્ય છે. આખા વળાંકમાં રીફ્લેક્ટરનો અભાવ પણ છે. કાર ચાલકે સ્ટેયરિંગ પરનો કાબુ ગુમાવતા કાર પલટી ખાઈ ગઈ હતી. ૧૦૮ મારફતે ઈજાગ્રસ્તને ધનસુરા હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.

## વડાલીમાં ગૌરવયાત્રા આવવાની ન હોવા છતાં પાસના ૩ કન્વીનરોને નજર કેદ રખાતાં રોષ

વડાલી

ગુજરાતની ગૌરવયાત્રા વડાલી તાલુકા કે શહેરમાં સોમવારે આવવાની ન હોવા છતાં પાસના ૩ કન્વીનરોને જવાબદાર તંત્ર દ્વારા નજરકેદ કરી ૮ કલાક પોલીસ સ્ટેશનમાં ગોંધી રાખ્યા હતા. તાલુકામાં કોઈ કાર્યક્રમના હોવા છતાં પાસ કન્વીનરોને ગોંધી રાખતા પાટીદારોમાં રોષ ફેલાયો છે. રાજ્ય સરકાર દ્વારા વિકાસની ગાથા લોકો સમક્ષ રજૂ કરવા ગૌરવયાત્રા કાઢવામાં આવી છે. જે યાત્રા સોમવારે અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી. જે યાત્રાનો જિલ્લાના વડાલી શહેર કે તાલુકામાં પ્રવેશ થવાનો ન હતો. તેમ છતાં વડાલી તાલુકા પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર રમેશભાઈ અમાભાઈ પટેલ, દીપકભાઈ પ્રભુભાઈ પટેલ, રાજેન્દ્રભાઇ અમીચંદભાઈ પટેલને પોલીસ તંત્ર દ્વારા ૧૨ વાગ્યાથી વડાલી પોલીસ સ્ટેશનમાં બોલાવી નજરકેદ કરી દીધા હતા.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | ડીસા | ઈસ. | ૧૮૦૦-૧૯૫૭ |
| એરંડા | ૮૮૨-૮૯૧ | ચીકુડી | ૬૦૧-૭૮૧ |
| રાયડો | ૬૨૫-૬૪૦ | બાજરી | ૨૨૧-૨૩૮ |
| બાજરી | ૨૨૫-૨૫૦ | મગ | ૮૭૦-૮૬૯ |
| રાજગરો | ૭૫૯-૭૯૫ | | રાહ |
| મગ | ૬૫૧-૮૯૧ | બાજરી | ૨૩૦-૨૬૦ |
| મઠ | ૭૨૫ | રાયડો | ૬૪૦-૬૫૫ |
| તલ | ૧૧૭૦ | ચીકુડી | ૭૦૦-૭૫૦ |
| અડદ | ૬૦૯-૮૧૦ | એરંડા | ૮૭૦-૮૮૦ |
| | પાલનપુર | | વડગામ |
| એરંડા | ૮૭૬-૮૯૦ | બાજરી | ૨૧૧-૨૨૦ |
| ઘઉં | ૩૦૦-૩૬૧ | એરંડા | ૮૭૫-૮૮૮ |
| બાજરી | ૧૮૮-૨૪૮ | | થરા |
| મગફળી | ૫૦૦-૮૯૩ | જીરૂ | ૩૦૦૦-૩૫૦૦ |
| રાજગરો | ૬૫૧-૮૧૩ | એરંડા | ૮૯૨-૮૯૮ |
| રાયડો | ૬૩૦-૬૪૪ | રાયડો | ૬૩૫-૬૫૦ |
| એરંડા | ૮૮૫-૯૦૦ | ગવાર | ૬૪૫-૬૭૫ |
| | લાખણી | ઘઉં | ૩૦૬-૩૨૨ |
| એરંડા | ૮૬૫-૮૯૦ | બાજરી | ૨૨૦-૨૩૬ |
| રાયડો | ૬૨૧-૬૪૨ | મગ | ૮૧૦-૯૦૦ |
| બાજરી | ૨૨૧-૨૩૫ | ચણા | ૧૦૦૦-૧૦૩૨ |
| ર.બાજરી | ૨૭૧-૩૧૬ | અડદ | ૫૫૦-૬૧૦ |
| ચીકુડી | ૭૨૬-૮૦૨ | | પાટણ |
| ગવાર | ૬૮૬-૬૯૦ | જીરૂ | ૨૫૬૦-૩૩૧૫ |
| તલ | ૧૧૫૦-૧૨૨૫ | એરંડા | ૮૬૫-૯૦૧ |
| | ધાનેરા | તલ | ૧૦૫૦-૧૨૪૦ |
| ઘઉં | ૨૯૧ | વરી. | ૭૦૦-૧૦૦૦ |
| બાજરી | ૨૨૫-૨૬૫ | સુવા | ૭૦૦-૮૪૭ |
| મગ | ૮૧૦-૯૩૧ | મેથી | ૩૬૦-૪૬૬ |
| ચોળા | ૬૦૦-૯૪૨ | રાયડો | ૬૦૮-૬૬૧ |
| ગવાર | ૬૩૯-૬૪૨ | અજમો | ૪૦૦-૭૬૦ |
| રાયડો | ૬૧૧-૬૭૬ | ગવાર | ૬૬૦-૭૦૭ |
| એરંડા | ૮૭૫-૮૮૭ | ઘઉં | ૩૦૫-૩૪૯ |
| ઈસ. | ૧૩૦૦-૧૯૮૫ | જવ | ૩૧૫-૩૫૭ |
| તલ | ૧૧૫૦-૧૨૬૦ | અડદ | ૫૫૦-૮૨૫ |
| મેથી | ૫૧૩-૫૨૮ | મગ | ૬૭૨-૮૦૦ |
| સુવા | ૭૦૦-૮૩૫ | ચોળા | ૩૦૦-૪૫૧ |
| રાજગરો | ૭૨૫-૭૬૧ | બાજરી | ૧૯૦-૨૪૮ |
| અજમો | ૪૫૬-૮૪૦ | બંટી | ૩૦૦-૩૨૩ |
| જીરૂ | ૨૫૦૦-૩૧૦૦ | | સિદ્ધપુર |
| રજકો | ૨૦૨૫ | રાયડો | ૬૦૧-૬૪૮ |
| અન્ય | ૫૫૬-૮૦૦ | એરંડા | ૮૭૦-૮૯૯ |
| | થરાદ | મગ | ૫૫૦-૭૪૩ |
| એરંડા | ૮૭૦-૮૯૩ | અડદ | ૬૪૩-૮૭૫ |
| રાયડો | ૬૩૫-૬૭૦ | ગવાર | ૬૨૬-૭૦૦ |
| મેથી | ૪૫૧-૫૦૦ | ચોળા | ૪૧૦-૭૦૬ |
| ગવાર | ૬૮૨-૭૦૦ | ઘઉં | ૩૦૫-૩૭૦ |
| અજમો | ૬૫૦-૧૦૦૦ | બાજરી | ૧૮૦-૨૫૭ |
| જીરૂ | ૨૯૦૦-૩૫૦૧ | જવ | ૩૩૫-૪૧૭ |

## સગીરા સાથે આડા સંબંધના વહેમમાં સિમલીયા ગામના યુવાનને માર મારતા મોત નિપજ્યું

હિંમતનગર

તલોદ તાલુકાના સિમલીયા ગામના યુવાનને કેટલાક ઈસમોએ આશંકાના હિસાબે ઢોર માર મારીને વેરાન વગડામાં છોડી દેતાં અને ત્યારબાદ બેભાન હાલતમાં ઈજાગ્રસ્ત યુવાનને અમદાવાદ સિવીલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવેલ પરંતુ ગંભીર ઈજાઓના કારણે ક્ષત્રિય યુવાનનું સારવાર દરમ્યાન મોત થતાં આ વિસ્તારમાં ચકચાર મચી જવા પામેલ છે.

યુવાનની અંતિમ યાત્રા સિમલીયા ખાતે નિકળતાં ગામમાં તંગદિલીભર્યો માહોલ છવાયો હતો. જેથી તલોદ પોલીસ દ્વારા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

જાણવા મુજબ સિમલીયાના જસવંતસિંહ નેનસિંહ ચૌહાણના પુત્ર કુલદિપને ગામના જ ક્ષત્રિય પરિવારની એક સગીરા સાથે આડા સંબંધો હોવાની આશંકા દિકરીના માવતર પક્ષે ઉદભવી હતી. જેથી ૧૦ દિવસ પહેલા દિકરીના પિતા- કાકા વગેરેએ કુલદિપને બહાર લઈ જઈ માર મારીને ધમકી આપી હતી અને જો નહિં સુધરે તો ઢીમ ઢાળી દેવાની ધમકી આપી હોવાનું પોલીસ દફતરે નોંધાયું હતું. બાદમાં બુધવારે ગામની દૂધ મંડળી આગળથી કુલદિપને ગામના જ જીતેન્દ્રસિંહ જસવંતસિંહ તથા અન્ય ઈસમો બાઈક ઉપર લઈ ગયા હતા અને સલાટપુરની બાવળની ઝાડીમાં લઈ જઈ સખ્ત માર માર્યો હતો.

ત્યારબાદ બેભાન જેવી હાલતમાં તેને ત્યાં જ છોડી દઈ આરોપીઓ ફરાર થઈ ગયા હતા.બાદમાં ગત શનિવારે કુલદિપને અમદાવાદ સિવીલ માં સારવાર માટે રિફર કરવામાં આવ્યો હતો. જ્યાં તેનુ સારવાર દરમ્યાન મોત થયું હતું. બાદમાં રવિવારે પેનલ ડૉક્ટર દ્વારા પી.એમ. કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ ગામમાં તેનો મૃતદેહ લાવવામાં આવતા લોકોમાં રોષની લાગણી ઉદભવી હતી. કુલદિપની હત્યામાં પાંચ આરોપીઓના નામો પોલીસ સ્ટેશને નોંધાવામાં આવ્યા છે. આરોપી બે ત્રણ દિવસથી ફરાર થઈ ગયા હોવાનું મનાય છે.

## બહુચરાજીનો ઓટોમોબાઈલ હબ તરીકે વિકાસ થયો છે : નિતિન પટેલ

### મોઢેરામાં ગૌરવયાત્રાનું સ્વાગત



પ્રતિનિધિ ચાણસ્મા

રાજયમાં નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલની આગેવા નીમાં કરમસદથી નિકળેલી ગુજરાત ગૌરવયાત્રા મંગળવારે સાંજના મહેસાણાથી નિકળી બહુચરાજી વિદ્યાનસભાના મોઢેરા ખાતે આવી પહોંચતાં સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે યોજાયેલી જનસભાને સંબોધતાં નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલે જણાવ્યું કે, બહુચરાજી વિસ્તારમાં મારૂતિ, હોન્ડા સહિતની કંપનીઓ આવતાં ઓટોમોબાઈલ હબ તરીકે વિકાસ થયો છે, જેના દ્વારા આ વિસ્તારના યુવાનોને ઘરઆંગણે રોજગારીની તકો ઉપલબ્ધ છે.

મહેસાણાથી નિકળેલી ગુ-જરાત ગૌરવયાત્રા મોટપ ગામે પહોંચતાં સ્વાગત કરાયા બાદ બાઈકરેલી સાથે મોઢેરા ખાતે આવી પહોંચી હતી. જ્યાં ભાજપના કાર્યકરો દ્વારા સ્વાગત સામૈયું કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય રજનીભાઈ પટેલ, સાંસદ જયશ્રીબેન પટેલ, પૂર્વમંત્રી ગોરધન ઝડફીયા પ્રદેશ મહામંત્રી કે.સી.પટેલ, જિલ્લા પ્રમુખ નિતિનભાઈ પટેલ, બહુચરાજી માર્કેટ યાર્ડના ચેરમેન વિઠ્ઠલભાઈ લાટીવાળા સહિતના મહા નુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પેટ્રોલપંપની સામે યોજાયેલી સભાને સંબોધતાં નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે જણાવ્યું કે, એક સમયે પછાત ગણાતા બહુચરાજી વિસ્તારમાં મારૂતિ અને હોન્ડા સહિત અનેક કંપનીઓ આવી છે, જેના કારણે જે જમીન રૂા. ૨૫ હજારમાં વિઘો લેવા કોઈ તૈયાર ન હતું તે જમીન આજે રૂા. ૨૫ થી ૩૦ લાખે આપવા કોઈ તૈયાર નથી. યુવાનોને ઘરઆંગણે રોજગારી મળતાં શહેરમાં સ્થાળતર અટકયું છે. ભાજપ સરકારે તેના ૨૨ વર્ષના શાસનમાં ૨૪ કલાક વિજળી, આરોગ્ય ક્ષેત્રે મા અમૃતમ યોજના સહિતની અનેક યોજનાઓ અમલી બનાવી છે. નર્મદાનાં પાણી આવતાં આ વિસ્તારની કાયાપલટ થઈ છે. આ પ્રસંગે અન્ય મહાનુભા વોએ પ્રાસંગિક ઉદ્દ્બોધનમાં સરકા રની યોજનાઓના ગુણગાન ગાયાં હતા.

## મેઘરજ તાલુકાના ૧૦ ગામોમાં વીજ ચોરી સંદર્ભે વ્યાપક દરોડા

મોડાસા

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકામાં યુજીવીસી એલ. ડીવીઝન દ્વારા તાલુકામાં દસ જેટલા ગામડાઓમાં થયેલી વીજચોરી અંગે વ્યાપક પ્રમાણમાં દરોડાઓ પાડી રૂા. એક લાખની વીજ ચોરી ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જાણવા મળતી વિગતો મુજબ મેઘરજ તાલુકામાં જીઈબીને મળેલી બાતમીના આધારે તાલુકામાં વ્યાપક પ્રમાણમાં વીજચોરી થઈ રહી છે. તેના આધારે મેઘરજ, માલપુર, મોડાસા, ટીંટોઈ સહિતના ગામોમાં જીઈબીના અધિકારીઓ, ઈન્સ્પેકટરો, કર્મચારીઓએ તાલુકાના ઝેરડા ધનીપાડા અને ભેમાપુરા ખાતે વીજ ચોરી અંગે દરોડા પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

## રાધનપુરમાં વિકાસ ફૂંફાડા મારે છે, શુક્રવારે તાલુકા પંચાયત બિલ્ડિંગનું લોકાર્પણ

### એસ.ટી.સ્ટેન્ડનું લોકાર્પણ અને ગૌરવપથના નવીનીકરણ બાદ નવું નઝરાણું



રાધનપુર

રાધનપુર શહેરમાં થોડાક સમય પહેલા ઉબડ-ખાબડ રસ્તાઓ અને બિસ્માર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સોશિયલ મીડિયા ઉપર વિકાસ ગાંડો થયો છે ને ભરમાર ચાલી હતી જેનાથી સત્તાધીશો પરેશાન થઇ ગયા હતા, અને ફટાફટ વિકાસલક્ષી કાર્યોને વેગ આપ્યો હતો, પાલિકા દ્વારા શહેરના તમામ રસ્તાઓ નવા કરવા માટે કમર કસી હતી અને કામ ચાલુ કરાવી દીધા હતા, આ ઉપરાંત રૂ.૭૫ કરોડના ખર્ચે ગૌરવપથના નવીની કરણની કામગીરી હાથ ધરીને વિકાસ ગાંડો થયો છે કહેવાવાળાના મોં ઉપર તાળું મારી દીધું હતું, ત્યારબાદ નવીન એસ.ટી. સ્ટેન્ડનું લોકાર્પણ કરીને વધુ એક યશકલગી ઉમેરી હતી, હવે તાલુકા પંચાયતના નવીન બિલ્ડિંગનું લોકાર્પણ તા.૧૨ ઓક્ટોબરના દિવસે રાજ્ય સરકારના મંત્રી દિલીપજી ઠાકોરના વરદહસ્તે રાખવામાં આવેલ છે, ત્યારે એવું લાગી રહ્યું છે કે રાધનપુર શહેરમાં વિકાસ નાગરાજની જેમ ફૂંફાડા મારી રહ્યો છે. વિધાનસભાની ચૂંટણીની આચારસંહિતા લાગી જાય ત્યાં સુધી જેટલા શક્ય હોય તેટલા કામોને લોકો સુધી પહોંચાડી દેવાની નેમ હોય તેમ લાગી રહ્યું છે.

## રાધનપુરમાં ચોરીઓના મામલે જડબેસલાખ બંધ






રાધનપુર

રાધનપુર શહેરમાં જાહેરમાર્ગો ઉપર આવેલી દુકાનોમાં થઇ રહેલી ચોરીઓના મામલે વેપારી ઓએ રાજ્યના મંત્રી કેશાજી ચૌહાણને આવેદન આપ્યા બાદ પણ કોઈ જ કાર્યવાહી ના થતા વેપારીઓનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો હતો અને સોમવારે પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપીને શહેરમાં બે જ મહિનામાં ૧૭ દુકાનોમાં ચોરી થવા છતાં કાર્યવાહી ના થતી હોઈ મંગળવારે રાધનપુરના તમામ બજારો બંધ રાખવાની અને પ્રાંત કચેરીએ ધરણાં ઉપર બેસવાની જાણ કરી હતી, જે રજૂઆતના પગલે મંગળવારે સવારથી જ શહેરના તમામ બજારો બંધ રહ્યા હતા અને વેપારીઓએ ટાવર પાસેથી વિશાળ સંખ્યામાં ભેગા થઈને રેલી સ્વરૂપે પ્રાંત કચેરીએ જઈને ધરણાં આદર્યા હતા, જેથી તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી અને પોલીસ ઈન્સ્પેક્ટર ડી.એચ. ઝાલા પ્રાંત કચેરીએ દોડી આવ્યા હતા અને પ્રાંત અધિકારી એસ.ડી. ગિલવાની ઉપસ્થિતિમાં વેપારીઓના પ્રતિનિધિઓને ચેમ્બરમાં બોલાવીને રજૂઆતો સાંભળી હતી, જેમાં વેપારી એસોસિયેશનના પ્રમુખ મહેશભાઈ અદા, પ્રકાશભાઈ દક્ષિણી, પ્રવીણ ભાઈ મહાલક્ષ્મી, દિપકભાઈ ખમાર, રાજુભાઈ વનજાની, મનુભાઈ પરિવાર, વશરામ ભાઈ ચૌધરી સહીત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને રજુઆત કરી હતી કે શહેરમાં થતી ચોરીઓ તાત્કાલિક અટકાવો,રાત્રે પોલીસ રાઉન્ડ વધારો, જે ચોરીઓ થઇ છે એના ગુનેગારોને તાત્કાલિક પકડીને જેલના સળિયા પાછળ ધકેલી દો તેમજ ચોરી થાય તો તેની પોલીસ ફરિયાદ દાખલ કરો, જે સંદર્ભે પ્રાંત અધિકારી એસ.ડી.ગિલવાએ તમામ માંગણીઓ બાબતે યોગ્ય કરવાની ખાતરી ઉચ્ચારી હતી, ત્યારબાદ બહાર ધરણાં ઉપર બેસેલા વેપારીઓને પણ બહાર આવીને યોગ્ય કરવાની ખાતરી આપી હતી,અને ધરણાં અટકાવીને દુકાનો ખોલી નાખવા અપીલ કરી હતી, વેપારીઓના પ્રતિનિધિ પ્રકાશભાઈ દક્ષિણી અને વેપારી એસોસિયેશનના પ્રમુખ મહેશભાઈ અદાએ પણ દુકાનો ખોલી નાખવા અપીલ કરતા દિવાળીના તહેવારોને લક્ષમાં લઈને વેપારીઓએ બપોર બાદ દુકાનો ખોલી નાખી હતી.

### પ્રાંત અધિકારીએ શું કહ્યું ??

પ્રાંત કચેરીએ ધરણાં ઉપર બેઠેલા વેપારીઓના પ્રતિનિધિ ઓને પ્રાંત અધિકારી એસ.ડી.ગિલવાએ વેપારીઓની માંગો અંગે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી ઉચ્ચારી હતી,અને શહેરમાં પોલીસ સ્ટાફ ઓછો હોય તો જિલ્લામાં અન્ય જગ્યાએથી પોલીસ જવાનો લાવીને વહેલી સવારે છ વાગ્યા સુધી શહેરમાં રાઉન્ડ લગાવવાની ખાતરી આપી હતી,આ ઉપરાંત વેપારીઓને તેમણે જણાવ્યું હતું કે દુકાનોની બહાર જો સી.સી.ટી.વી.કેમેરા લગાવવામાં આવે તો અઘટિત ઘટનામાં પોલીસને મદદરૂપ થઈ શકે છે,

### વેપારીઓએ કહ્યું વી વૉન્ટ રિજલ્ટ

પ્રાંત અધિકારી સાથેની બેઠકમાં વેપારીઓએ કડક ભાષામાં વાત કરી હતી અને કહ્યું હતું કે વી વોન્ટ રિજલ્ટ એટલે કે અમને પરિણામજોઈએ, જેણે પણ ચોરીઓ કરી હોય તેને ઝડપી પાડો, અને પોલીસ તંત્રએ પણ પોતાની હાક બેસાડવી જરૂરી છે, રાત્રે કોઈ પણ બહાર ફરતું હોય તો એને પૂછપરછ કરો અને શંકા જાય તો પગલાં લો,જ્યાં સુધી પોલીસ કડક નહિ થાય ત્યાં સુધી રિજલ્ટ નહિ મળે, જો કે પ્રાંત અધિકારીએ વેપારીઓ અને લોકોને પણ જાગૃત થવા ઉપર ભાર મુક્યો હતો.

## વિસનગરની ૯ લાખની આંગડિયા લૂંટમાં એલસીબીએ ૩ લુટારુ ઝડપ્યા

મહેસાણા

૧૫ દિવસ અગાઉ વિસનગરના બાજીપુરા પાસે આંગડીયા પેઢીના કર્મચારીને રિવોલ્વર બતાવી રૂ.૯ લાખની લૂંટ આચરનારા ૩ લુટારુઓને મંગળવારે મહેસાણા એલસીબી પોલીસે ઝડપી લીધા હતા. પોલીસ તપાસમાં આ ટોળકી પાલનપુર ગુનાને અંજામ આપવા જઈ રહી હોવાનું ખુલ્યું હતું. વિસનગર તાલુકાના બાજીપુરા ગામના નરેન્દ્રભાઈ જયંતિભાઈ પટેલ ગઇ ૨૫મી સપ્ટેમ્બરના રોજ વિજાપુરથી આંગડિયા પેઢીની રોકડ રકમ રૂ.૯ લાખ લઈ એકટીવા ઉપર સાંજે વતન બાજીપુરા આવી રહ્યા હતા. ત્યારે બાજીપુરા ગામની સીમમાં એકટીવાને કારની ટક્કર મારી રોકડ રકમની લુંટ કરી અજાણ્યા શખસો નાસી ગયા હતા. આ મામલે વિસનગર તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. આ ગુનાની તપાસ ચાલી રહી છે.

## મહેસાણામાં નર્સના નામે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાંથી ૨૦ લાખ લોન ઉપાડી છેતરપિંડી

મહેસાણાઃ ભાન્ડુની નર્સને જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાંથી લોન અપાવવાનું કહીને લીધેલા ડોક્યુમેન્ટ આધારે બેંકમાંથી રૂ.૨૦ લાખની હોમલોન ઉપાડી લીધી હોવા અંગે મહેસાણા બી ડિવિજન પોલીસ સ્ટેશનમાં બેંક મેનેજર સહિત ૩ વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવાઈ છે.

મૂળ પાટણ તાલુકાના માતપુરના અને હાલમાં ભાન્ડુ આરોગ્ય કેન્દ્રમાં નર્સ તરીકે ફરજ બજાવતાં ચંદ્રીકાબેન પટેલે પતિ પાસે કોઇ કામ ન હોઇ ગૃહઉદ્યોગ માટે લોન લેવા તજવીજ કરી હતી. જેમાં તેમની સાથે કામ કરતા કર્મચારીએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં તેમનો ભાણિયો કામ કરતો હોઇ મળવા કહ્યું હતું. જેના મારફતે તેઓ ૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૬માં અતુલ ભાઈ હસમુખભાઈ બારોટના સંપર્કમાં આવતાં તેણે રૂ.૩ લાખની લોન અપાવવાની વાત કરી પગાર સ્લીપ, પાનકાર્ડ સહિતના દસ્તાવેજો લીધા હતા. એક વર્ષ બાદ તેમના ઘરે હોમલોનના હપ્તા ભરવા સંબંધે મહેસાણાની વિજ્યા બેંકમાંથી નોટિસ આવતાં તપાસ કરતાં અતુલભાઇએ લીધેલા ડોક્યુમેન્ટ આધારે વિજાપુરના માઢીના બીપીન ગીરધરભાઇ પટેલે વિજયા બેંકના મેનેજર સાથે મળી રૂ.૨૦ લાખની હોમલોન લઇ લીધી હોવાનું ખુલ્યું હતું. આથી ચંદ્રિકાબેન પટેલે મહેસાણા બી ડિવિજન પોલીસ સ્ટેશનમાં શહેરના સહારા ટાઉનશીપમાં રહેતા અતુલ હસમુખભાઇ બારોટ, માઢીના બીપીન ગીરધરભાઇ પટેલ અને વિજયા બેંકના તત્કાલીન મેનેજર વિરુદ્ધ છેતરપિંડી અંગે ફરિયાદ નોંધાવી છે.

## મહેસાણામાં સાસુથી ત્રસ્ત ગર્ભવતી મહિલા એકસાથે ૨૦ ગોળી ગળી ગઇ

મહેસાણા

સાસુથી કંટાળી ગર્ભવતી મહિલાએ એકસાથે ૨૦ ગોળીઓ ગળી લેતાં સારવાર માટે મહેસાણા સિવિલમાં ખસેડાઇ હતી. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધ્યો છે. મહેસાણાની દેલા વસાહતમાં રહેતા સતનામસીગ રામસીગ શીખના લગ્ન ૪ મહિના પૂર્વે જગજીતકૌર ઉર્ફે જસમીત સાથે થયાં હતાં. લગ્નના ગણતરીના દિવસોમાં જ સાસુ ઘરકામ બાબતે અવારનવાર બોલાચાલી કરી ત્રાસ આપતા હતા અને દહેજમાં પિતાએ કંઇ આપ્યું નથી. ઘરખર્ચ ચલાવવા દર મહિને પિયરમાંથી રૂ.૧૦ હજાર લઇ આવવા દબાણ કરીને માનસિક અને શારીરિક ત્રાસ આપતા હતા.

પેટમાં ૩ મહિનાનો ગર્ભ હોઇ તમામ ત્રાસ મૂંગા મોઢે સહન કરતી હતી. રવિવારે સવારે ૧૦ વાગે સાસુએ કરેલી દહેજની માંગણીથી કંટાળી પેટમાં દુઃખાવાની ૨૦ જેટલી ગોળીઓ ગળી જતાં તાત્કાલિક સારવાર માટે સિવિલમાં લવાઇ હતી.

# ગરીબ કલ્યાણ મેળા ૧૦મો તબક્કો

## તા.૧૨, ૧૩ અને તા.૧૪મી ઓક્ટોબર-૨૦૧૭ના રોજ

## ૩૩ જિલ્લાઓમાં ૩૯ ગરીબ કલ્યાણ મેળાઓ યોજાશે





## ગરીબ કલ્યાણ મેળા-૧૦મા તબક્કાનું નક્કર આયોજન



- નવ તબક્કામાં યોજાયેલ ૧૪૫૩ ગરીબ કલ્યાણ મેળાઓ થકી ૧.૧૯ કરોડ લાભાર્થીઓને રૂા.૨૦,૨૫૬.૨૩ કરોડની સહાય : જેમાં ૧૨.૪૨ લાખ અનુસૂચિત જાતિના, ૩૦.૭૯ લાખ અનુસૂચિત જનજાતિના તથા ૫૩.૮૯ લાખ મહિલા લાભાર્થીઓનો સમાવેશ
- તા.૧૨, ૧૩ અને તા.૧૪મી ઓક્ટોબર-૨૦૧૭ના રોજ ૩૩ જિલ્લાઓમાં ૩૯ ગરીબ કલ્યાણ મેળાઓ યોજાશે
- ૧૧૬ પ્રાંત, ૨૪૭ તાલુકા અને ૧૬૨ નગરપાલિકાઓ તથા ૮ મહાનગરપાલિકાનો સમાવેશ
- ગરીબ લાભાર્થીઓને એક જ દિવસે એક જ સ્થળે યોજનાકીય લાભ આપવાનું આયોજન
- સ્વરોજગાર માટે જુદી-જુદી ટુલકીટ-સાધનોની સહાય

**વચેટીયાઓનું વર્ચસ્વ થયું નાબૂદ : સહાય પહોંચી ઘરે ઘરે**

**છેવાડાના માનવીને ઘરઆંગણે જ સહાય આપવા માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ**
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત



શ્રી નરેન્દ્રભાઈ મોદી, પ્રધાનમંત્રી, ભારત

શ્રી વિજયભાઈ રૂપાણી, મુખ્યમંત્રી, ગુજરાત

## પંચાયત, ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ



શ્રી નરેન્દ્ર મોદી
વડાપ્રધાન, ભારત

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



શ્રી વિજય રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

### ગુજરાતની સંવેદનશીલ સરકારના સક્રિય પ્રયત્નોથી
## કાપડ ઉદ્યોગના ફાઈબર - ફેબ્રીક - કપડાંના ઉત્પાદન/જોબવર્ક/વેપાર સાથે સંકળાયેલા
### નાના-લઘુ અને મધ્યમ (MSME) એકમોના પ્રશ્નોનું નિવારણ

### ઉત્પાદન સંલગ્ન એકમોને રાહતો

- યાર્ન, કાપડ અને રેડીમેડ ગારમેન્ટના ઉત્પાદનની તમામ પ્રક્રિયાઓ-જોબવર્ક ઉપર વેરાનો દર ૧૮% થી ઘટાડીને ૫% કરવામાં આવેલ છે.
- આંતરરાજ્ય જોબવર્ક કરનારને રૂા. ૨૦ લાખના ટર્નઓવર સુધી રજીસ્ટ્રેશનમાંથી મુક્તિ

| ચીજ-વસ્તુ | GSTના અગાઉના દર | GSTના નવા દર |
|---|---|---|
| માનવનિર્મિત રેશાના દોરા | ૧૮% | ૧૨% |
| તમામ કૃત્રિમ ફિલામેન્ટ યાર્ન, જેમ કે નાયલોન, પોલીસ્ટર, એક્રિલીક, વિસ્કોસ, રેયોન, ક્યુપ્રામોનિયમ વગેરે | ૧૮% | ૧૨% |
| માનવનિર્મિત સ્ટેપલ ફાઈબરના સિલાઈદોરા તથા યાર્ન | ૧૮% | ૧૨% |
| રિયલ જરી | ૧૨% | ૫% |
| સાડીફોલ | ૧૨% | ૫% |
| ક્વોડ્રોય ફેબ્રીક્સ | ૧૨% | ૫% |
| કટપીસ તથા રેડી-ટુ-સ્ટીચ ડ્રેસ મટીરીયલ્સ (કાપડ તરીકે ગણવા ઠરાવેલ છે.) | ૧૨% | ૫% |




### નિકાસકારો અને નાના કરદાતાઓને વિશેષ સવલત

- નિકાસ સાથે સંકળાયેલા એડવાન્સ ઓથોરાઈઝેશન (AA), એક્ષપોર્ટ પ્રમોશન કેપીટલ ગુડ્ઝ (EPCG), 100% EOU ધારકોને ઈમ્પોર્ટ તથા સ્થાનિક ખરીદી ઉપર વેરો ચૂકવવામાંથી મુક્તિ
- મર્ચન્ટ એક્ષપોર્ટર્સ હવે સ્થાનિક સપ્લાયર્સ પાસેથી ૦.૧% જેવા નજીવા દરે વેરો ચૂકવી નિકાસ અર્થે ખરીદી કરી શકશે
- નિકાસકારોને નિકાસ માટેની ચીજવસ્તુઓના ક્લીયરીંગ કરે ત્યારે તેમને બોન્ડ અને બેંકગેરંટીમાંથી મુકિત
- જુલાઈમાં નિકાસ અર્થે ચૂકવાયેલ IGSTના રિફંડની ચૂકવણી તા.૧૮-૧૦-૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે
- RCM ની કલમ-૯(૪) હેઠળની ખરીદી ઉપર વેરો ભરવાની જોગવાઈનો અમલ તા.૩૧-૦૩-૨૦૧૮ સુધી સ્થગિત રાખવાનું ઠરાવેલ છે.
- વાર્ષિક રૂા.૧.૫ કરોડ સુધીના ટર્નઓવર ધરાવતા કરદાતાઓને માસિકપત્રકો અને વેરો ભરવામાંથી મુક્તિ આપી જેથી પત્રક અને વેરો ત્રિમાસિક ધોરણે રહેશે, આમ છતાં મોટા વેપારીઓને માસિક ધોરણે વેરાશાખ ઉપલબ્ધ થશે

**ખુશખબર**

- ઉચ્ચકવેરાની યોજના વધુ આકર્ષક બનાવવા
- રેસ્ટોરન્ટ ઉપર વેરાના દર ઘટાડવા અને કર માળખું વધુ સરળ બનાવવા

**રાજ્યોના નાણાં મંત્રીઓની સમિતિ (GOM)ની રચના**

**સામાન્ય જનતાની સંવેદનાને અનુરૂપ બન્યો છે, સારો અને સરળ GST કાયદો - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી**

NATION TAX MARKET